
# યુગ શક્તિ ગાયત્રી

ફેબ્રુઆરી ૧૯૯૭






**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનુક્રમણિકા


૧. વિપ્ર-વંદના ૧
૨. આ અંકની આવશ્યકતા અને કારણો ૨
૩. યોગ દર્શનથી સંપૂર્ણ જીવન વ્યવહાર ૩
૪. આરત કાહ ન કરહિં કુકરમૂં ૬
૫. ઉપાસનાની બારાક્ષરી અને ઉચ્ચસ્તરીય સાધના મનુષ્ય માત્ર માટે આત્મકલ્યાણનું પથદર્શન ૭
૬. સંરક્ષકનો પ્રેમ - સેવકનો સૌથી મોટો વારસો ૧૧
૭. તેમના પ્રેમની પરાકાષ્ઠા હતી - વંદનીય માતાજી ૧૨
૮. પરમપૂજ્ય ગુરુદેવની ત્રણ આત્મબોધક કથાઓ ૧૪
૯. તેમના જીવન રથના બે ચક્ર - શૌર્ય અને ધીરજ ૧૭
૧૦. પૂ૦ ગુરુદેવ લેખ નહીં અંતઃકરણ લખતા હતા ૧૯
૧૧. લેખનકળાથી રચાયેલાં સ્મારકો અને દેવાલયો ૨૨
૧૨. પરમપૂજ્ય ગુરુદેવ હિન્દુ કન્યાઓના સંરક્ષક હતા ૨૩
૧૩. હું સંકટોથી હાર માની લઉં એ સંભવ નથી ૨૫
૧૪. ઉદ્યોગિનઃ પુરુષ સિંહૌ મુપૈતિ લક્ષ્મી ૨૭
૧૫. ક્ષુદ્રતા છોડ્યા સિવાય મોટપણ કેવી રીતે મળે ? ૨૯
૧૬. યજમાનનો જીવ દુભાય તેવું ન વર્તો ૩૧
૧૭. પહેલા સંકલ્પ પછી સંતાપ ૩૨
૧૮. મન ન રંગાય તો સંતે કપડાં રંગવાનો શો અર્થ ? ૩૩
૧૯. અઢી રત્તીભારનો ઉપકાર અને મનભરનો ઉપહાર ૩૪
૨૦. ગુરુદેવનો અંતિમ સંદેશ : બ્રહ્મકમલની ઉત્પત્તિ અને વિકાસ ૩૫
૨૧. અમે જીવનપર્યંત વાવ્યું અને લણ્યું ૩૯
૨૨. અવતારોની પરંપરા તથા દશમ [illegible] પ્રાક્ટ્ય ૪૫
૨૩. કાર્યકર્તા અમારી સૌથી [illegible] ૪૮


ઋષિ યુગ્મની પ્રાણ ઊર્જા આપણા રોમે રોમમાં વાસંતી ઉલ્લાસ, ઉમંગો ભરી તેમના પ્રત્યે સમર્પણની સમગ્ર પૂર્ણતા સુધી પહોંચાડી દે. વસંત પર્વ પર આ જ અમારી મંગળ કામના છે.

**-પં૦ લીલાપત શર્મા**


## કર્મકાંડ ભાસ્કર

પૂજ્ય ગુરુદેવે ભારતીય સંસ્કૃતિના ઉત્થાન માટે પોતાની લેખની દ્વારા ઉત્કૃષ્ટ પ્રયાસ કરેલ છે. તેમણે માનવ જીવનની પૂર્ણ સાર્થકતા માટે સોળ સંસ્કારો ઉપર ખૂબ જ આવશ્યકતા બતાવી છે.

દરેક સંસ્કારના તાત્વિક મહત્વ સાથે મંત્રો દ્વારા દરેક પર્વની સરળ માહિતી આપી છે. જે પ્રત્યેક ભારતીય માટે ખૂબ જ જરૂરી છે. આવી સંપૂર્ણ માહિતી મળે એ માટે કર્મકાંડ ભાસ્કરનું પ્રકાશન કરેલ છે. ૪૧૬ પાનાના આ ગ્રંથની કિંમત રૂા, ૪૦-૦૦ છે. આ ગ્રંથનું બાઈંડીંગ ખૂબ જ સુંદર, ઉચ્ચ તેમજ કપડાના કવરથી સુસજ્જિત છે.





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા

પં. શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

પ્રબંધ સંપાદક :

પં. લીલાપત શર્મા

કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ,

મથુરા-૨૮૧ ૦૦૩

ટેલિફોન :

(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડોલર/ ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૭ અંક - ૨

ફેબ્રુઆરી - ૧૯૯૭


## વિપ્ર-વંદના

**યદ્ બ્રહ્મ નિત્યં વિરજં સનાતનં**
**શ્રદ્ધાતપોમંગલમૌન સંયમૈઃ ।**
**સમાધિના બિભ્રતિ હાર્થદૃષ્ટયે**
**યત્રેદમાદર્શ દૂવાવ ભાસતે ॥૪૨॥**
**તેષાનામહં પાદસરોજરેણ-**
**માર્યા વહેયાધિકિરીટમાયુઃ ।**
**યં નિત્યદા બિભ્રત આશુ પાપં**
**નશ્યસ્યમું સર્વગુણા ભજન્તિ ॥૪૩॥**

હે આર્યગણ ! જે બ્રાહ્મણો ઉપનિષદોના જ્ઞાન સ્વરૂપ છે, જેમનું જ્ઞાન સ્વચ્છ દર્પણની જેમ જડ અને ચેતન પ્રકૃતિનું યોગ્ય રીતે વિશ્લેષણ કરી શકે છે, જેઓ વેદ રૂપ બ્રહ્મને પ્રાપ્ત કરવા અને દુનિયાને તેની કૃપા પહોંચાડવા માટે નિરંતર શ્રદ્ધાપૂર્વક પવિત્ર આચરણ, તપ, ત્યાગ, સંયમ, સમાધિનું જ્ઞાન આપતાં રહે છે, તે બ્રાહ્મણોની ચરણરજ જીવનપર્યંત આપણા મસ્તક પર ધારણ કરીએ, કારણ કે તેનાથી આપણા સર્વ પાપ નષ્ટ થઈ જાય છે અને જીવનને સુખી-સમૃદ્ધ બનાવનારા સર્વ ગુણ આપણી સેવા કરવા લાગે છે.

**- શ્રીમદ્ભાગવત ૪૨-૪૩**




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આ અંકની આવશ્યકતા અને કારણો

આજ સુધી જ્યાં પણ વિવેચન થયું છે કે નોંધ થઈ છે તેમાં પૂજ્ય ગુરુદેવનું અતિમાનસ, અતીન્દ્રિય સામર્થ્યપૂર્ણ અવતારી સ્વરૂપ જ પ્રગટ થતું રહ્યું છે. તેઓએ જે કહ્યું તે જ અંતિમ સત્ય છે, એ દૃષ્ટિથી તેમના આ સમર્થ સ્વરૂપની ચર્ચા યોગ્ય જ નહીં આવશ્યક પણ છે.

જે અધ્યાત્મ મનુષ્ય જીવનની સર્વોપરિ આવશ્યકતા અને અનિવાર્યતા ગણાય છે તેની અગાઉના દિવસોમાં શ્રદ્ધાળુ વર્ગે પણ દુર્દશા કરી છે અને પ્રખર બુદ્ધિશાળી લોકોએ તો તેની એટલી મજાક ઉડાડી છે કે તે એક તરફથી પુરાતત્વ સામગ્રી બનીને રહી ગયું છે. અધ્યાત્મની મહાન ગંભીરતાઓ, શક્તિઓ અને ઉપયોગિતા સ્થાપિત કરવાની દૃષ્ટિએ પણ તેમના સિદ્ધ સમર્થ સ્વરૂપની સમજ યોગ્ય જ નહીં આવશ્યક પણ જણાઈ છે. ભવિષ્યમાં પણ તેનો ઉલ્લેખ થતો રહે એનાથી સામાજિક જીવનને સત્ય સુધી લઈ જનારો શ્રદ્ધાનો પ્રવાહ ઉમડતો રહેશે એમાં પણ કોઈ પ્રકારનો સંદેહ નથી. પરંતુ આ સમજથી મનુષ્યમાં સંપૂર્ણ અતિભાવ ઉમડવાની અને ઈશ્વરાધીન થવાની બુરાઈઓ પણ ફરી તાજી થવા લાગે છે. શ્રદ્ધા સારી છે, પરંતુ ભાગ્ય સર્વથા ઈશ્વરીય ઇચ્છા પર નિર્ભર છે, આ માન્યતાએ લોકોને ભાગ્યવાદી, આળસુ અને કામચોર પણ ઓછા બનાવ્યા નથી. આ દેશ બેહજાર વર્ષ સુધી ગુલામીની પકડમાં રહેવાનું એક કારણ છે ભક્તિ, જેને કર્મને અપંગ બનાવ્યું. આપણા મિશનનું એક નામ પ્રજ્ઞા અભિયાન કે વિચાર ક્રાંતિ પણ છે, જેનો પરમપૂજ્ય ગુરુદેવે સ્પષ્ટ અર્થ એ કર્યો છે કે જ્ઞાનયોગના આધાર પર ભક્તિ અને કર્મમાં સમન્વય સ્થપાય. તેઓ લોકોને ભાગ્યવાદી ન બનતા પુરુષાર્થી અને ભક્ત ન બનતાં આત્મપરાયણ અધ્યાત્મવાદી બનાવવા ઇચ્છતા હતા. તેમનું જીવન દર્શન એવું વ્યાવહારિક માર્ગદર્શનથી ઓતપ્રોત છે, જેટલી તેમનામાં આધ્યાત્મિક શક્તિઓ અને સિદ્ધિઓ સમાયેલી હતી.

આ વિશેષાંકનો મૂળભૂત ઉદ્દેશ તે વ્યાવહારિક પાસાંઓ પર પ્રકાશ પાડવાનો છે જે વ્યક્તિના આત્મિક અને ભૌતિક વિકાસ માટે સહાયક થશે. પરમપૂજ્ય ગુરુદેવ એક એવા મહાપુરુષ છે જેઓ ડગલે ને પગલે સામાન્ય લોકોને હંમેશાં આગળ વધવાની પ્રેરણા આપે છે. આ વિશેષાંકનો ઉદ્દેશ તે દૃશ્યોનું આલેખન છે, જેનાથી પ્રેરણાઓ મેળવીને અધ્યાત્મ માર્ગ પર ચાલનારા પોતાની મુંઝવણો અને જટિલ સમસ્યાઓનું સમાધાન મેળવી શકે છે. જે જ્ઞાન મહાપુરુષો આપતાં આવ્યાં છે તે તો વેદો, સ્મૃતિઓ, ઋષિઓ, મુનિઓના ઉપદેશોમાં પહેલેથી જ ઉપલબ્ધ છે, તો પછી અવતારોએ શરીર ધારણ કરવાની આવશ્યકતા કેમ રહે છે ? તેનું કારણ એ છે કે પ્રાસંગિક પરિસ્થિતિઓને અનુરૂપ જીવનપથનું વ્યાવહારિક માળખું અને માર્ગદર્શન આવશ્યક બની જાય છે. પરમપૂજ્ય ગુરુદેવના એવા વણસ્પર્શ્યા જીવન પ્રસંગો, સંસ્મરણો, વ્યાખ્યાઓને આ વિશેષાંકમાં રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. આ પ્રસંગો જટિલ પરિસ્થિતિઓમાં માર્ગદર્શન આપશે, સામાન્ય જીવનમાં મહાનતાના સમાવેશનું માર્ગદર્શન આપશે. આ અંક તો એક શરૂઆત છે. એના પછી પણ મહાપુરુષના અવતરણો, સંસ્મરણો, જીવનચરિત્ર અને દૃષ્ટાંતો દ્વારા શ્રેણીબદ્ધ માર્ગદર્શન મળતું રહે તેવો પ્રયાસ કરવામાં આવશે. આ માટે પરિજનો અને સ્નેહીજનો તેમની સાથે સંકળાયેલાં જીવન સંસ્મરણો પણ અમોને મોકલી આપશે.

**- પં૦ લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યોગ દર્શનથી સંપૂર્ણ જીવન વ્યવહાર

શેઠશ્રી જુગલકિશોરજી બિરલા જ્યારે પણ મથુરા આવવાના હોય ત્યારે બિરલા મંદિર અથવા તો શ્રીકૃષ્ણ જન્મભૂમિમાં ફોન કરીને જાણી લેતા કે તેઓ મથુરા આવે ત્યારે પૂજ્ય આચાર્યજી ત્યાં હાજર હશે કે નહીં ? બિરલા મંદિરનો દરવાન અખંડ જ્યોતિના કાર્યાલય પર આવી સમાચાર મેળવી જતો કે તે દિવસો દરમિયાન પૂજ્ય ગુરુદેવ મથુરામાં છે કે ક્યાંય બીજે જવાના છે ? શ્રી બિરલાજી પોતાની આવવાની તિથિમાં ફેરફાર કરતાં પણ જ્યારે પૂજ્ય ગુરુદેવ મથુરામાં હોય ત્યારે જ આવતા.

આવી જ રીતે ૧૯૬૫માં તેઓ એકવાર મથુરા આવ્યા. તે વખતે યુગનિર્માણ વિદ્યાલયનો શિલાન્યાસ થઈ ચૂક્યો હતો. નિર્માણ કાર્ય પણ શરૂ થઈ ગયું હતું. સત્સંગ ભવનમાં સભા ભરાઈ. પૂજ્ય ગુરુદેવે બિરલાજીની પ્રશંસા કરી. પછી તેમને આશ્રમની સાથે બની રહેલ વિદ્યાલય પણ બતાવ્યું, તેની રૂપરેખા સમજાવી. બિરલાજીએ આ વિદ્યાલય પોતાના તરફથી બનાવવાની ઇચ્છા પ્રગટ કરી તો પરમપૂજ્ય ગુરુદેવે તેમને પૂછ્યું - "આ પૈસા તમને કોણે આપ્યાં છે ?" બિરલાજીએ કહ્યું - "ભગવાને" પૂજ્ય ગુરુદેવે પ્રશ્ન કર્યો - "મારા માટે તમારી શું ધારણા છે ?" પંડિતજી ! મારાં સંપર્કમાં આવનારા બધાં લોકોને હું કહું છું કે મેં આ પૃથ્વી પર એક જ બ્રાહ્મણ જોયો છે અને તે બ્રાહ્મણ આપ છો." પૂજ્ય ગુરુદેવે કહ્યું, "બ્રાહ્મણની વ્યાખ્યા તમે પણ જાણો છો ને ? " "હા, જેની પહોંચ ભગવાન સુધી હોય તે બ્રાહ્મણ" - બિરલાજીએ ઉત્તર આપ્યો.

ત્યારે પૂજ્ય ગુરુદેવ હસીને બોલ્યા - "તમને ભગવાન આપે, તમે તેને મિલ કારખાનામાં લગાવો - તેમાંથી લાભ થાય તો અમને કંઈક આપો તેના કરતાં જ્યાં અમારી પહોંચ જ ભગવાન સુધી છે તો અમે જ એમની પાસેથી નહીં લઈ આવીએ ? લેણદેણ મિત્રતામાં બાધારૂપ છે. જો આપણે આપણી મિત્રતા જાળવવી હોય તો અમે ક્યારેય માગીશું નહીં અને તમે કંઈ આપવાનો આગ્રહ પણ ન રાખશો. તમને એમ ન લાગે કે પંડિતજી અભિમાની છે, તેથી ગાયત્રી માતાના ચરણોમાં ૧૦૦ રૂા. અર્પણ કરી દો." બસ, પછી તો જીવન ભર આ ક્રમ ચાલતો રહ્યો. તેમણે બિરલાજી પાસેથી ક્યારેય કશું લીધું પણ નહીં.

તે વખતે પૂજ્ય ગુરુજીએ એમ પણ કહ્યું હતું કે આનો અર્થ એમ ન કરતાં કે હું તમારા કોઈ જ કામમાં નહીં આવું. તમે જે પણ કહેશો એ હું જરૂર પૂરું કરીશ. શ્રી બિરલાજીએ ઇચ્છા પ્રગટ કરી હતી, કે જ્યારે મારું મૃત્યુ થાય ત્યારે તમે મારી નજીક રહેજો અને ખરેખર એક દિવસ બિરલાજીની માંદગીના સમાચાર આવ્યા. તે વખતે વંદનીય માતાજી તેમની સામે બેઠાં હતાં. પૂજ્ય ગુરુદેવે કહ્યું - આ વખતે બિરલાજી બચશે નહીં. ગુરુદેવ દિલ્હી ગયા અને તેમની હાજરીમાં જ બિરલાજીનું મૃત્યુ થયું.

શ્રી રતનલાલજી નામના ગુડગાંવના એક દાળના વેપારી હતાં. તેમના છોકરાઓ સાથે તેમને અણબનાવ હતો. તેઓ એક દિવસ કંટાળીને મથુરામાં પૂજ્ય ગુરુદેવની પાસે દોડી આવ્યા. તે વખતે તે ખૂબ અસહાય હતા, પણ ગુરુદેવે તેમને સુદામાની જેમ પોતાની પાસે રાખ્યા. ક્યાંય જાય તો પણ પોતાની સાથે લઈ જાય. પોતાનો ટુવાલ પાથરીને તેમને બેસાડે. ગુરુદેવનો મિત્રભાવ જોઈ રતનલાલની આંખમાં આંસુ આવી જાય તો પૂજ્ય ગુરુદેવની આંખો પણ ભરાઈ આવતી અને રતનલાલને ઘરની જેમ નિઃસંકોચપણે રહેવાનું કહેતાં.

થોડાંક દિવસો બાદ તેમના છોકરાઓને પોતાના વર્તન બદલ ખૂબ પસ્તાવો થયો. આવીને પોતાની સાથે ઘેર લઈ ગયા અને તેમને ક્યારે પણ અપમાનિત કર્યા નહીં. શ્રી રતનલાલજી જ્યાં સુધી જીવ્યાં ત્યાં સુધી ગાયત્રી તપોભૂમિના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રસોડા માટે નિયમિત રીતે દાળ મોકલાવતા રહ્યા.

મહર્ષિ પતંજલિએ પોતાના યોગદર્શન શાસ્ત્રમાં લખ્યું છે - સાચો યોગી અને સિંહ પુરુષ કોઈ પણ પ્રકારનો રાગદ્વેષ રાખ્યા વિના, સુખી, દુઃખી, પાપી, પુણ્યાત્મા બધાની સાથે મિત્રતા, દયા, આનંદ અને ઉપેક્ષાનો એકસરખો વ્યવહાર રાખે છે. પૂજ્ય ગુરુદેવની એ સૌથી મોટી વિશેષતા હતી કે વંદનીય માતાજી સહિત તેમના દરેક નિકટવર્તી લોકો સાથે તેઓ મિત્રતાપૂર્ણ વ્યવહાર રાખતાં હતાં. તેમની મૈત્રીમાં સહેજ પણ કટુતા ન હતી. ભગવાન રામની સુગ્રીવ અને નિષાદ બંને સાથેની એકસરખી મિત્રતા તેમના પરમતત્ત્વની સાબિતી છે. પૂજ્ય ગુરુજીના જીવનની આ બંને ઘટનાઓ તેમને સિદ્ધ પુરુષની જેમ મહાન સાબિત કરે છે.

મૈત્રીનો સૌથી નિકટતમ ગુણ કરુણા છે. યોગીઓ આ બાબતમાં પણ પોતાના, પારકાં, નાના મોટા, પાપી, પુણ્યાત્મા જેવા ભેદભાવ રાખતાં નથી. પરમપૂજ્ય ગુરુદેવના જીવનમાં ડગલે ને પગલે એવા દૃશ્યો જોવા મળતાં હતાં કે તેમની કરુણા આંસુના રૂપમાં છલકાઈ જતી હતી. ૧૯૬૭માં જોયેલું દૃશ્ય તો ક્યારેય ભૂલાય તેવું નથી. ગાયત્રી તપોભૂમિની બરાબર સામે ડૉ૦ ગોયલનું ટી. બી. ક્લિનિક (દવાખાનું) છે. ત્યાં દૂર દૂરથી લોકો ઈલાજ કરાવવા આવતાં હતાં. તે દિવસોમાં ગુરુજી લગભગ રોજ સવારે સાત વાગે ગાયત્રી તપોભૂમિમાં આવી જતાં હતાં. યજ્ઞમાં હાજરી આપ્યા પછી આગંતુકોને મળતાં હતાં. થોડી વાર ચબૂતરા પર પડેલી પાટ પર બેસી પેપર વાંચતાં હતાં અને લગભગ સાડા દસ વાગે અખંડ જ્યોતિના કાર્યાલય પર પાછા જતાં રહેતા હતાં.

એક દિવસ જ્યારે તેઓ ત્યાં બેસીને કંઈક વાત કરી રહ્યાં હતાં ત્યારે સામેથી એક સ્ત્રી એક પ્રૌઢ વ્યક્તિને પીઠ પર ઉઠાવીને આવતી જોઈ. તેને જોતાં જ ગુરુજી સ્તબ્ધ બની ગયા અને અચાનક જ તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેમની નજીક જ ગાયત્રી તપોભૂમિના તે વખતના વ્યવસ્થાપક શ્રી દ્વારકાપ્રસાદજી ભારદ્વાજ બેઠા હતા. તેમણે પૂછ્યું - પંડિતજી ! શું વાત છે ? પૂજ્ય ગુરુદેવે ત્યાં સુધી તે સ્ત્રી સાથે કોઈ પણ જાતની વાતચીત કરી ન હતી. ગુરુજીએ કહ્યું - આ સ્ત્રી જે પુરુષને પીઠ પર ઊઠાવીને લાવી રહી છે તે તેની ત્રીજીવારની પત્ની છે. તેની કર્તવ્યનિષ્ઠા જુઓ. પીઠ પર ઊંચકીને ઈલાજ કરાવવા લઈ આવી છે. ત્યાં સુધીમાં સ્ત્રી નજીક આવી ગઈ. તેણે હાથ જોડીને પ્રાર્થના કરી. પંડિતજી ! હું મારા પતિનો ઈલાજ કરાવવા આવી છું. ડૉક્ટર સાહેબે કહ્યું છે કે દવાખાનામાં એકેય પથારી ખાલી નથી. ત્રણચાર દિવસ પછી ખાલી થશે. મારે ઘેર પાછા જવું પડશે. જો આપ મને ત્રણ ચાર દિવસ અહીંયા રહેવા દો તો આપની મોટી મહેરબાની. પૂ૦ ગુરુદેવે તેના રહેવાની નહીં, પરંતુ પોતાના કોઈ પ્રિય કુટુંબીજનની જેમ તેના ઈલાજની પણ વ્યવસ્થા કરાવી. આવી હતી તેમની કરુણા.

**મૈત્રીકરુણા મુદિતોપેક્ષણાં સુખદુઃખપુણ્યા પુણ્યવિષયાણાંભાવનાતશ્ચિત્ત પ્રસાદનમ્ ।**

યોગદર્શન - ૧/૩૩

અર્થાત્ - નિર્મલ ચિત્ત, યોગ-સિદ્ધ વ્યક્તિત્વ, સુખી-દુઃખી પુણ્યાત્મા-પાપાત્મા બધાં પ્રાણીઓની સાથે મૈત્રી, કરુણા, પ્રસન્નતા અને ઉપેક્ષાની ભાવનાથી વ્યવહાર કરે છે.

એક વાર પરમપૂજ્ય ગુરુદેવ ખૂડ (સીકર) રાજસ્થાન યજ્ઞ હોવાથી ગયાં હતાં. તે સમય દરમિયાન ગુરુજી એક ઓરડામાં અંદર બેસીને ત્યાંની વિશિષ્ટ વ્યક્તિઓને મળી રહ્યાં હતાં ત્યારે બહાર કેટલાંક લોકોનો અવાજ સંભળાયો. પૂજ્ય ગુરુદેવે પૂછ્યું-શું છે ? કોણ અવાજ કરી રહ્યું છે ? ત્યારે આયોજકોએ જણાવ્યું કે ઘણા બધાં કુષ્ઠ રોગીઓ એકઠાં મળીને આપના દર્શન કરવા માટે ઝગડો કરી રહ્યાં છે. પૂજ્ય ગુરુદેવ તરત જ જાતે બહાર આવ્યા અને કુષ્ઠરોગી ભાઈઓને સંબોધીને કહ્યું કે મને ખૂબ અફસોસ છે કે અમે તમને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થયેલો કુષ્ઠરોગ તો મટાડી શકતા નથી. પણ મારા આશીર્વાદ છે કે હવે અહીંયા કોઈને પણ કુષ્ઠરોગ નહીં થાય અને આ એક ઐતિહાસિક સત્ય છે કે આજે પણ ત્યાં કોઈને કુષ્ઠરોગ થતો નથી. આ જોઈને બધાં એમ જ કહે છે કે તેમનું જીવન કરુણાથી ઓતપ્રોત હતું.

તેમના હૃદયમાં રહેલી સહજ કરુણાની જેમ તેમનો જીવનક્રમ પ્રસન્નતાથી પણ ઓતપ્રોત હતો. પરમાત્મા આનંદ સ્વરૂપ ગણાય છે. આ વાત તેમના જીવનમાં ડગલે ને પગલે જોવા મળતી હતી. વાત અખંડ જ્યોતિ કાર્યાલય ઘીયામંડીની છે. ત્યાં નરેન્દ્ર બ્રહ્મચારી નામનો એક માણસ કામ કરતો હતો. એક દિવસ પૂજ્ય ગુરુદેવ સીડી ઉતરીને જેવાં કાર્યાલયના પ્રાંગણમાં પહોંચ્યા કે નમસ્કાર કરવા માટે સૌથી પહેલા બ્રહ્મચારીજી આવી ગયાં. તેમને જોતાં જ પૂજ્ય ગુરુદેવ મુસ્કરાયા અને બોલ્યા, બ્રહ્મચારીજી ! તમે બ્રહ્મચારી છો કે પછી તમારું નામ જ બ્રહ્મચારી છે. શ્રી નરેન્દ્ર એકદમ ગભરાઈને બોલ્યો - ના ગુરુદેવ ! મારા પિતાજી બ્રહ્મચારી હતાં. બસ પછી તો થઈ રહ્યું. આખા કાર્યાલયમાં આ વાત હસાહસ થઈ ગઈ. શ્રી નરેન્દ્રનો કહેવાનો આશય તો એમ હતો કે તેનું ગોત્ર બ્રહ્મચારી છે, પણ ગભરાટમાં બફાઈ ગયું. પૂજ્ય ગુરુદેવે કહ્યું, તારા પિતાજી બ્રહ્મચારી હતાં તો તું તો એકદમ સાચો બ્રહ્મચારી થયો. ઉતાવળમાં શું બફાટ કરી નાંખ્યો છે તેનું જ્યારે બ્રહ્મચારીજીને ભાન થયું ત્યારે તે શરમાઈ ગયા. એ વાત અલગ છે કે પટણામાં થયેલ અશ્વમેધ સુધીમાં તો બ્રહ્મચારીજી લાલૂ પ્રસાદજીની જેમ અગિયાર પુત્રોના પિતા થઈ ગયા હતાં અને તે બધાં પણ બ્રહ્મચારી હતાં. વંદનીયા માતાજી તેમને મળ્યા હતા.

અટપટી સમસ્યાઓને તો તેઓ મજાક મજાકમાં સરળતાપૂર્વક સમજાવી દેતા હતાં. એકવાર તેઓ શાંતિકુંજમાં હતા. પ્રસંગ વૃદ્ધાવસ્થાનો હતો. પૂજ્ય ગુરુદેવ કહી રહ્યાં હતાં, પાકેલું ફળ વધારે સુંદર, સ્વાદિષ્ટ અને કિંમતી હોય છે. આ વાત કદાચ લોકોના ગળે ના ઉતરે તેથી તેમણે એક બાજુ બેઠેલી બાલિકાઓને પૂછ્યું- "તમારે લગ્ન કરવાં હોય તો છોકરો કાળો જોઈએ કે ગોરો ? બધી છોકરીઓ ઉત્સાહમાં આવી જોરથી બોલી - ગોરો. ગુરુદેવે પોતાના સફેદ વાળની બાબતમાં પૂછ્યું કે કાળા વાળ સારાં કે ગોરા ? હવે બાળકીઓ કંઈ જવાબ આપી શકી નહીં ત્યારે ત્યાં હાજર રહેલ બધાં ખડખડાટ હસી પડયાં. પૂજ્ય ગુરુદેવના સાનિધ્યમાં કે પ્રવચનમાં કોઈ કંટાળતું ન હતું. કેટલીક વાર તો પ્રવચન કરવા જતાં પહેલાં વંદનીય માતાજીને પૂછતાં, આજે લોકોને કેટલી વાર હસાવું અને કેટલી વાર સતાવું ? અને ખરેખર આ બંને ગુણ તેમના રોમેરોમમાં વ્યાપેલાં હતાં. તેથી તો તે બધાંના 'શ્રીરામ' હતાં.

> ગાયત્રી મંત્રના મંત્રદેષ્ટા ઋષિ વિશ્વામિત્ર છે. અર્થાત્ જે સમસ્ત સંસારને મિત્રભાવે જૂએ છે, વેદમાતા ફક્ત તેમના પર કૃપા કરે છે.
>
> **- પરમપૂજ્ય ગુરુદેવ**

મનુષ્ય ગમે તેટલો સંત કે સજ્જન હોય છતાં સંસારમાં રહેલાં દુષ્ટ શિકારીઓ તેમનાં બાણ છોડવામાં પાછાં પડતાં નથી. મથુરાના પંડા પુરોહિતો તીર્થભૂમિની સામેથી પસાર થતાં અપશબ્દો બોલતાં, પણ ગુરુજીએ હંમેશાં તેમની અવગણના કરી હતી. એક દુષ્ટ તો શાંતિકુંજમાં આવીને તેમના પર પ્રહાર કરી ગયો હતો છતાં તેમણે ગણકાર્યું નહીં. વંદનીય માતાજી કહેતા હતા કે ક્યારેક કોઈ પ્રસંગ એવો બની જાય તો મને રાત્રે ઊંઘ નહોતી આવતી પણ પૂજ્ય ગુરુદેવ તો પથારીમાં પડતાંવેંત ઘસઘસાટ ઊંઘવા માંડતા. તેઓ કહેતાં કે આજનો દિવસ એક જીવન હતું. તેમાં જે કંઈ લેવડદેવડ કરી તેનો હિસાબ પૂરો થયો. આગળનું કાલે જોઈશું. તેમણે ક્યારેય મુશ્કેલીઓનો બોજો મગજમાં રાખ્યો નહીં તેથી તેઓ સતત રચનાત્મક કાર્યો કરતાં અને વિચારતાં રહ્યાં. આ રીતે વ્યવહાર રાખવાથી કંઈક મેળવી શકાય છે. માટે જો ઇચ્છો તો તેમના જીવનમાંથી કંઈક શીખીને તમે પણ પોતાનો સુખી સંસાર સર્જી શકો છો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આરત કાહ ન કરહિં કુકરમૂં

આપણા બધાં જ અવતારી પુરુષો મહાવીર અથવા તો ઠાકોરજી કહેવાય છે. ઠાકુર શબ્દ શૌર્ય જનક છે. પરમપૂજ્ય ગુરુદેવ ગરીબો અને ઉપેક્ષિતજનોને પ્રેમ કરતાં હતાં પણ દીનતા અને દરિદ્રતાથી તેમને ખૂબ નફરત હતી. તે આ વર્ગને ક્યારેક ક્યારેક 'ચાંડાલ' કે 'બિચારા' પણ કહેતાં હતાં. વીર ભોગ્યા વસુંધરાનો ભારતીય સિદ્ધાંત તેમને ખૂબ પ્રિય હતો. તે સમગ્ર કોમને પ્રાચીનકાળની જેમ શૂરવીર બનાવવા માગતાં હતાં. ગાયત્રી તપોભૂમિમાં શરૂઆતમાં તેમણે વિધિવત્ ધનુર્વિદ્યાનો અભ્યાસ શરૂ કરાવ્યો હતો. ચિ. બલરામ અને ચિ. વીરેશ્વરે તો આ અભ્યાસ ઘણા સમય સુધી કર્યો હતો. શરૂઆતમાં અખંડ જ્યોતિના મુખપૃષ્ઠ પર પણ આ જ પ્રકારના ચિત્રો પ્રકાશિત કરાતાં હતાં.

શાંતિકુંજની વાત છે. એકવાર એક સ્વામીજી તેમને મળવા માટે આવ્યા. તેમણે પૂ૦ ગુરુદેવને પ્રશ્ન કર્યો, પંડિતજી તમે ભગવાનની ઉપાસના કયા ભાવથી કરો છો ? પૂજ્ય ગુરુદેવ તેમના મનનો આશય સમજી ગયા. તેથી થોડીવાર મૌન રહીને બોલ્યા, સ્વામીજી ! બધાં જાણે છે કે હું ફક્ત ગાયત્રીની ઉપાસના કરું છું અને તેનો જ પ્રચાર પ્રસાર કરું છું. હવે તમે બતાવો કે તમે કયા ભાવથી ઉપાસના કરો છો ?

સ્વામીજીએ ઉપસ્થિત લોકો સમક્ષ એક વિજયપૂર્ણ નજર નાખી અને પછી ગુરુદેવ સન્મુખ ફરીને કહ્યું, પંડિતજી, હું તો આરત (દીન) ભાવે ઉપાસના કરું છું. સ્વામીજીનો આશય હતો કે હું ભગવાન સમક્ષ દીન દુઃખી બનીને પ્રાર્થના કરું છું કે - હે પ્રભુ ! હું પાતકી, દીન, દરિદ્ર છું. મને તમારી શરણમાં લઈ લો. હે નાથ ! મારા ઉપર દયા કરો.

પંડિતજીએ હજી બોલવાનું પૂરું પણ નહોતું કર્યું કે પૂજ્ય ગુરુદેવ એકાએક બોલી ઊઠયા - **"આરત કાહિ ન કરહિ કુકરમૂ"** પછી સામે બેઠેલા લોકો તરફ જોઈને કહ્યું - ચોપાઈની પછીની પંક્તિ મને યાદ આવતી નથી. પાસે બેઠેલા પરિજનોએ ચોપાઈ પૂરી કરી. **"માંગહિ ભીખ ત્યાગ નિજ ધરમૂં."**

અર્થાત્ - દુઃખી વ્યક્તિ પોતાના ધર્મને ત્યજીને કોઈ પણ કુકર્મ (ખરાબ કર્મ) કરી શકે છે. સ્વામીજી, હું મારા બાળકોને આ પ્રકારનું શિક્ષણ આપતો નથી. મારી માન્યતા જુદી છે. આપણા પિતા પરમાત્મા જ્યાં બધાં વૈભવોથી પરિપૂર્ણ છે, આનંદરૂપ છે ત્યાં તેના બાળકોએ શા માટે દીન દુઃખી બનવું જોઈએ ? આ આરતભાવે (દીનભાવે) તો દેશનું સૌથી વધારે અહિત કર્યું છે. પંડિતજી થોડીવાર માટે આ બધું છોડીને આપણાં દેશવાસીઓને શક્તિની સાધના કરાવો. હું તેને જ આપણી ગૌરવપૂર્ણ પરંપરા માનું છું અને આજે આપણે તેની જ જરૂરિયાત છે.

સ્વામીજી ચૂપચાપ ઊભા થઈ ગયા, બોલ્યા - આચાર્યજી ! હવે હું જાઉં છું. ગુરુદેવે કહ્યું - અરે ! ચા તો પીતાં જાવ. સ્વામીજીએ કહ્યું - પંડિતજી ! તમે જે પિવડાવ્યું તે ચા કરતાં પણ વધારે સ્વાદિષ્ટ છે. આટલું કહીને સ્વામીજીએ પ્રણામ કર્યા અને નીચે ઉતરી ગયા. ત્યાં હાજર રહેલ દરેકના મોં પર હાસ્યનો ભાવ છવાઈ ગયો.

મોક્ષ કોઈ સ્થાન વિશેમાં મળતું નથી. તેને મેળવવા માટે ગામે-ગામ રખડવાની જરૂરિયાત નથી. હૃદયની અજ્ઞાન ગ્રંથિઓ નાશ થઈ જવો જ મોક્ષ છે. બીજા શબ્દોમાં સ્વર્ગ, મુક્તિનું સાધન છે-જ્ઞાન. તેને મેળવી લીધું તો આ જ જીવનમાં જીવન મુક્તિ મળી ગઈ સમજવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઉપાસનાની બારાક્ષરી અને ઉચ્ચસ્તરીય સાધના
## મનુષ્ય માત્ર માટે આત્મકલ્યાણનું પથપ્રદર્શન

૧૯૯૫ના ઑક્ટોબરમાં નસીરાબાદ અજમેરથી એક પત્ર અખંડ જ્યોતિ કાર્યાલય પર આવ્યો તો કાર્યાલયના બધાં કાર્યકર્તાઓએ તે પત્ર માગી માગીને વાંચ્યો. એ જાણીને જિજ્ઞાસા થાય કે એ પત્રમાં એવું તો શું હતું કે બધાં તેને વાંચવા માગતા હતાં. આ પત્ર એક મુસ્લિમ યુવક મહમ્મદ આલમખાને લખ્યો હતો - પૂજ્ય ગુરુદેવ ! હું ઘણાં સમયથી અખંડ જ્યોતિનો સભ્ય છું. ૧૯૯૧ના ઑક્ટોબરના અખંડ જ્યોતિમાં પંચકોશી સાધના અંતર્ગત પ્રથમ વર્ષની સાધનાનું વિવરણ છપાયું હતું. તેને વાંચીને તેનો અભ્યાસ કરવાની મારા મનમાં ઇચ્છા થઈ. તે સાધના કરવાથી મને... આ રીતના અનુભવ થયા. પછી ૧૯૯૨ના ઑક્ટોબરના અંકમાં આપેલ વિવરણ મુજબ અભ્યાસ કરવાથી મને... આ પ્રકારનો અનુભવ થયો. ત્રીજા અને ચોથા વર્ષની સાધના શ્રદ્ધાપૂર્વક કરવાથી મને પૂર્વાભાસ, સ્ફૂર્તિ રોમાંચ જેવા અનુભવો થવાની સાથેસાથે ભ્રૂમધ્યમાં ક્યારેક ખંજવાળ ક્યારેક જ્યોતિ સ્ફૂલ્લિંગ થતી અનુભવાય છે. બહુ ઉત્સાહ સાથે જ્યારે ૧૯૯૫ના ઑક્ટોબરનો અંક ખોલ્યો તો તેમાં પાંચમાં વર્ષની સાધનાનું વિવરણ જોવા મળ્યું નહીં તો મારું મન ઉદાસ થઈ ગયું. માટે કૃપા કરીને હવે આગળની સાધનાનું વિવરણ જણાવવાની મહેરબાની કરશો.

આ પત્ર પરથી એક તરફ સાધકની મનોવૃત્તિનો પરિચય મળે છે તો બીજી બાજુ પરમપૂજ્ય ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધા વધતી જાય છે કે તેમણે કેવી રીતે શ્રદ્ધાળુઓને માટે સરળતમ પ્રાથમિક સાધના વિધાન આપ્યું. તો એક તરફ ઊંચી સ્થિતિવાળા તાર્કિકો માટે પણ પુરુષાર્થ પ્રધાન ઉચ્ચસ્તરીય પંચકોશી સાધના પ્રવેશનું વિજ્ઞાન અને વિધાન રચીને આપી દીધું. તેમણે ગાયત્રી મહાવિજ્ઞાન તથા ગાયત્રી ઉપાસના વિષયક ચોવીસ ગાયત્રી વિદ્યા સેટમાં એવી કોઈ વાત છોડી નથી કે જેથી પ્રાથમિક સ્તરના ગાયત્રી સાધકને ક્યાંય પણ મુશ્કેલી પડે. મુસલમાનો મોટાભાગે તેમના ધર્મ પ્રત્યે કટ્ટર હોય છે, પરંતુ આ પત્ર એક પ્રતીક રૂપ હતો કે પૂજ્ય ગુરુદેવે બનાવેલું ઉપાસના વિજ્ઞાન કોઈ એક વર્ણ, વર્ગ, લિંગ અથવા તો સંપ્રદાય માટે નહીં, પરંતુ મનુષ્યમાત્ર માટે આત્મકલ્યાણનું બુદ્ધિજન્ય વિજ્ઞાન અને તર્કજન્ય પથપ્રદર્શન પણ છે. આ એક એવું પુસ્તક છે જેને કોઈ પણ વાંચીને પોતાના જીવનમાં ઉતારે તો તેનું પ્રત્યક્ષ પરિણામ જોવા મળે છે. ૧૯૬૪ના અખંડ જ્યોતિના અંકમાં પાના નં. - ૪૯ની છેલ્લી પંક્તિઓમાં ગુરુદેવે જ કહ્યું છે કે - 'જેમણે હજુ સુધી આ માર્ગે ચાલવાનું શરૂ નથી કર્યું તેઓ માત્ર પરીક્ષણ કરવા ગાયત્રીની ઉપાસના શરૂ કરે અને પછી આ મહાન ઉપાસના તેમના ઉજ્જ્વળ ભવિષ્યની શક્યતાઓ ઊભી કરવા માટે કેવી રીતે મદદરૂપ બને છે તે જુઓ.' આગળના પાનામાં પાછળના ત્રણ વર્ષોની ઉચ્ચસ્તરીય સાધનાને ફરીથી દોહરાવીને તેમનો અભ્યાસ કેવી રીતે કરવો તે બતાવ્યું. પાંચમાં વર્ષની સાધનાનું વિવરણ ન મળવાથી તે બાળક બહુ જ દુઃખી થયો. પૂજ્ય ગુરુદેવનું કહેવું હતું કે અત્યાર સુધીનો અભ્યાસ તો કોઈ પણ મનુષ્ય ગમે તે સ્થિતિમાં સુરક્ષિત રીતે કરી શકે છે. પણ હવે આગળનો અભ્યાસ તો યોગ્ય માર્ગદર્શકની હાજરીમાં જ કરી શકાય તેમ છે. વળી પૂજ્ય ગુરુદેવ એમ પણ કહેતા કે જેણે આ ત્રણ વર્ષની સાધના સંપૂર્ણ કરી લીધી છે તે ભ્રૂમધ્ય સ્થિત આજ્ઞાચક્રમાં સ્થિર થઈ જાય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. તેથી જો સાહસિક કે દૃઢ મનોબળવાળી વ્યક્તિ હોય તો તે આગળનો માર્ગ પોતાની જાતે જ શોધી શકે છે. ખૂંખાર જાનવરોની વચ્ચે જંગલમાં એકલા જવાનું જેનામાં સાહસ હોય તેવો મનુષ્ય આ કામ કરી શકે છે. દુર્ગા શક્તિને વાઘની સવારી હોય છે. અર્થાત્ જેનામાં વાઘની સમીપ પહોંચવાનું સાહસ હોય તે આગળની સાધના એકલો પણ કરી શકે છે. તેથી આગળનું વિધાન તેમણે લખ્યું પણ નહીં કે કોઈને જણાવ્યું પણ નહીં અને જેને જણાવ્યું હશે તેઓ ક્યારેય પ્રગટ પણ કરશે નહીં.

જેમણે પણ અખંડ જ્યોતિના અંકોમાં આચાર્યજીની ડાયરીના પાના, એક યોગીની આત્મકથા અથવા સુનસાનના સહચર પુસ્તક અથવા તેની લેખમાળા ધ્યાનપૂર્વક વાંચી હશે તેમને ખબર હશે કે પરમપૂજ્ય ગુરુદેવની આ અંતિમ સાધના હતી. તેમાં કુંડલિની શક્તિ અને સહસ્રાર, વિચારસત્તા અને પદાર્થ વિદ્યાનું સહજ મિશ્રણ થતું હતું. તેને જ પ્રખર પ્રજ્ઞા સિદ્ધિ બોધ કહેવાય છે. ઇતિહાસમાં આવા દસ અવતાર થઈ ગયાં છે. (૯ પહેલાં થઈ ગયેલા અને ૧૦મો નિષ્કલંક અવતાર) અવતારોની શ્રેણીમાં આવનારા બાકીના ૧૪ મહાપુરુષો સંપૂર્ણપણે ચક્રવેધન કરી શક્યા નહોતા. તેમને ત્યારપછી કોઈ સાધના કરવાની જરૂર ન રહી. તેમની પાસે રહેલ પૂર્ણતાનું વિતરણ કરવાની જ જવાબદારી રહી. તેથી જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ આ કામ કરતાં રહ્યાં.

૧૯૬૧ના ઑગષ્ટ મહિનાના અખંડ જ્યોતિ અંકમાં પરમપૂજ્ય ગુરુદેવે લખ્યું હતું - મને કોઈ સાધનાનો અનુભવ ન પૂછો. પ્રાથમિક સ્તરના સાધક માટે તેમણે પંચોપચાર સાથે ગાયત્રી ઉપાસનાની સરળ રીત લોકોને સમજાવી. તેમણે લખ્યું કે, હું ઉચ્ચસ્તરની સાધના માટે ભવિષ્યમાં માર્ગદર્શન કરીશ. તેમણે ૧૯૬૧ના ઑક્ટોબરથી આની વિધિવત્ શરૂઆત પણ કરી દીધી હતી. અન્નમય, મનોમય, પ્રાણમય, વિજ્ઞાનમય તથા આનંદમય આ પાંચેય કોશોની વ્યાખ્યા અને વિજ્ઞાન લખવું તો અહીંયા શક્ય નથી, પરંતુ તેમણે ત્રણ વર્ષ સુધી જે સાધના વિધિ બતાવી તે અહીંયા ટૂંકમાં રજૂ કરી છે. સ્ત્રી, પુરુષ, બાળક, ગર્ભવતી સ્ત્રી, રોગી, અપંગ, અથવા તો કોઈ પણ ધર્મ, સંપ્રદાય કે પહેરવેશ અને જાતિવાળો વ્યક્તિ સાધના વિધિ પ્રસન્નતાપૂર્વક કરીને અધ્યાત્મનું ઊંડાણ અને માનવજીવનમાં છુપાયેલો વૈભવ સરળતાથી મેળવી શકે છે.

તૈત્તિરીય ઉપનિષદની તૃતીય બલ્લી ભૃગુ બલ્લીમાંથી ઉતારેલ અન્નમય કોશની આ સાધનામાં અન્નમય શોધન માટે પરમપૂજ્ય ગુરુદેવે પહેલા વર્ષે અઠવાડિયામાં એકવાર મોટેભાગે રવિવારે અસ્વાદ વ્રત રાખ્યું. આ વ્રત મનને જીતવા માટેનું એક પ્રકારનું આત્મયુદ્ધ છે તેમ જણાવ્યું. સૌથી પહેલાં જીભને વશ કરવી જોઈએ. તેથી શરૂઆતમાં અઠવાડિયામાં એક દિવસ ખાંડ અને મીઠા વગરનું ભોજન કરવું જોઈએ અને ભૂખ હોય તેના કરતાં અડધું ખાવું જોઈએ જેથી એક ચતુર્થાંશ હવા અને એક ચતુર્થાંશ પાણી માટે પેટ ખાલી રહે. આ પ્રકારનો આહાર સંયમ શરીરને તંદુરસ્ત રાખે છે. દૃઢ સંકલ્પ કર્યા પછી એક વર્ષ આ રીતે નિયમ પાળવો મુશ્કેલ નથી. બીજા વર્ષની સાધનામાં રવિવારની સાથેસાથે ગુરુવારે પણ એટલેકે અઠવાડિયામાં બે દિવસ અસ્વાદ વ્રત રાખવાનું જણાવ્યું. આ વ્રતમાં બીજા બધાં સંયમ યથાવત્ રાખી દિવસમાં ફક્ત બે વાર ભોજન કરવું. જરૂરિયાત પડે તો ક્યારેક લીંબૂમધનું પાણી, દૂધ, છાશ વગેરે પીણાં લઈ શકાય, પણ ઠાંસી ઠાંસીને ખાવું ન જોઈએ. ત્રીજા વર્ષની સાધનામાં પૂજ્ય ગુરુદેવે અઠવાડિયામાં એક દિવસ નિરાહાર ઉપવાસ કરવાનું જણાવ્યું. તેમાં પણ પેય (પીણાં) પદાર્થ લઈ શકાય. ચોથા વર્ષે આ બધાંનો ભેગો અભ્યાસ કરવો. આ એટલી સરળ વિધિ છે કે કોઈપણ મનુષ્ય તે સરળતાથી કરી શકે છે. હકીકત એ છે કે આટલું કરવામાં પણ આપણું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિર્બળ મન પાછું પડે છે પણ આનાથી પણ સહેલી વિધિ આ યુગમાં બીજી કોઈ હોઈ શકે નહીં.

મનોમય કોશ : આ કોશની સાધના માટે પરમપૂજ્ય ગુરુદેવે પહેલા વર્ષે સ્વાધ્યાય, સત્સંગ, મનન અને ચિંતન કરવાનું જણાવ્યું. અર્થાત્ રોજ કોઈ આધ્યાત્મિક લેખ વાંચો અને મિત્રો તથા કુટુંબીઓ સાથે તેની ચર્ચા કરો. લેખમાંથી પોતાના જીવનમાં કેટલું ઉપયોગી છે તેનો વિચાર કરો, ચિંતન કરો. ચિંતનનો અર્થ એ થાય છે કે તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયાસ પણ કરો. બીજા વર્ષે સંકલ્પને પણ તેની સાથે જોડો. પોતાના વિશ્વાસનો આધાર સંકલ્પને બનાવો. ત્રીજા વર્ષની સાધનામાં આત્મનિરીક્ષણની પ્રવૃત્તિ કરવી. પોતાનામાં રહેલી ખરાબીઓને શોધીને તેને દૂર કરવી, સાથેસાથે જ્ઞાનનો વિસ્તાર કરવો. અર્થાત્ કુસંસ્કારોના સ્થાને સુસંસ્કારોની સ્થાપના કરવી.

પ્રાણમય કોશની પહેલા વર્ષની સાધના માટે પૂજ્ય ગુરુદેવે પ્રાણાકર્ષણની વિધિ બતાવી છે. જપ કરતાં પહેલાં કરવાની વિધિ આ પ્રમાણે છે -

શાંત એકાંત સ્થળે જઈને સુખાસનમાં બેસો. ચારેબાજુ વાદળોની જેમ પ્રાણતત્ત્વ છવાયેલું છે એવું ધ્યાન કરો. બંને નાકના છિદ્રો વડે ધીમે ધીમે જેટલી ભરી શકાય તેટલી હવા અંદર ભરી લો. અનામિકાથી ડાબું અને અંગૂઠાથી જમણું છિદ્ર બંધ કરી દો. જેટલો સમય શ્વાસ રોકી શકતા હોય તેટલો સમય રોકો. ધીરે ધીરે શ્વાસ છોડી દો. થોડી વાર શ્વાસ લીધા વિના રહો. આમ કરવાથી એક પ્રાણાયમ પૂરું થયું. શરૂઆતમાં પાંચ પ્રાણાયમ કરવા. તેમાં ધીરેધીરે વધારો કરીને અડધો કલાક સુધી વધારી શકાય છે.

બીજા વર્ષના અભ્યાસમાં પરમપૂજ્ય ગુરુદેવે લોમ વિલોમ સૂર્યવેધન પ્રાણાયમ બતાવ્યાં છે. આમાં પણ આસન તો ઉપર મુજબ જ હોય છે પણ મુદ્રા બદલાય છે. ડાબા હાથને કોણીથી વાળી છાતી સાથે ચોંટાડીને હથેળી ખુલ્લી રાખો. જમણા હાથની હથેળી સ્થૂળની જેમ ડાબા હાથની હથેળીમાં ટેકવો, અનામિકા ડાબા નસકોરો પર અને અંગૂઠો જમણા નસકોરાં પર રાખો. સૌથી પહેલાં ડાબા નસકોરા વડે ઊંડો શ્વાસ ખેંચો જેટલીવાર રોકાય ત્યાં સુધી રોકી કુંભક કરો. પછી અંગૂઠો દૂર કરીને જમણા નસકોરામાંથી શ્વાસ છોડીને બાહ્ય કુંભક ક્રિયા કરો. થોડીવાર ફરીથી બંને નસરોકાં બંધ કરી બાહ્ય કુંભક અર્થાત્ થોડી વાર શ્વાસ લેવો રહેવા દો. બીજીવાર આ જ રીતે જમણા નસકોરામાંથી શ્વાસ લઈને રોકાય ત્યાં સુધી રોકી ડાબા નસકોરામાંથી શ્વાસ છોડી રેચક અને બાહ્ય કુંભક કરો. આ એક લોમ વિલોમ સૂર્યવેધન પ્રાણાયમ થયો. તેનાથી નાભિ ચક્ર સક્રિય બને છે અને સુષુમ્ણા પ્રભાવિત થાય છે. આ બીજા વર્ષની સાધના ત્રણ પ્રાણાયમ શરૂ કરીને સગવડ મુજબ વધારી શકાય છે.

ત્રીજા વર્ષનો નાડીશોધનં પ્રાણાયમ - પ્રાણાયમ કોશના જાગરણની આ ત્રીજી કક્ષા છે. આસન સ્થાન પૂર્વવત્ રાખો. મુદ્રા પણ એ જ રાખો. સૌપ્રથમ અનામિકા હટાવીને ડાબા નસકોરા વડે ઊંડા શ્વાસ લો. શક્ય એટલો કુંભક કરી ડાબા નસકોરમાંથી જ શ્વાસ બહાર કાઢો અને બાહ્ય કુંભક કરો. આ રીતે ડાબા નસકોરા વડે જ આ ક્રિયા ત્રણવાર પૂરી કરો. તેના પછી અંગૂઠો હટાવીને જમણાં નસકોરા વડે પણ આ ક્રિયા ત્રણ વાર કરો. બંને બાજુની ક્રિયાઓ પૂરી થઈ જાય પછી બંને નસકોરા ખોલીને બંને વડે એકસરખો શ્વાસ લો. બંને નસકોરા બંધ રાખીને કુંભક કરી પછી મોં વડે બધી હવા બહાર કાઢી રેચક ક્રિયા કરો. બંને નસકોરાંને બંધ રાખીને બાહ્ય કુંભક કરો. આ એક નાડીશોધન પ્રાણાયમ થયો. એક પ્રાણાયમથી શરૂઆત કરી સગવડ મુજબ તેમાં વધારો કરી શકાય છે. ચોથા વર્ષે આ ત્રણે પ્રાણાયમોનો સહિયારો અભ્યાસ કરવો જોઈએ.

પ્રાણાયમ કોશની સિદ્ધિ માટે પ્રાણ સંચાર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાધના શાંતિકુંજ તરફ મોં રાખીને પરમપૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીની પ્રાણશક્તિનો પ્રવાહ ધ્યાન દ્વારા ખેંચીને પોતાની અંદર ધારણ કરવાની ક્રિયા કરવાથી પ્રાણસિદ્ધિમાં સહાયતા મળે છે.

વિજ્ઞાનમય કોશ : વિજ્ઞાનમય કોશમાં પહેલા વર્ષની સાધનામાં કૃતજ્ઞતાનો અભ્યાસ રાખવો. બીજા વર્ષની સાધનામાં એક વર્ષ નાના હોય તો પણ તૂં ન કહેતાં તૂમ કહેવું અને મોટાંઓને આપ કહેવાનો અભ્યાસ પાડવો અને ત્રીજા વર્ષની સાધનામાં સાદગીપૂર્ણ (સાદાઈ ભરેલું) જીવન જીવવાની ટેવ પાડવી. આ ત્રણે અભ્યાસ વિજ્ઞાનમય કોશમાં કરવાના પરમપૂજ્ય ગુરુદેવે જણાવ્યા છે.

આનંદમય કોશ : પહેલા વર્ષે ગાયત્રીમાના ખોળામાં એક વર્ષના બાળક રૂપે પયપાન કરી રહ્યા છે તેવું જપ કરતી વખતે ધ્યાન, બીજા વર્ષે સૂર્યના પ્રકાશમાં બેઠેલી ગાયત્રીમાતાના સ્વરૂપનું ધ્યાન, ત્રીજા વર્ષે દીવો પ્રગટાવી તેના પ્રકાશનું ધ્યાન અને ચોથા વર્ષે બ્રહ્માંડના દર્શનનો અભ્યાસ - આ સંપૂર્ણ સાધના વિધાનને પૂજ્ય ગુરુદેવે ઑક્ટોબર ૧૯૬૪ની અખંડ જ્યોતિમાં વિસ્તારથી છાપ્યો. જો કોઈ તેનો અભ્યાસ કરવા માગતા હોય તો તેને એકવાર ધ્યાનથી વાંચી લો અને પછી જુઓ કે આ ઉચ્ચસ્તરની સાધના તેને કયા સ્વર્ગમાં પહોંચાડી દે છે.

શાંતિકુંજ આશ્રમના શરૂઆતના દિવસોની વાત છે. એ સમયે આર્ય સમાજના પ્રસિદ્ધ સંત આનંદ સ્વામી સરસ્વતીજી જીવિત હતા. હરિદ્વાર આવતા ત્યારે શાંતિકુંજ અવશ્ય પધારતા. ગુરુદેવને એમના આવવાની ખબર મળતી, તો તેઓ તરત જ કોઈ માણસને બોલાવવા માટે મોકલતા હતા. એક દિવસ તેઓ વ્યાસ આશ્રમમાં ઉતર્યા હતા. ગુરુદેવને તેના સમાચાર મળતાં જ એક કાર્યકર્તાને બોલાવવા માટે મોકલ્યો.

કાર્યકર્તાએ દરવાજામાં પગ મૂક્યો તો એના કાનમાં કેટલાક શબ્દો પડ્યા. આનંદ સ્વામી પાસે બેઠેલા લોકો સાથે ચર્ચા કરી રહ્યા હતા - દેશ-વ્યક્તિ અને સમાજના કલ્યાણનું કોઈ અખંડ ધ્યાન કરનારો હોય તો એક-આચાર્ય શ્રીરામ શર્મા છે. હું ખાતરીપૂર્વક કહી શકું છું કે તેઓ અત્યારે પણ દેશ-વ્યક્તિ-સમાજના ઉત્થાનની વાત વિચારી રહ્યા હશે યા તેની ચર્ચા કરી રહ્યા હશે.

ત્યાં સુધીમાં પાસે ઊભેલા કાર્યકર્તાને જોઈને બોલી ઊઠ્યા-"અરે, તું આવી ગયો, હમણાં હું આચાર્યજીની જ ચર્ચા કરી રહ્યો હતો." કાર્યકર્તા આ સંતના ઉદ્ગાર સાંભળી ગદ્ગદ થઈ ગયો.

* * *

બપોરના લગભગ સાડા ત્રણ વાગ્યા હશે. તેઓ પોતાના રૂમમાં દાઢી બનાવતાં-બનાવતાં એક કાર્યકર્તા સાથે વાતચીત કરી રહ્યા હતા. દાઢી બનાવ્યા પછી એમણે સામાન ધોવા માટે હાથમાં લીધો કે કાર્યકર્તાએ એમના હાથમાંથી સામાન લેવા માટે પ્રયાસ કર્યો. ગુરુદેવ બોલ્યા-"અરે ! આ શું કરી રહ્યો છે ? હું ધોઈ નાખીશ" - એમણે કહ્યું-હા, હા, તું તો મારા બદલામાં મોં પણ ધોઈ આવીશ." કહીને એમણે પોતે જ સામાન ઊઠાવ્યો અને બાથરૂમમાં જઈને ધોઈ નાખ્યો. પાછા આવીને ટુવાલથી મોં લુંછતાં બોલ્યા-બીમારી યા અન્ય કોઈ અસહાય અવસ્થા સિવાય બીજા કોઈની સેવા લેવી અપરાધ જેવું છે.

સેવા ન લેવાની વૃત્તિના આ ઉત્કૃષ્ટ સ્વરૂપને કાર્યકર્તા ચુપચાપ જોઈ રહ્યો હતો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સંરક્ષકનો પ્રેમ - સેવકનો સૌથી મોટો વારસો

રાતના બાર વાગે શાંતિકુંજના એક વરિષ્ઠ ભાઈના ઘરની સાંકળ ખખડી. દરવાજો ખોલ્યો તો બહાર ઊભેલાએ જણાવ્યું, તમને પરમપૂજ્ય ગુરુદેવ ઉપર બોલાવે છે. એક પળ તો બંને સ્તબ્ધ થઈ ગયાં. આટલી મોડી રાતે બોલાવવાનું શું કારણ હશે ? કંઈ અનુચિત તો નહીં બન્યું હોય તેથી ક્ષણનોય વિલંબ કર્યા વિના ભાઈજી ઉપર પહોંચ્યા. વંદનીયા માતાજીના કહેવાથી છોકરીઓએ દરવાજો તો પહેલેથી ખોલી દીધો હતો.

ઉપર જઈને જોયું તો વંદનીય માતાજી અને પરમપૂજ્ય ગુરુદેવ શાંત ચિત્તે વાતો કરી રહ્યા હતાં. તેથી કરેલી આશંકાઓ તો નિર્મૂળ થઈ ગઈ પણ તેનું સ્થાન કુતૂહલે લીધું. પૂજ્ય ગુરુદેવે કહ્યું, આજે છોકરીઓ શ્રી બિહારીલાલજી માટે થાળી પિરસવાની ભૂલી ગઈ છે. શ્રી બિહારીલાલજી નિર્માણ કાર્ય માટે છોકરીઓના સ્લીપર ખરીદવા ગયા હતાં. મોડી સાંજ સુધી તેઓ આવ્યા ન હતાં. તે બિચારા બહુ દુઃખી થયા હશે. નીચે તેમના માટે થાળી પીરસી દીધી છે. બિહારીલાલને ભોજન કરાવી, મને જણાવી પછી ઘેર જજો. પૂજ્ય ગુરુદેવે આ રીતનો આદેશ આપ્યો.

જયપુર નિવાસી શ્રી બિહારીલાલજી ક્યારેક શાંતિકુંજનું નિર્માણકાર્ય સંભાળતા હતાં. લગભગ સિત્તેર વર્ષની ઉંમર હતી. જેટલા મહેનતુ અને કર્મઠ હતાં તેટલા સ્વભાવે ક્રોધી પણ હતાં. ખોટી વાત તો ક્યારેય માનતાં નહીં. તેમને જમવાનું તો છોકરીઓ પણ આપી શકતી હતી, પરંતુ પૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજી તેમના સ્વભાવથી પૂરેપૂરી રીતે પરિચિત હતાં. બાળકીઓને ઘણી ખરીખોટી સંભળાવી દેત તેથી તેમને ભોજન કરાવવા કોઈ બીજાને બોલાવ્યા. બિહારીલાલજી ભૂખ્યા પણ રહી શકતા નહોતા. આ વાત બધાં સારી રીતે જાણતા હતા. બાળકીઓએ કરેલી ભૂલનો વિકલ્પ આના સિવાય બીજો કોઈ ન હતો. જેથી તેમનું મન શાંત થાય અને ગુસ્સો કાબૂમાં રહે.

ભાઈજી તેમના રૂમ પર ગયા. ભૂખને કારણે શ્રી બિહારીલાલજીને ઊંઘ તો નહોતી આવતી છતાં પણ ગુસ્સો હોવાને કારણે બારણું ખોલ્યું નહીં. પૂજ્ય ગુરુદેવનું નામ દેવાથી જ બારણું ખૂલ્યું. તેમને ખબર પડી કે ભોજન પૂજ્ય ગુરુદેવે જાતે મોકલ્યું છે તો તેમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. એવી સ્થિતિમાં જ તેમણે પેટ ભરીને ભોજન કર્યું. તેમણે ભોજન કરી લીધું છે તેવી સૂચના ગુરુદેવને મળી પછી જ પૂજ્ય ગુરુદેવે આગળનું કામ શરૂ કર્યું.

પૂજ્ય ગુરુદેવ સાંજે લગભગ સાતઆઠ વાગે જ સૂઈ જતાં હતાં. લેખનકાર્ય કરવા માટે તો બાર-એક વાગ્યે ઊઠી જતાં હતાં. તે વખતે તેમને ખ્યાલ આવ્યો કે બિહારીલાલજી જમ્યા નહીં હોય. વંદનીયા માતાજીએ આ વાતને સમર્થન આપ્યું પછી આ બધી વ્યવસ્થા ગોઠવાઈ. પોતાના કાર્યકર્તાઓ પ્રત્યે તેમના મનમાં કેટલો સંરક્ષક ભાવ હતો. જો આ ભાવ બધી સંસ્થાઓ, પરિવારો અને સામાજિક જીવનમાં આવી જાય તો સેવકોનું શોષણ કરવાનો ભાવ સમાપ્ત થઈ જાય અને સમગ્ર સંસાર જ સ્વર્ગ બની જાય. પૂજ્ય ગુરુદેવ કહેતા હતા, "કાર્યકર્તા તો મારા પ્રાણ છે. તેમને હું મારી છાતીનું દૂધ પિવડાવું છું." ધન્ય છે તે લોકો જેમને આ અદ્દભુત ક્ષણ અને દૃશ્ય જોવાં મળ્યાં.

**સંપત્તિના વ્યાજ-ભાડામાંથી પોતાનું કામ ચાલી શકે, એટલી સંપત્તિ જેમની પાસે હોય, એમણે વધારે કમાવવાનો મોહ છોડી પમાર્થના કાર્યમાં લાગી જવું જોઈએ.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# તેમના પ્રેમની પરાકાષ્ઠા હતી - વંદનીય માતાજી

બસ દેવપ્રયાગ પહોંચી ત્યાં સુધીમાં તો બસમાં એકપણ મુસાફર રહ્યો ન હતો. કંડક્ટરે વિનંતી કરી - માતાજી ! તમે જુઓ છો ને કે હરદ્વારથી નીકળ્યા ત્યારથી સતત વરસાદ વરસી રહ્યો છે. ઠંડીને કારણે આખું શરીર ધ્રુજી રહ્યું છે. પહાડો પર બરફનું તોફાન આવી રહ્યું છે. ક્યાંક ક્યાંક હિમપ્રપાત થઈ રહ્યો છે. આવા વાતાવરણમાં તમે શા માટે મુશ્કેલી ઊઠાવી રહ્યા છો. તમારા એકલા માટે બસ લઈ જવી પડે છે, તમે પણ અહીંયા ઉતરી જાઓ. અહીં દેવપ્રયાગની કોઈ ધર્મશાળામાં રોકાઈ જાવ. જ્યારે વાતાવરણ ચોખ્ખું થઈ જાય અને તડકો નીકળે પછી આગળની મુસાફરી કરજો. ડ્રાઈવર અને કંડક્ટરે વારંવાર વિનંતી કરી પણ પ્રેમ અને સ્નેહની પવિત્રતાએ મુશ્કેલીઓ સામે આજ સુધી કોઈ સમજૂતી કરી છે ? તેથી પરમપૂજ્ય ગુરુદેવ જ્યાં અજ્ઞાતવાસ કરી રહ્યાં હતાં તે સ્મશાન જેવા સૂમસામ કૈલાસે જવા વંદનીયા માતાજી ચાલી નીકળ્યા.

યોગ્ય સ્થળે વંદનીયા માતાજી બસમાંથી ઉતરી ગયા. ત્યાંથી ઊંચાનીચા પથરીલા માર્ગ ઉપર પગપાળા યાત્રા ચાલુ કરી. એક બાજુ સતત વર્ષાને કારણે ભીંજાયેલા વસ્ત્રો અને બીજી બાજુ ખૂંખાર વન્ય પ્રાણીઓના આક્રમણનો ભય. છતાં બંનેમાંથી એક પણ તેમને ભયભીત કરી શક્યા નહીં. આવી સ્થિતિમાં જ તેમણે પરમપૂજ્ય ગુરુદેવની પર્ણકુટિરમાં પ્રવેશ કર્યો. પરમપૂજ્ય ગુરુદેવ તેમને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને તેમની આવી કરુણ સ્થિતિ જોઈને તેમને ખૂબ દુ:ખ થયું. પૂજ્ય ગુરુદેવે તેમને બદલવા માટે કપડાં આપ્યાં અને પોતાના હાથે જંગલી ઔષધિઓની ચા બનાવીને પીવડાવી.

પૂર્વગ્રહ પર આધારિત અને પ્રતિજ્ઞાબદ્ધ પ્રેમ ક્યારેય પૂર્ણ હોતાં નથી. જે પ્રેમ કામ, યશ, જય, પરાજયના બંધનોથી મુક્ત હોય તે પ્રેમ પવિત્ર છે. જ્યાં સમસ્ત વૈભવ પ્રેમના ચરણોમાં ન્યોછાવર થાય ત્યાં જ પ્રેમની પરાકાષ્ઠા હોય છે. વંદનીયા માતાજી પ્રત્યે ગુરુજીનો પ્રેમ સાગર જેવો ગંભીર, આકાશ જેવો વિશાળ, કમળવત્ પવિત્ર અને ગુલાબ જેવો સૌંદર્ય અને સુવાસસભર હતો.

ભગવતી સીતા અશોકવાટિકામાં રામના વિયોગમાં વ્યાકૂળ હતાં ત્યારે ભક્ત વિભીષણની પત્ની સુશર્મા તેમને મળવા માટે આવતી હતી. એક દિવસ સીતાજીએ કહ્યું - અત્યારે હું રામના ધ્યાનમાં એટલી બધી ડૂબી જાઉં છું કે ક્યારેક ક્યારેક હું પોતે રામ છું તેવો ભ્રમ થાય છે. આ વાત ભાવનાઓ સુધી રહી હોય તો કોઈ વાંધો ન હતો પણ રામમય થવાને કારણે મારામાં પુરુષોના લક્ષણ દેખાઈ રહ્યાં છે. શરીરના અવયવોમાં પણ આ અંતર દેખાય છે.

સુશર્મા હસી અને બોલી, સીતા તું ધન્ય છે. પ્રેમ ક્યારેય એકપક્ષીય હોતો નથી. જેટલી ઉત્કટતાથી તું રામને યાદ કરે છે તેટલી જ ઉત્કટતાથી શ્રી રામ પણ તને યાદ કરે છે. ધ્યાન ધરતાં ધરતાં તારામાં શ્રી રામ પ્રગટ થઈ ગયા તો શ્રી રામજી સીતા રૂપે અવશ્ય આવશે. તેનાથી શું ફરક પડશે ? આ તથ્યને જણાવતાં ગોસ્વામી તુલસીદાસજી લખે છે કે - **"ગિરા અરથ જલ બીચિ સમ કહિયત ભિન્ન ન ભિન્ન"** અર્થાત્ - જેમ વાણીથી તેના અર્થને અને જળથી તેની લહરને જુદી પાડી શકાતી નથી તેમ શ્રી રામ અને ભગવતી સીતા બંને અવિભક્ત છે. પરમપૂજ્ય ગુરુદેવનો ઈતિહાસ પણ આવો જ છે.

આ દુ:સાહસપૂર્ણ મુસાફરીને વંદનીયા માતાજીનું શરીર સહન કરી શક્યું નહીં અને તેમને હાર્ટ એટેક આવી ગયો. ઈલાજ કરાવ્યો,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ ઈલાજ તો શરીરનો થાય ભાવનાઓનો નહીં, ભાવનાઓનો ઈલાજ તો ભાવનાઓથી જ થાય છે. એક સમય એવો પણ આવ્યો કે વંદનીયા માતાજીની સ્થિતિ ગંભીર બની ગઈ. હવે જો એટેક આવે તો કંઈ પણ થઈ શકે તેમ હતું. માતાજીની આવી સ્થિતિમાં ગુરુદેવ બધાં જ પૂર્વગ્રહો છોડીને અંતિમ ઈલાજ બનીને આવ્યાં હતાં. આ વાત બહુ ઓછા લોકો જાણે છે.

ઋષિકેશ અને આઈ. ડી. પી. એલ. વચ્ચે ગંગાતટ ઉપર "પશુલોક" નામે એક સ્થળ હતું. વેરાન થવાને કારણે તો અત્યારે તેનું અસ્તિત્વ નથી પણ ક્યારેક આ સ્થળ રમણીય હતું. મહાત્મા ગાંધીજીની અનન્ય શિષ્યા મીરાબેનને (અંગ્રેજ) પશુઓ પ્રત્યે ખૂબ પ્રેમ હતો. આ પશુલોક એમણે જ વસાવ્યું હતું. અહીંયા ઘેટાંબકરાંથી માંડીને ખચ્ચર ઘોડા સુધીના બધાં જ પશુઓ પાળવામાં આવતાં હતાં. તેથી તેનું નામ 'પશુલોક' રાખવામાં આવ્યું હતું. ગંગા નદીને કિનારે અનેક જાતનાં ફૂલ ઉગ્યાં હતાં. વસંત ઋતુમાં તો આ સ્થળ સ્વર્ગ જેવું રમણીય લાગતું હતું. તેની પાસે જ કાલીકમલીવાળાનો આશ્રમ અને એક સંસ્કૃત પાઠશાળા છે - જે હવે રામનગર તરીકે ઓળખાય છે. તદ્દન નિર્જન અને એકાંત સ્થળે આંબાવાડિયામાં ઘેરાયેલી એક કુટિર છે. વસંતઋતુ હતી. પૂજ્ય ગુરુદેવને અજ્ઞાતવાસમાં ગયે હજુ પૂરું એક વર્ષ પણ નહોતું થયું, પરંતુ વંદનીયા માતાજી માટે તે દુર્ગમ સ્થળને છોડીને આ કુટીરમાં આવી ગયા. તેમના આદેશ અનુસાર જ માતાજીને જોવા આવવાનો કાર્યક્રમ નક્કી થયો.

તે વખતે શાંતિકુંજમાં વંદનીય માતાજી જોડે થોડીક સાધક છોકરીઓ અને થોડીક સ્ત્રીઓ સિવાય અન્ય કોઈ ન હતું. તે બધાંને માતાજી પાસેથી થોડાંક દૂર ખસેડાયા. આમ અચાનક થયેલા ફેરફારને કારણે બધાં સ્તબ્ધ અને પરેશાન હતા. સાથે કુતૂહલતા પણ હતી. તે રાત્રે જે જાણતાં હતાં તે તો આખી રાત જાગતાં રહ્યાં. રાતના ગાઢ અંધારામાં ગુરુજીનું આગમન થયું અને કાર્યાલય સાથે જોડાયેલા ઓરડામાં થઈને પરમપૂજ્ય ગુરુદેવ વંદનીય માતાજીના ઓરડામાં પહોંચ્યા. સવાર થતાં પહેલાં જ એવી રીતે ત્યાંથી નીકળીને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી ગયા. પરમપૂજ્ય ગુરુદેવનો પ્રેમ અને સ્નેહ જ વંદનીય માતાજીને મોતના મુખમાંથી પાછા લાવી શક્યો. રામનગરનું તે પવિત્ર સ્થળ આજે આપણાં બધાં માટે એક તીર્થધામ સમાન છે. દાંપત્ય જીવનનો પવિત્ર પ્રેમ અહીંયાથી જ સમગ્ર સંસારમાં વહેતો હશે.

સન્ ૧૯૫૫માં એક કાર્યક્રમમાં ગુરુદેવ પ્રવાસ પર હતા. કાર્યક્રમના આયોજકોએ એમને પોતાના ઘેર ઉતારો આપ્યો. એમના આવવાના સમાચાર સાંભળીને ઘણા લોકો ભેગા થઈ ગયા. તેમાં પડોશની એક નવવિવાહિત છોકરી પણ આવી. તેણે સારાં કપડાં સિવાય ઢગલાબંધ ઘરેણાં પહેરી રાખ્યાં હતાં. ઘર-પરિવારની વાતો-વ્યક્તિગત કષ્ટ-કઠણાઈ પૂછ્યા પછી સ્નેહભર્યા સ્વરમાં બોલ્યા-અરે, તેં આટલાં બધાં ઘરેણાં કેમ પહેરી રાખ્યાં છે ? છોકરી તો મૌન રહી, પરંતુ પાસે ઊભેલી એક પ્રૌઢ મહિલા બોલી-સુંદર દેખાય એટલા માટે. આ સાંભળીને એમને આશ્ચર્ય થયું. એમણે હસતાં હસતાં કહ્યું હું તો જેઓ સુંદર કામ કરે છે એમને જ સુંદર માનું છું. પછી થોડું ગંભીર થઈને બોલ્યા-સ્ત્રીઓએ ઘરેણાં કરતાં સદ્‌ગુણોને વધારે મહત્ત્વ આપવું જોઈએ. ઘરેણાં નારી જાતિની હાથકડી છે. આટલું કહેતાં-કહેતાં એમના હૃદયની કોમળતા સજીવ થઈ ઊઠી. નારી પ્રત્યેની એમની આ જીવંત સંવેદનામાં ઉપસ્થિત લોકોને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના કતૃત્વને સાદૃશ્ય અનુભવ થયો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમપૂજ્ય ગુરુદેવની ત્રણ આત્મબોધક કથાઓ
## (ન વેદ ન પુરાણ આત્માસંબંધી જિજ્ઞાસુઓના કુતૂહલનું સમાધાન)

સામાન્ય વ્યક્તિ જેની કલ્પનાથી ભયભીત થઈ જતો હતો અને વિદ્વાનોએ જે અધ્યાત્મને આટલો અટપટો અને ભારે બનાવી દીધો હતો, તેને પરમપૂજ્ય ગુરુદેવે એટલો સરળ બોધગમ્ય અને વ્યાવહારિક બનાવી દીધો છે કે શિક્ષિત-અશિક્ષિત સહુ કોઈની આશા અને આકાંક્ષાનું કેન્દ્ર બિંદુ ગાયત્રી પરિવાર બની ગયો છે. પરમપૂજ્ય ગુરુદેવે અટપટા દર્શનશાસ્ત્રને કુતૂહલવર્ધક બનાવવા માટે ગૂઢ આત્મિક વિષયોનું સમાધાન સરળ બોધકથાઓ દ્વારા કરવાની એક અપૂર્વ (અસાધારણ) રીતે વિકસાવી હતી. આ બોધ કથાઓ કોઈએ કદાચ ક્યાંય વાંચી કે સાંભળી પણ નહીં હોય. તેમાંથી કેટલીક આ પ્રમાણે છે -

રાજા ભોજની રાણી હસી કેમ ?

રાજા ભોજના દરબારમાં કોઈ ગંભીર વિષયની ચર્ચા માટે સભા ભરાઈ હતી. રાજાના આગમનની પ્રતીક્ષા થઈ રહી હતી. રાજા ભોજને અંતઃપુરમાં તેમની પત્ની સ્નાન કરાવી રહી હતી. દ્વારપાળ વારેવારે આવીને સભામાં આવવાના સમયનો સંદેશ આપી રહ્યો હતો, પરંતુ સમ્રાટ સ્નાનગૃહમાંથી બહાર નીકળવાનું નામ લેતાં નહોતા. ત્યાં સ્નાન કરાવતાં રાણી એકદમ જોરથી ખડખડાટ હસી પડી. રાજા ભોજે પ્રશ્ન કર્યો - તમે કેમ હસ્યાં ? રાણી બોલી - એ હું તમને નહીં જણાવું, પરંતુ મારી નાની બહેન ધારની રાણી છે. તમે ત્યાં જાઓ. એ તમને બતાવશે કે હું શા માટે હસી ?

રાજા ભોજ સભાનું કામકાજ પતાવી ધાર પહોંચ્યા. ધારની રાણીએ તેમનું યથોચિત સ્વાગત કર્યું અને પછી કહ્યું - સ્નાન કરાવતાં કરાવતાં મારી બહેન શા માટે હસી હતી ? તે જાણવા માટે આપ આવ્યા છો ને ? રાજા ભોજે 'હા' કહ્યું. રાણીએ કહ્યું - જુઓ, મારા પેટમાં બાળક છે. આજે રાત્રે હું આ બાળકને જન્મ આપીશ. આખા રાજ્યમાં આનંદોત્સવ ઉજવવામાં આવશે. મારા તરફ કોઈ ધ્યાન આપશે નહીં. પ્રસુતિ પછી સનેપાતને કારણે મારું તત્કાળ મોત થશે. સૂક્ષ્મ જગતમાં રહ્યા પછી ત્રણ વર્ષે મારો જન્મ વિન્ધ્ય દેશની રાજકુમારીના રૂપમાં થશે. આ બાળક પર મને ખૂબ આસક્તિ હશે તેના કારણે મારી અંતિમ ઇચ્છા તેને મેળવવાની હશે. ભણ્યા ગણ્યા પછી મારું લગ્ન જેને હું આજે જન્મ આપવાની છું તે બાળક સાથે થશે. ત્યારે તમે પણ ત્યાં હાજર હશો. એ વખતે હું મારી બહેનના હસવાનું કારણ જણાવીશ અત્યારે નહીં. ભોજ ગડમથલમાં પડી ગયા. રાણીએ જેવું કહ્યું હતું એવું જ થયું. બરાબર પચીસ વર્ષ પછી રાજા ભોજ વૃદ્ધ થઈ ગયા, પરંતુ તેઓ રાજકુમાર ધારના લગ્ન પ્રસંગમાં હાજર રહ્યા. નવવધૂએ બોલાવીને પૂછ્યું - આપ રાજા ભોજ છોને ? સ્નાન કરાવતી વખતે તમારી પત્ની કેમ હસી હતી તે જાણવા આવ્યા છો ને ! રાજા ભોજે હકારમાં ઉત્તર આપ્યો.

રાજકુમારીએ કહ્યું - તમે આટલું નાટક જોયું છતાં સમજ્યા નથી ? હકીકતમાં મારી જે કહાની છે તેવી જ મારી બહેનની છે. પૂર્વકાળમાં આપ તેના પુત્ર હતા. જ્યારે તે તમને સ્નાન કરાવતી ત્યારે તમે બહાર ભાગી જતા હતા. માનો સ્પર્શ ગમતો ન હતો, પરંતુ જ્યારે તે તમારી પત્ની રૂપે આવી તો તમે છોડવા તૈયાર ન હતા તેમ વિચારીને તે હસી હતી.

રાજા ભોજે કહ્યું - આ વાત તો તમે પહેલા પણ બતાવી શક્યા હોત. રાણી બોલી -



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ત્યારે કદાચ તમને વૈરાગ્ય આવી જાત અને મારી બહેનને છોડીને તમે સંન્યાસી બની જાત. પરમાત્માએ માટે જ એક જન્મ અને બીજા જન્મ વચ્ચે પડદો રાખ્યો છે જેથી પાછળની વાતો ભૂલીને લોકો નવી રીતે જીવન જીવે. આમ ન હોત તો લોકો શરૂઆત અને બદલાની કલ્પનામાં જ જીવત. હવે તો આપનું જ્ઞાન અને અનુભવ બંને પરિપક્વ થઈ ગયાં છે તેથી હવે તમને વાત જણાવવામાં કોઈ મુશ્કેલી નહોતી. આસક્તિ બંધન છે જ્ઞાન મુક્તિ છે.

## ઊંટની સવારી

એક બાળકને હંમેશાં ઊંટ પર સવારી કરવી ગમતી. તે તેની શોધમાં જ રહેતો. ક્યારે ઊંટ મળે ને સવારી કરું. એક દિવસ એક સોદાગર ત્યાંથી ઊંટ લઈને પસાર થતો હતો. ગામની નજીકમાં જ નદી હતી. સોદાગર ઊંટ પરથી સામાન વગેરે ઉતારીને નદીમાં નહાવા ગયો. (સ્નાન કરવા ગયો) ઊંટને એકલું જોઈને બાળક તેના પર બેઠો. સવાર બેઠા પછી ઊંટને તો ભાગવાની ટેવ હોય છે. બાળક જેવો પીઠ પર બેઠો કે ઊંટ લક્ષ્યવિહીન (આડેધડ) દોડવા લાગ્યું. ઊંટના શરીર પર કાઠું પણ મૂકેલું ન હતું, તેથી બાળકનું શરીર છોલાવા લાગ્યું અને બાળક રડવા લાગ્યો. બાળકના રડવાના અવાજથી ઊંટ વધારે જોરથી દોડવા લાગ્યું. બાળક લોહીલુહાણ થઈ ગયો. રસ્તે પસાર થતાં કોઈ મુસાફરે પૂછ્યું - બેટા ! ક્યાં જાય છે ? બાળકે ઉત્તર આપ્યો - મારે તો ઘેર જવું હતું, પરંતુ હવે તો ઊંટ જ્યાં લઈ જાય ત્યાં જ જવું પડશે.

મનુષ્યનું લક્ષ્ય તેની ઇચ્છાઓ નક્કી કરે છે. ઇન્દ્રિયો ઊંટ છે. તેના પર સવાર થઈને મનુષ્ય પોતાનું લક્ષ્ય ભૂલી જાય છે. પછી ઇન્દ્રિયો જ્યાં લઈ જાય ત્યાં ભટકવું પડે છે.

## સાંભળો સૌનું કરો મનનું

એક ખેડૂત હતો. તેના પુત્રનું મૃત્યુ થતાં તેના અગ્નિસંસ્કાર કરવા માટે તે નીકળ્યો. રસ્તામાં એક શિયાળ મળ્યું. તે બોલ્યું - ક્યાં જાઓ છો ? ખેડૂતે જવાબ આપ્યો - મારો દીકરો મરી ગયો છે. તેથી તેને અગ્નિસંસ્કાર માટે લઈ જાઉં છું. પહેલાં તો શિયાળે પુત્રના મૃત્યુ માટે શોક વ્યક્ત કર્યો. પછી કહ્યું - તમે કેટલા નિર્દય છો. જે બાળકને તમે ખોળામાં રમાડયું, ઉછેર્યું તેને તમે સળગાવશો ? તમને કંઈ દુઃખ નથી થતું.

ખેડૂતે જવાબ આપ્યો - દુઃખ તો ઘણું જ થાય છે ? પરંતુ આના સિવાય બીજો ઉપાય શો છે ? ત્યારે શિયાળે કહ્યું - મનુષ્યનું શરીર માટીનું બનેલું છે. માટે તેને માટીમાં દાટી દો. માટી માટીમાં મળી જશે. શિયાળ આટલું કહીને એક ઝાડીમાં જઈ ખાડો ખોદવા લાગ્યું. ત્યાં સુધીમાં એક કાગડો ત્યાં આવ્યો. તેણે કહ્યું - અરે ભાઈ ! તમે આ શું કરી રહ્યા છો ? ખેડૂતે પોતાની વાત જણાવી. સાથે સાથે શિયાળનો ઉપદેશ પણ કહી સંભળાવ્યો. કાગડો બોલ્યો, ભાઈ ! તમે બહુ ભોળા લાગો છો. તમે જાણતાં નથી કે શિયાળ કેટલું ચાલાક છે. તમે બાળકને દાટીને જાઓ એટલે સપરિવાર જ્યાફત માણવાની તૈયારીમાં જ તે છે. ખેડૂતે ખાડો ખોદવાનો અધવચ્ચે અટકાવી દીધો અને ત્યાંથી આગળ ચાલ્યો. કાગડો પણ જોડે જોડે ઉડવા લાગ્યો. તેણે કહ્યું - ભાઈ ! બાળકના મોત પર જેટલો શોક કરીએ તેટલો ઓછો છે. પણ શિયાળની એક વાત તો સાચી છે કે તમે આ બાળકને સળગાવશો. આ તો બહુ નિર્દય કૃત્ય છે.

તમે મને કોઈ સારો ઉપાય બતાવો. ખેડૂતે કાગડાને કહ્યું. કાગડાએ જવાબ આપ્યો - આ બાળકના શબને આમ તડકામાં જ મૂકી દો. પાંચ તત્ત્વનું બનેલ શરીર પોતાની મેળે પાંચ તત્ત્વમાં વિલીન થઈ જશે. ખેડૂતે કાગડાનો આભાર માન્યો. કાગડો ઝાડની ઘટામાં સંતાઈ ગયો. ખેડૂત બાળકને મૂકવા માટે કોઈ યોગ્ય સ્થળની તલાશમાં જ હતો ત્યાં એક કાચબો મળ્યો. હવે કાચબાએ પણ તે પ્રકારની જ વાત કરી. તેણે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કહ્યું - તમે જાણતાં નથી. કાગડો સ્વાર્થવૃત્તિને કારણે આમ કહેતો હતો. તમે અહીંથી ગયા નથી કે આખી બિરાદરીને (ન્યાતને) ભોજન કરાવશે. માટે તમે આ શબને નદીમાં વહેવડાવી દો. બાળકની સદ્ગતિ પણ થશે અને કોઈ મુશ્કેલી પણ નહીં પડે. ખેડૂત નદી કિનારે પહોંચ્યા તો ત્યાં ઘાટ પર બેઠેલો પંડિત બોલ્યો - ખેડૂત ભાઈ ! આ કાચબો પણ તેની ચાલાકીમાં છે. આપ આ બાળકના શબને નદીમાં મૂકશો તેની સાથે જ બધાં કાચબા બાળકને ફોલી ખાશે. માટે કોઈનુ કહ્યું સાંભળવા કરતાં ચિતા તૈયાર કરો અને બાળકના અગ્નિ સંસ્કાર કરો. આ દુનિયામાં દરેક વ્યક્તિ જે પણ કંઈ કરે છે તે પોતાના સ્વાર્થને માટે જ કરે છે. માટે "સાંભળો સૌનું પણ આપણા હિતનું જ કરો."

એક દિવસ એક મોટા અમલદાર પોતાના એક મિત્ર સાથે પધાર્યા. તપોભૂમિના એક ઓરડામાં એમની મુલાકાતની વ્યવસ્થા થઈ. પૂજ્ય ગુરુદેવે એમને ખુરશી પર બેસવા કહ્યું પરંતુ તેઓ તૈયાર ન થયા. અનેકવાર ના.... ના....કરવા છતાં પૂજ્ય ગુરુદેવે એમને આગ્રહપૂર્વક ખુરશી પર બેસાડયા. સુપ્રસિદ્ધ સંત આટલું સન્માન આપશે, તેની કોઈને કલ્પના ય નહોતી. લગભગ અડધો કલાક વાતચીત ચાલી. ત્યાર પછી બંને બહાર આવ્યા. પોતાની મોટરમાં બેસતાં અમલદારે પોતાના મિત્રને કહ્યું-Wonderful Person Every man's honour is in his hand "આશ્ચર્યજનક વ્યકિત, દરેકનું સન્માન એમના હાથોમાં સલામત છે."

એમની આ ટિપ્પણી પાસે ઊભેલા એક કાર્યકર્તાએ સાંભળી. એણે જ્યારે આ વાત ગુરુદેવને સંભળાવી તો હસતાં-હસતાં કહેવા લાગ્યા-શિષ્ટાચાર તથા પ્રશંસામાં અદ્ભુત શક્તિ છે. તેનો સદુપયોગ કરી તું પણ આખી દુનિયાના હૃદયનો સમ્રાટ બની શકે છે.

* * *

યુગ નિર્માણ વિદ્યાલયનું સત્ર પૂરું થવાનું હતું, એ જ સમયે એક સંસ્કૃત પ્રેમી સજ્જન કે જેઓ ઘણા પ્રતિષ્ઠિત હતા ગુરુદેવને મળવા માટે આવ્યા. ગુરુદેવે એમને સાથે લઈને તપોભૂમિની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી કરાવી. આ ક્રમમાં વિદ્યાલયનો વારો આવ્યો. સ્વાવલંબન સંબંધી શિક્ષણની સાથે વિદ્યાર્થીઓનું લોકસેવકોના રૂપમાં ગઠન બધું જ સ્પષ્ટ કર્યું. પેલા સજ્જન તેને સાંભળ્યું ન સાંભળ્યું કરીને વારંવાર એક જ વાત કહી રહ્યા હતા- "અહીંયાં બધું જ સંસ્કૃતમાં કેમ ભણાવવામાં આવતું નથી ? તમે સંસ્કૃત પર ભાર કેમ મૂકતા નથી ? પૂજ્ય ગુરુદેવે કહ્યું-"હું સંસ્કૃતની જગ્યાએ સંસ્કૃતિ પર વધારે ભાર મૂકું છું. હું અહીંયાં સંસ્કૃતની જગ્યાએ સંસ્કૃતિનું શિક્ષણ આપું છું."

સહેજ ઊંચા અવાજે કહેવામાં આવેલાં આ વાક્યોએ આગંતુકને સ્તબ્ધ કરી દીધા. કંઈક વિચારતાં-વિચારતાં એમણે કહ્યું-આપની વાત બરાબર છે. આપના આ પ્રયાસો સ્વામી શ્રદ્ધાનંદજીના પ્રયાસોથી કોઈ પણ રીતે ઉતરતા નથી.

* * *

તત્ત્વજ્ઞાનીની વાણી કામધેનુ છે. તે શ્રોતાઓને પ્રગતિના માર્ગે લઈ જાય છે. સમસ્યાઓનો ઉકેલ બતાવે છે અને શત્રુતાને મિત્રતામાં બદલી નાંખે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# તેમના જીવન રથના બે ચક્ર - શૌર્ય અને ધીરજ

**(તેઓ યુદ્ધ કરવાનું પણ જાણતાં હતાં અને યોગ્ય પરિસ્થિતિ ન બને ત્યાં સુધી ધીરજ રાખવાનું પણ જાણતાં હતાં)**

શ્રી શ્યામલાલ એડવોકેટ વિદિશાના એક સંનિષ્ઠ કાર્યકર્તા હતા. સન્ ૧૯૬૮-૬૯-૭૦માં પરમપૂજ્ય ગુરુદેવે આખા દેશનું પરિભ્રમણ કર્યું. તેનાથી ગાયત્રી પરિવારનો બહુ મોટા પ્રમાણમાં ફેલાવો થયો, પરંતુ પ્રતિક્રિયાવાદી તત્ત્વોમાં બુઝ્રાતાં પહેલાંનો એક તીવ્ર ઉભરો પણ આવ્યો. (પ્રતિક્રિયાવાદી તત્ત્વોએ સખત વિરોધ કર્યો) પરમપૂજ્ય ગુરુદેવે એક વીર યોદ્ધાની જેમ વીરતાથી તે પરિસ્થિતિઓનો સામનો કર્યો. ધીરજ વિના શૌર્ય અધૂરું છે. ધીરજનો અર્થ છે પહેલાં આપણે તૈયારી કરવાની. દુશ્મનને અસાવધ થવા માટે થોડોક સમય આપવાનો અને પછી એકદમ આક્રમણ કરીને હસાવવાનો. વીર પુરુષોની આ જ રણનીતિ છે. આ ઉપદેશ કોઈ વ્યક્તિ વિશેષે આપેલો નથી, પરંતુ રામાયણમાં સ્વયં ભગવાન રામે આ ઉપદેશ વિભીષણને આપ્યો હતો. આ રણનીતિને લીધે જ શ્રી રામે રાવણ પર વિજય મેળવ્યો હતો અને પરમપૂજ્ય ગુરુદેવે પણ આ યુગના દંભી વિરોધ પર વિજય મેળવ્યો.

વિદિશા એ પરંપરાવાદી હિન્દૂઓનો ગઢ મનાય છે. નક્કી હતું કે પૂજ્ય ગુરુદેવનો વિરોધ થવાનો જ છતાં તેમના મનમાં સહેજ પણ ભારણ નહોતું. આયોજનના બીજા દિવસે કાર્યકર્તાઓની મીટીંગ મળી હતી ત્યાં ૨૦થી ૨૫ પંડિતોનું ટોળું બૂમો પાડતું પાડતું ત્યાં આવ્યું અને પરમપૂજ્ય ગુરુદેવને શાસ્ત્રાર્થ કરવા માટે લલકારવા લાગ્યા. કેટલાંક કાર્યકર્તા ભાઈઓએ બહાર જઈને તેમને સમજાવવાની કોશિશ કરી પણ તેઓ માન્યા નહીં.

ત્યાં સુધીમાં પરમપૂજ્ય ગુરુદેવ પોતે ત્યાં આવી ગયા. તેમણે કહ્યું - પંડિતજી, સૌથી પહેલી વાત તો એ છે કે મને શાસ્ત્રાર્થમાં કોઈ વિશ્વાસ નથી. આ શાસ્ત્રાર્થે જ દેશનું અહિત કર્યું છે. એક બાજુ સોમનાથ લૂંટાઈ રહ્યું હતું ત્યારે બીજી બાજુ શૌચક્રિયાએ જતી વખતે પાણીનો લોટો જમણી બાજુએ રાખવો કે ડાબી બાજુએ તેના પર શાસ્ત્રાર્થ ચાલી રહ્યો હતો. આ સાંભળી ત્યાં હાસ્યનું મોજું ફેલાઈ ગયું. પૂજ્ય ગુરુદેવે કહ્યું - કે જે સ્થળ સમતળ અને સગવડભર્યું હોય ત્યાં પાણીનું પાત્ર મૂકવું જોઈએ. તેનો આધ્યાત્મ સાથે શું સંબંધ ? આના કરતાં બધાં વિદ્વાનોએ ભેગા મળીને વિદેશી આક્રમણોને રોકવાનો ઉપાય વિચાર્યો હોત તો સોમનાથ લૂંટાતું બચી શકત. આ તો એક જાતની સાઠમારી છે. તમે બધાં તો વિદ્વાન છો. તમારી સાથે અમે કેવી રીતે શાસ્ત્રાર્થ કરી શકીએ ? અમે તો અહીંયાં શાસ્ત્રાર્થ માટે નહીં અમારા બાળકોને મળવા માટે આવ્યા છીએ

> **તમેવ ઋષિ તમુ બ્રાહ્મણ માહુર્યજ્ઞાન્ય સામગા ।**
> જે પોતાના જ્ઞાન વડે બીજાઓને સન્માર્ગે લાવે છે તે જ ઋષિ છે, તે જ બ્રાહ્મણ છે.

હારી ગયા. હારી ગયા. એમ બૂમો પાડતાં પાડતાં પંડિતો પાછા જતા રહ્યા. તે દિવસે નીમતાલમાં બહુ મોટી સભા હતી. તે વખતે પણ પૂજ્ય ગુરુદેવની સભામાં એક લાખ લોકોની મેદની હતી. પૂજ્ય ગુરુદેવનું વક્તવ્ય એક શાંત, સ્થિર અને લોકોને આનંદિત કરનારું હતું. જ્યારે જ્યારે તેમના પ્રવચનમાં એક ગંભીર ઊંચાઈ આવતી હતી ત્યારે લગભગ આવું જ બનતું હતું. આ પળો બહુ જ પડકારરૂપ હતી. તે દિવસે પણ આવું જ થયું - પૂજ્ય ગુરુદેવે યાદ કર્યું - આજે કેટલાંક વિદ્વાનો મારી પાસે શાસ્ત્રાર્થ કરવાનો પડકાર લઈને આવ્યા હતા. તે સમયે તો હું કંઈ બોલ્યો ન હતો, પરંતુ અત્યારે સભામાં હાજર લોકોમાંથી મને કોઈ બતાવશો કે આપણા દેશમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વેદો ક્યાં ભણાવાય છે ? મેદનીમાંથી અવાજ આવ્યો - વારાણસી હિન્દૂ વિશ્વવિદ્યાલયમાં. પૂજ્ય ગુરુદેવે ફરીથી પૂછ્યું - ત્યાં કોનું વેદ ભાષ્ય ભણાવાય છે ? જવાબ મળ્યો - મેક્સમૂલરનું. મેક્સમૂલર ક્યાંના હતા ? - જર્મનીના. હવે હું તમને એક પ્રશ્ન પૂછું છું. તમે કદાચ મને સનાતન ધર્મ વિરોધી માની શકો છો, પરંતુ પંડિત મદનમોહન માલવીયજીને તો નહીં માનતા હો. આટલા સારા વિદ્વાનો વિદિશામાં હોવા છતાં શ્રી મદનમોહનજીએ કોઈ ભારતીય વિદ્વાનનું વેદ ભાષ્ય શા માટે અભ્યાસક્રમમાં ન રાખ્યું. આ લોકો મારી સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા હતા. મેં ચાર વેદો અને ૧૦૮ ઉપનિષદોનું ભાષાંતર કર્યું છે. મારું દર્શન ભાષ્ય તો કલકત્તા યુનિવર્સિટીમાં ભણાવવામાં આવે છે. તમે જ બતાવો આમની સાથે કયા આધાર પર શાસ્ત્રાર્થ કરું ? કોઈ નાનું બાળક તેના પિતા સાથે કુશ્તી લડવાનું કહે તો પિતા કુશ્તી લડશે ? આપણે શાસ્ત્રાર્થ કરવામાં તો ઘણું ખોયું છે. શાસ્ત્રાર્થ કરવામાં શક્તિ વેડફવાને બદલે વિદ્વાનોએ પોતાની હારના કારણો શોધી તેનું નિરાકરણ કરવાના ઉપાયો વિચારવા જોઈએ.

એ કહેવાની જરૂર નથી કે જ્યારે પૂજ્ય ગુરુદેવ મંચ પરથી નીચે ઉતર્યા ત્યારે તેમને સૌથી પહેલા પ્રણામ કરનાર આ વિદ્વાનોની મંડળી હતી.

આ તો એમની વીરતા હતી. તેમની ધીરજની કસોટી તેમણે મધ્યપ્રદેશના બાગોદ નામના ગામડામાં આપી. સન્ ૧૯૭૦માં સતનાના સંનિષ્ઠ કાર્યકર ડૉ૦ રતન સક્સેનાએ પોતાના બાપીકા ગામ બાગોદમાં એક યજ્ઞનું આયોજન કર્યું. ગામના પંડિતોએ ગામલોકોને એટલા ડરાવી દીધાં કે કોઈ યજ્ઞ કરવા પણ ન આવ્યું અને કોઈ જાતનો સહકાર પણ આપ્યો નહીં. ડૉ૦ સક્સેનાએ રૂના થેલાથી ગમે તેમ કરીને યજ્ઞમંડપ તો બનાવી દીધો, પરંતુ એક પણ માણસ યજ્ઞમાં આવ્યો નહીં. શ્રી સક્સેનાના કુટુંબીજનોએ જ તે યજ્ઞ કાર્ય પૂરું કર્યું.

**યસ્તુ ક્રોધં સમુત્પન્નં પ્રજ્ઞયા પ્રતિબાધતે ।**
**તેજસ્વિન્નતં વિદ્વાંસો મન્યતે તત્ત્વદર્શિનઃ ॥**

જે મનુષ્ય ઉત્પન્ન થયેલા ક્રોધને બુદ્ધિ દ્વારા શાંત કરી દે છે તે તેજસ્વી પુરુષને તત્ત્વદર્શી લોકો વિદ્વાન કહે છે.

ત્યાં જ ઘેગાંવના એક સત્યનારાયણ તિવારીએ પોતાને ત્યાં ૮૦ દિવસની અંદર ૧૦૮ કુંડીય યજ્ઞ કરાવવાનો સંકલ્પ લીધો અને પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી યજ્ઞ પૂરો નહીં થાય ત્યાં સુધી હું અન્નનો ત્યાગ કરીશ અને ચંપલ પહેરીશ નહીં. શાંતિકુંજના સીનિયર સંગીતજ્ઞો તે યજ્ઞની દેન છે. સન્ ૧૯૭૦માં મળેલ સફળતાએ તે વિસ્તારનું અભિમાન ઓગાળી નાખ્યું અને આજે આખા ભારતવર્ષમાં તે ગાયત્રી પરિવારનો ગઢ ગણાય છે. બાગોદમાં નિરાશ થવાને બદલે પંડિતો સાથેના યુદ્ધને થોડો સમય ટાળવાની ગુરુજીની ધીરજને કારણે જ આજે માળવા, ઇન્દોર વગેરેમાં અશ્વમેધ યજ્ઞો સફળ થઈ રહ્યા છે. પંડિતજીના આ અનુસરણીય કાર્યને કારણે અશ્વમેધ યજ્ઞમાં મોટા મોટા ધુરંધરો ધૂળ ચાટતા થઈ ગયા અને ભારતીય સંસ્કૃતિની દિગ્વિજય પતાકા આખા વિશ્વમાં લહેરાવા લાગી.

### સ્થૂળ શરીર એટલે સૂક્ષ્મ શરીર

જ્યાં સુધી સ્થૂળ શરીર છે, ત્યાં સુધી ઝંઝટ છે. સૂક્ષ્મ શરીરમાં ગયા પછી તો સ્થૂળ શરીરની જરૂરિયાતો સમાપ્ત થઈ જાય છે. ઠંડી-ગરમીથી રક્ષણ, ભૂખ-તરસનું નિવારણ, ઊંઘ અને થાકનું દબાણ આવી કોઈ ઝંઝટ સૂક્ષ્મ શરીરમાં ગયા પછી રહેતી નથી. પગે ચાલીને મનુષ્ય થોડે દૂર સુધી જ જઈ શકે છે, પરંતુ સૂક્ષ્મ શરીરમાં તો એક દિવસમાં સેંકડો યોજનની યાત્રા કરી શકાય છે. એક મુખેથી પરાશક્તિ દ્વારા હજારો લોકોના અંતઃકરણ સુધી પોતાનો સંદેશ પહોંચાડી શકાય છે. સૂક્ષ્મ શરીર દ્વારા બીજાની જેટલી મદદ કરી શકાય છે, તેટલી સ્થૂળ શરીર દ્વારા કરી શકાતી નથી. તેથી જ સિદ્ધ પુરુષો સૂક્ષ્મ શરીર દ્વારા કામ કરે છે. એમની સાધનાઓ પણ સ્થૂળ શરીરવાળા કરતાં જુદી છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પૂ. ગુરુદેવ લેખ નહીં અંતઃકરણ લખતા હતા
## રૂપ જ નહીં, રસ અને ગંધથી ઓળખાતી કલમ

સુનેલ (રાજસ્થાન)ના આપણા એક પરિજને અખંડ જ્યોતિ સંસ્થાન, ઘીયામંડી, મથુરાથી મોકલાવેલ પત્ર પરત કર્યો અને સાથે પોતાના પત્રમાં લખ્યું હતું- 'ગુરુદેવ ! આપનો પત્ર તો મળ્યો, પરંતુ તે સંસ્કૃતમાં લખેલો છે. મને સંસ્કૃત ભાષા આવડતી નથી અને મારી આસપાસ સંસ્કૃતના જાણકાર કોઈ મિત્ર, કુટુંબી કે પરિચિત પણ નથી. તેના એક બે જાણકાર મળ્યા તો પણ તેમનું કહેવું એ હતું કે આ 'બ્રાહ્મી લિપિ'માં લખેલું વૈદિક સંસ્કૃત છે. અમે એને વાંચી શકતાં નથી. કૃપા કરીને એનો અનુવાદ કરીને મને મોકલવા વિનંતી છે. પત્ર કાર્યાલયમાં પરત આવતાં કેટલાય દિવસો સુધી હસીમજાક થતી રહી. પત્ર ન તો સંસ્કૃતમાં હતો કે ન તો બ્રાહ્મી લિપિમાં. સંભવ છે, તે બ્રાહ્મી ભાવનાઓમા લખાયો હોય. પત્ર સંપૂર્ણતયા પરમપૂજ્ય ગુરુદેવના હસ્તાક્ષરોમાં લખાયેલો હતો, પરંતુ તેમના હસ્તાક્ષરો ભલભલાને માટે વાંચવા સંભવ ન હતા. અમરસિંહ અને ભગવાનદાસ બે કંપોજીટરો જ એવા હતા જેઓ મોટાભાગે અનુમાનથી તેમની લિપિ વાંચી લેતા હતા. અનેક શબ્દો પં૰ સત્યભક્તજી ફરીથી લખીને આપતાં ત્યારે કંપોજીટર કંપોજ કરી શકતા હતા.

એક વખત શ્રી રમેશચંદ્રજી શુક્લએ પરમપૂજ્ય ગુરુદેવને પ્રાર્થના કરી. ગુરુદેવ ! અમે કાર્યક્રમોમાં બહાર જઈએ છીએ ત્યારે લોકો ગુરુવંદના ગાવાનું કહે છે. એક ગુરુ વંદના લખી આપો. પૂજ્ય ગુરુદેવે પોતાના સ્વહસ્તથી લખેલું ગીત શ્રી શુક્લાજીને આપ્યું અને છપાવી લેવાની વાત કહીને કાર્યક્રમોની મોટી હારમાળામાં બહાર નીકળી ગયા. ગીત આ મુજબનું છે -

**હમ સાદર શીશ ઝુકાતે હૈં,**
**ગુરુદેવ તુમ્હારે ચરણો મેં ।**
**સબ તીરથ કા ફલ પાતે હૈ,**
**ગુરુદેવ તુમ્હારે ચરણો મેં ॥**
**જબ ભી જિસ યોનિ મેં ભ્રમણ કરેં,**
**જો ભી શરીર પથ ગ્રહણ કરેં ।**
**હમ કમલ ભૃંગવત રમણ કરેં,**
**ગુરુદેવ તુમ્હારે ચરણો મેં ॥**
**ઘર મેં યા વન મેં દેહ રહે,**
**મન કા પદ પંકજ ગેહ રહે ।**
**જીવન ભર બઢતા સ્નેહ રહે,**
**ગુરુદેવ તુમ્હારે ચરણો મેં ॥**
**ધન સંપત્તિ કી ચાહ નહીં,**
**પરિવાર છૂટે પરવાહ નહીં ।**
**બસ હો મેરા નિર્વાહ યહીં,**
**ગુરુદેવ તુમ્હારે ચરણો મેં ॥**
**તુમ સાગર મૈં તો બસ જલ કણ,**
**ભૂલેં ન કભી એક પલ એક ક્ષણ,**
**તન મન ધન સારા હો અર્પણ,**
**ગુરુદેવ તુમ્હારે ચરણોં મેં ॥**


**- પરમપૂજ્ય ગુરુદેવ**

પ્રેસનું કાર્ય એક શબ્દ પર અટકી ગયું. પૂજ્ય ગુરુદેવની મૂળ પાંડુલિપિ પં૰ સત્યભક્તજી સહિત સર્વ વિશેષજ્ઞોની પાસે મોકલી કે જેઓ તેમના 'રાઈટીંગ એક્ષપર્ટ' ગણાતા હતા, પરંતુ કોઈ પણ વ્યક્તિ તે શબ્દને ઉકેલી શક્યો નહીં. આથી ગીત યથાવત્ રાખવામાં આવ્યું. પરમપૂજ્ય પરત આવતાં તેમને પૂછવામાં આવ્યું. એક વખત તો તેમણે પણ કહી દીધું, "ખબર પડતી નથી કે શું લખ્યું છે, પરંતુ પાછળથી તેઓએ જ બતાવ્યું" તે શબ્દ "કમલ ભૃંગવત" હતો, જે કોઈથી પણ વાંચી શકાયો ન હતો. આવું મથુરામાં અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શાંતિકુંજમાં પણ બનતું રહેતું.

એક વખત કાદંબિનીમાં એક લેખ છપાયો હતો જેમાં અનેક મહાન પુરુષોના હસ્તલેખના નમૂના પ્રકાશિત થયા હતા. તેના પરથી એ તારણ કાઢવામાં આવ્યું હતું કે મહાપુરુષોની હસ્તલિપિ સદૈવ મુશ્કેલીથી વાંચી શકાય તેવી હોય છે. પરંતુ પરમપૂજ્ય ગુરુદેવની બાબતમાં એ કહેવું વધુ ઉચિત છે કે કદાચ કોઈ એવો વિચાર વ્યક્તિ હશે જે સરળતાપૂર્વક તેમની હસ્તલિપિ વાંચી શક્યો હોય. નમૂનો જોઈએ.



આજકાલ વિજ્ઞાનમાં સૃષ્ટિના મૂળભૂત કણોની શોધ કરવામાં "ક્વાર્ક" નામના એક એવા પરમાણુ પર ધ્યાન કેન્દ્રિત થયેલું છે. જે સમજો કે એક સેકંડના અબજમાં ભાગ જેટલા ન્યૂનતમ સમયમાં સમગ્ર બ્રહ્માંડની પરિક્રમા કરી લે છે. મનની ગતિ પણ આવી જ છે. તે એક ક્ષણમાં ચંદ્રમાં, સૂર્ય, બ્રહ્માંડના કોઈ પણ ખૂણામાં પહોંચી શકે છે. પરંતુ કોઈ વ્યક્તિ પોતાનો હાથ પોતાની આંગળીઓને તો તેટલી તીવ્ર ગતિ આપી શકતો નથી. બસ, પરમ પૂજ્ય ગુરુદેવની લખાણની આ જ કહાની છે. હાથ તેમના મગજની દોડમાં પહોંચી ન શકતા હતા, એથી તેમના અક્ષર પણ અધૂરા, પરસ્પર ભળેલા અને ખૂબ જ અવાચ્ય રહેતા હતા. મહાપ્રયાણની પૂર્વેનું તેમનું લખાણ તો એટલું અસ્પષ્ટ થઈ ગયું હતું કે એક એક લીટી ઉકેલવામાં એક એક કલાક પસાર થઈ જતો હતો. આ તો તેમના લેખનનું રૂપ છે.

કેટલાંક ફૂલ એવાં હોય છે કે રાત્રિના અંધકારમાં પણ ગંધથી ઓળખી શકાય છે. કેટલાંક ફળ એવાં હોય છે કે જેમના ટુકડે ટુકડા કરી દઈએ અને ગાઢ અંધકારમાં ખાવામાં આવે તો તે રસથી અને સ્વાદથી ઓળખાઈ જાય છે. પરમપૂજ્ય ગુરુદેવની કલમ પણ તે જ રીતે માત્ર રૂપથી નહીં, રસ અને ગંધથી ઓળખાઈ જતી હતી, કારણ કે તેઓ વાસ્તવમાં શબ્દો નહીં, અંતઃકરણ લખતાં હતાં. ક્યારીમાં રહેલાં પાંચ પ્રકારના છોડ પોતપોતાને જરૂરી હોય તેવો રસ અને રંગ તેના કિરણોમાંથી મેળવી લેતાં હોય છે. બરાબર આવી જ સ્થિતિ પરમપૂજ્ય ગુરુદેવના લખાણની રહેતી હતી. જે કોઈ પણ તેને વાંચતું તેને તે પોતાના માટે લખેલું છે તેવો અનુભવ કરતું હતું. તેમણે કદી "અહં" ન લખ્યો, એક એક અક્ષરથી તેમનો આત્મભાવ ટપકે છે અને તે એટલો સરસ અને હૃદયસ્પર્શી હોય છે કે એક વખત શરૂઆત કર્યા પછી મુન્શી પ્રેમચંદની નવલકથાઓની જેમ અંત સુધી પહોંચ્યા વિના મન માનતું નથી. અખંડ જ્યોતિ મળતાં વેંત જ લોકો સર્વ પ્રથમ અપનોં સે અપની બાત વાંચતા અને ગદ્ગદ્ બની જતાં. તેઓ આંખોથી પ્રવેશીને સીધા હૃદયમાં પહોંચીને શરીરના અણુઅણુમાં ફેલાઈ જતાં હતાં. રામાયણ અને ગીતામાં જે આત્મભાવ છે તે પરમપૂજ્ય ગુરુદેવના લખાણોમાં છે અને સરળતાથી તેને આત્મસાત કરી શકાય છે.

તેમની કલમમાં ગંગા જેવી પવિત્રતા અને પ્રવાહિતા પણ હતી. કેટલીય વખત લેખ લખ્યા પછી તેનું લખાણ વધુ થઈ ગયું છે તેમ કહેતાં. કેટલોક હિસ્સો દૂર કરવાનું મન થતું. તે માટે મોટેભાગે ભૂમિકાના હિસ્સાને ઓછો કરવાની વાત કરતા હતા. તે વેળા જ્યારે કોઈ ફકરો તો શું એક લીટી પણ દૂર કરવાથી એમ લાગતું કે લખાણનું સમગ્ર હાર્દ નષ્ટ થઈ જશે. જેમ બિલ્ડીંગની એક ઈંટને દૂર કરવાથી સમગ્ર બિલ્ડીંગ ગબડી જવાની આશંકા થાય છે તેમ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લેખનો એક શબ્દ પણ દૂર કરવાથી સંપૂર્ણ લેખનો જીવનરસ જ સમાપ્ત થઈ જશે તેમ જણાતું. તેમનું લખાણ એટલું સુંદર, શિસ્તબદ્ધ અને સંપૂર્ણ રહેતું કે તેમાં સહેજ પણ કચાશ જણાતી ન હતી.

આજનું લખાણ સાક્ષી ભાવથી લખાય છે. ગુરુદેવ માર્ગદર્શન લખતા હતા, તારણો દર્શાવતાં હતાં. આજનું લેખન આડુંઅવળું અને મનોરંજન પૂરતું કે માત્ર માહિતીપ્રધાન હોય છે. પરમપૂજ્ય ગુરુદેવ દિશાબદ્ધ લખતાં હતાં, લોકમંગળ માટે લખતાં હતાં, પછી ભલે તે લખાણ મનોરંજન પૂરું પાડતું ન હોય. તેઓ પુરોહિત હતા. ગૌરવપ્રદ અને શિસ્તબદ્ધ લખતાં હતાં. ક્યાંય કોઈ પણ લીટીમાં છિછરાપણું જણાતું નહીં. આજ સુધીના ઈતિહાસમાં એક પણ લીટી છિછરી જણાઈ નથી. હવે પછીના યુગમાં જ્યારે તેમના લખાણ પર સંશોધન કરવા કોઈ વ્યક્તિ પ્રયાસ કરશે, તો તેને પણ ન ભૂતો ન ભવિષ્યતિ એમ લખવા વિવશ બનવું પડશે એવો અમારો દૃઢ વિશ્વાસ છે.

ગુરુદેવે કોલબેલનું બટન દબાવ્યું. હાજર થયેલા કાર્યકર્તાને ક્ષેત્રના એક પરિજનનું નામ લઈ તેને પોતાની પાસે મોકલવા જણાવ્યું.

આવનાર વ્યક્તિ સમયથી પોણો કલાક મોડો પહોંચ્યો હતો, તેથી તેણે થોડું ખચકાતાં-ખચકાતાં પૂજ્ય ગુરુદેવના રૂમમાં પ્રવેશ કર્યો. ગુરુદેવ છાપું વાંચી રહ્યા હતા. પરિજનને જોઈને એમણે છાપું બાજુ પર મૂકી દીધું અને તેની સાથે વાતો કરવા લાગ્યા. એમની કોમળતા અને વિનોદપ્રિયતાએ તેના સંકોચને ધોઈ નાખ્યો. વાતચીતનો ક્રમ શરૂ થયો. આ સમય દરમિયાન એમણે તેના કાંડા ઘડિયાળ તરફ ઈશારો કરતાં પૂછ્યું-"ઘડિયાળ સુંદર છે, ક્યાંથી ખરીદ્યું ?" પરિજને કહ્યું-આ વિદેશી ઘડિયાળ છે, ગમી ગયું એટલે ખરીદી લીધું. "ગુરુદેવે કહ્યું-"ભલે, પરંતુ તેનો ઉપયોગ કરવાનું તો તું જાણતો નથી. પછી ઘડિયાળ પહેરવાનો શું અર્થ ? જ્યારે બધાં જ કામ સમયસર પૂરાં કરવામાં આવે, સમયની સાથે સાથે ચાલવામાં આવે, ત્યારે ઘડિયાળનો સાચો ઉપયોગ કર્યો ગણાય. જો આગળ વધવું હોય, ઊંચા ઊઠવું હોય તો મહાકાળની સાથે સાથે ચાલવું પડશે, ત્યારે જ આ ઘડિયાળ ઉપયોગી સાબિત થશે. પરિજન સમયનું મહત્ત્વ સમજી ગયા અને દરેક કામ નિયમિત રીતે કરવા લાગ્યા.

* * *

એક કાર્યક્રમના સંબંધમાં ગુરુદેવને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાનું હતું. કાર્યકર્તાઓ એમના જવા માટેની વ્યવસ્થા કરી રહ્યા હતા. કોઈ કહી રહ્યું હતું કે ફર્સ્ટ ક્લાસની ટિકિટ લઈ લેવામાં આવે, જેથી મુસાફરીમાં કોઈ તકલીફ ન પડે. કેટલાકનું કહેવું હતું કે એરકંડીશનની ટિકિટ લેવામાં આવે જેથી યાત્રા વધારે આરામદાયક રહેશે.

પૂજ્ય ગુરુદેવ આ બધું સાંભળી રહ્યા હતા-એમણે દરેકને પાસે બોલાવીને કહ્યું-મારા માટે પેસેન્જર ગાડીની ટિકિટ લઈ આવો. રિઝર્વેશનની પણ કોઈ જરૂર નથી. પૈસા ય બચશે અને હું આરામથી મારું લેખન પણ કરી લઈશ. એ દિવસોમાં એમને ચાલતી ગાડીમાં પણ લખવાની આદત હતી. જો કે એનીબેસેન્ટ પણ આ રીતે ચાલતી ગાડીમાં લખતી હતી, પરંતુ એમનો પોતાનો અલગ ડબ્બો રહેતો હતો. એકાગ્રતા અને કરકસરનું આવું અદ્‌ભુત મિલન કદાચ પહેલીવાર થઈ રહ્યું હતું. ગાંધીજીના આ અનુયાયીને આ સાદગી શોભા પણ આપતી હતી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# લેખનકળાથી રચાયેલાં સ્મારકો અને દેવાલયો

હલ્દીઘાટીથી બે કિલોમીટર ઉત્તરમાં એક "રક્ત તલાઈ" નામનું સ્થાન છે. આ નામ સ્વયં જ તે સ્થાનની ગાથા છે. તે એ બતાવે છે કે મહારાણા પ્રતાપ અને અકબરના સૈન્ય વચ્ચે અહીં એટલું ભયંકર યુદ્ધ થયું હતું કે આ સ્થાન લોહીનું તળાવ બની ગયું હતું. અહીંયાં સેનાપતિ માનસિંહના મહાવતે પોતાના હાથીને કટાર મારી હતી કે જેણે ચેતકનો એક પગ કાપી નાખ્યો હતો. ચેતક તે જ સ્થિતિમાં મહારાણા પ્રતાપને લઈને ભાગ્યો. તે હલ્દીઘાટીની નજીક વહી રહેલા નાળાને ૪૦ ફૂટના અંતરથી કૂદીને બીજી બાજુ પડ્યો. અહીંયાં તેણે મહારાણાનો સાથ છોડીને પ્રાણનો પરિત્યાગ કર્યો. જે કોઈ પણ ત્યાં જાય છે તે આ જીવની ગૌરવગાથા યાદ કરીને એક વખત પોતાના આંસુ અવશ્ય રેલાવે છે.

આવા ઐતિહાસિક સ્મારકોની માફક અનેક દેવાલયો પણ એવાં છે કે જેમાં સમાયેલી પૌરાણિક ગાથાઓ હજારો વર્ષ પછી પણ શ્રદ્ધાળુ તીર્થયાત્રીઓને પ્રેરણા આપે છે. પરમપૂજ્ય ગુરુદેવે શાંતિકુંજની સ્થાપના પણ આવા જ અવિસ્મરણીય સ્મારકના રૂપમાં કરી છે. અહીંયાં ગાયત્રી મહામંત્રની પ્રથમ ઘોષણા થઈ હતી. પહેલી વખત મહર્ષિ વિશ્વામિત્ર અહીં મહામંત્રના ઉદ્‌ઘોષક બન્યા હતા. આ પુરાણગાથા માત્ર શાંતિકુંજ પધારનારાઓને ભાવવિભોર બનાવી દે છે. દુનિયામાં જેટલા પણ સ્મારકો અને દેવાલયો છે તે બધાની પાછળ આવો કંઈને કંઈ ઇતિહાસ સમાયેલો છે.

આ બધા સ્મારકો સીમેન્ટ અને આરસના બનેલાં છે, પરંતુ પરમપૂજ્ય ગુરુદેવે કેટલાંક સ્મારકો હૃદય અને મગજની કલમથી કાગળ પર અખંડ જ્યોતિ અને યુગનિર્માણ યોજનાના વિશેષાંકોના રૂપમાં સ્થાપિત કર્યાં છે. આ સ્મારકોને હજારો વાચકોએ પોતાના ઘરના જ્ઞાનમંદિરોના રૂપમાં સાચવીને જાળવી રાખ્યાં છે કે જેથી ભવિષ્યમાં તેમના પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર એમનું દર્શન અને વાંચન કરીને ઇચ્છિત પુણ્યફળ પ્રાપ્ત કરે.

આ વિશેષાંકોમાં વર્ષ ૧૯૬૪ અખંડ જ્યોતિ રજત જયંતી વર્ષ અગાઉના સતયુગ અંક જાન્યુઆરી ૪૨, પ્રેમ અંક મે ૪૨ તથા સત્ય અંક જૂન ૪૨ના હતા. જાન્યુઆરી ૪૪, ૪૫, ૪૬, ૪૯, ૫૦, ૫૧ ના ક્રમશઃ સંમોહન સિદ્ધિ મનોવિજ્ઞાન, બ્રહ્મ વિદ્યા, પ્રાકૃતિક ચિકિત્સા, આર્થિક સુવ્યવસ્થા તથા પરિવાર અંક આજે પણ તે સમયના જેટલા જ ઉપયોગી છે. ફેબ્રુઆરી ૪૬નો મનોવિકાર અંક, માર્ચ ૪૬નો મનોવિકાર ઉપચાર અંક, ફેબ્રુઆરી ૪૭નો યોગ માયાચાર, માર્ચ ૪૭નો ચમત્કાર અને એપ્રિલ ૪૭નો યોગસાધના અંક વાંચીને પરમપૂજ્ય ગુરુદેવની પ્રારંભિક અવસ્થાની પૂર્ણતાનું સહજ અનુમાન કરી શકાય છે. ૧૯૪૮ અને તે પછી ક્રમશઃ મે, જૂન, જુલાઈના ૪૮ના બધા અંકો, જાન્યુઆરી ૫૫, ઓક્ટોબર ૫૫, જાન્યુઆરી ૫૯ના ગાયત્રી ઉપાસના સાધના વિશેષાંક એક રીતે ઉપાસના ક્ષેત્રની ક્રાંતિ કહી શકાય છે. આ રીતે જાન્યુઆરી ૫૪, જુલાઈ ૫૫, ઓગસ્ટ ૫૫, ડિસેમ્બર ૫૫, જાન્યુઆરી ૫૬ના યજ્ઞ વિશેષાંક એટલી બધી વિજ્ઞાનસંમત સમજ આપે છે કે જેટલી સમજ આ યુગનું સૌથી આધુનિક વિજ્ઞાન પણ કદાચ ન આપી શકે.

યુગ નિર્માણ યોજનાના ૧૦૮ સૂત્રી કાર્યક્રમોનું વિવેચન પરમપૂજ્ય ગુરુદેવે ૧૯૬૩ના જૂનના અંકમાં કર્યું હતું, તો ઓક્ટોબર ૬૭નો મહાકાલ અને યુગ પ્રત્યાવર્તન અંક પોતાની રીતે અધ્યાત્મ ક્ષેત્રનો અનુપમ અંક કહી શકાય છે. શાંતિકુંજમાં પ્રારંભ કરેલી સર્વપ્રથમ પ્રાણ પ્રત્યાવર્તન સાધનાની સુંદર વ્યાખ્યા પરમપૂજ્ય ગુરુદેવે જૂનના અંકમાં કરી હતી અને વાનપ્રસ્થની વ્યાખ્યા જુલાઈ ૭૩ના અંકમાં કરી હતી. આ વ્યાખ્યાઓ કોઈ તીર્થ દેવાલયની સ્થાપનાથી ઓછી નથી. આ લેખન સામગ્રી ભવિષ્યમાં સંશોધનકારોને એક પાકેલા ફળની ગરજ પૂરી પાડશે અને ભારતીય સંસ્કૃતિને વિશ્વ સંસ્કૃતિ બનવામાં સહાયક નીવડશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમપૂજ્ય ગુરુદેવ હિન્દુ કન્યાઓના સંરક્ષક હતા
## (દહેજના દાનવોથી બચાવીને ક્રાંતિકારી પ્રયોગો મારફત માર્ગદર્શન આપ્યું)

માસ્ટર સાહેબ ! એક વાત બતાવો કે આપણે ત્યાં એ પરંપરા કેમ છે કે છોકરો એવો શોધવામાં આવે જે સ્વયં કમાઈને છોકરીનું ભરણપોષણ કરે. હવે જો આ વાત ઊલટાવી દઈએ કે છોકરી સુશિક્ષિત હોય, કમાતી હોય અને છોકરો ઘર અને બાળકોની સંભાળ રાખે તો શું આ કોઈ ખરાબ વાત છે ? પરમપૂજ્ય ગુરુદેવે આ વાત મથુરાના એક માસ્ટર સાહેબ અગ્રવાલને પૂછી હતી. તેમની છોકરી ત્યાં અધ્યાપિકા હતી. શ્રી અગ્રવાલજી છોકરીના લગ્નની બાબતમાં ઘણા પરેશાન હતા. એક બાજુ સારો છોકરો શોધવામાં દહેજની સમસ્યા હતી, તો બીજી બાજુ છોકરીને મળેલી આજીવિકા છૂટી જવાની સમસ્યા હતી તેઓ પૂજ્ય ગુરુદેવ પાસે આ સંદર્ભમાં સલાહ લેવા આવ્યા હતા. ઉપરોક્ત સલાહ તે જ સમયની છે, જેનો અગ્રવાલ સાહેબે સ્વીકાર કર્યો અને સમર્થન પણ આપ્યું. આના પરિણામ સ્વરૂપે પરમપૂજ્ય ગુરુદેવે એમ. એ., બી. એડ. છોકરીના લગ્ન એક હાઈસ્કૂલના છોકરા સાથે કરાવી દીધાં. છોકરાએ ઘર અને પોતાના બાળકોની જવાબદારી ઉપાડી, છોકરીએ પોતાની આજીવિકા સંભાળી. આ લગ્ન સફળ તો રહ્યા, બલ્કે છોકરીએ પોતાના અલ્પ શિક્ષિત પતિને ભણાવીને પોતાને સમકક્ષ બનાવ્યા.

હિન્દૂ સમાજમાં રહેલા કુરિવાજોમાંથી લગ્નની ક્રૂર દહેજપ્રથાથી પરમપૂજ્ય ગુરુદેવ સૌથી વધુ દુઃખી અને ચિંતિત રહેતાં હતાં. પૂજ્ય ગુરુદેવ દહેજપ્રથાથી સર્જાતી અમાનવીય ઘટનાઓ વાંચીને રડી પડતાં હતાં. આ પ્રકારની ઘટનાઓથી તેઓ એટલા બધા દુઃખી બની જતાં જાણે કે તેમની પોતાની કન્યા સાથે આવી દુર્ઘટના બની હોય. તેઓ કહેતા હતા કે જો હિન્દૂ સમાજ પોતાનો આ કેન્સર ઓળખશે નહીં, તો એક દિવસ હિન્દૂ કન્યાઓ વિદ્રોહ કરશે અને વિદેશીઓ કે વિધર્મીઓ સાથે લગ્ન કરીને હિન્દૂ સમાજ પર થૂંકશે. પ્રવાસી ભારતીયોમાં તો આ રોગ ખરાબ રીતે લાગુ પડી પણ ગયો છે. એટલા માટે પરમપૂજ્ય ગુરુદેવે આ કુરિવાજ પર સૌથી વધુ પ્રહાર કર્યો અને એવા પ્રયોગો પણ કર્યા કે જેથી આજની પેઢીના નવયુવકો પોતાના વડીલો સામે વિદ્રોહ કરીને દહેજ મુક્ત આદર્શ લગ્નો માટે સંપૂર્ણ પણે તત્પર પણ બને.

પરમપૂજ્ય ગુરુદેવના નવેમ્બર ૧૯૬૯ના શરૂઆતના કાર્યક્રમોની હારમાળા પૈકીનો પહેલો કાર્યક્રમ ૨૦ થી ૨૪ નવેમ્બર સુધી પટણાનો હતો. પરમપૂજ્ય ગુરુદેવે ૧૯મી નવેમ્બરે નીકળવાનું હતું. શ્રી રમેશચંદ્ર શુકલ પણ સાથે જનાર હતા. મથુરાના એક વકીલ સાહેબ નીકળવાના માત્ર ત્રણચાર કલાક પહેલાં પૂજ્ય ગુરુદેવની પાસે આવ્યા. તેમણે પણ પોતાની પુત્રી રીતીના સંબંધ વિશે દુઃખ રજૂ કર્યું. પૂજ્ય ગુરુદેવે એવી રીતે કહ્યું જેમ કે પહેલેથી તેમણે સંબંધ નક્કી રાખ્યો હોય. તેઓ બોલ્યા, છોકરીને હમણાં જ તૈયાર કરીને લઈ આવો અને તમે પણ સાથે ચાલો. અમે પટણા જઈ રહ્યા છીએ, મારી સાથે ચાલો ત્યાં કંઈ કરીશું.

વકીલ સાહેબ તૈયાર થઈને આવી ગયા. બધા લોકો પટણા પહોંચ્યા. પરમ પૂજ્ય ગુરુદેવનો વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં કાર્યક્રમ હતો. તેમાં તેમણે દહેજ સમસ્યા પર ક્રાંતિકારી પ્રવચન કર્યું અને હાજર રહેલા સ્નાતકોને દહેજ ન લેવાની પ્રતિજ્ઞા લેવડાવી. તેમણે લગ્નયોગ્ય એક છોકરાને ઉદાહરણ રજૂ કરવાનું કહ્યું. સુરેન્દ્ર સિંહા નામના પી. એચ. ડી. કરી રહેલા યુવકે તુરત જ પોતાના કદમ આગળ વધાર્યા. તાત્કાલિક સંપૂર્ણ વ્યવસ્થા કરી દેવાઈ અને રીતાના લગ્નસંસ્કાર તે જ દિવસે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પટનામાં આનંદપૂર્વક ગાયત્રી પરિવારની આદર્શ અને ધાર્મિક લગ્ન પદ્ધતિથી ગોઠવવામાં આવ્યા.

આ બાજુ લગ્ન વિધિ શરૂ થઈ અને પેલી તરફ છોકરાના પિતાજીને તેની ખબર મળી. તેઓ બકસરમાં પોલિસ ઈન્સ્પેકટર હતા. ઘણો જ હોબાળો મચાવ્યો, પરંત સુરેન્દ્ર અડગ રહ્યો. લગ્ન તો યોજાઈ ગયા અને આજે પણ તે બંને સુખી દાંપત્ય જીવન જીવી રહ્યાં છે. એક બાળક પણ છે. શ્રી સિંહાજી દિલ્હી સીમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં ઉચ્ચ હોદ્દા પર છે અને મિશનની સાથે સંકળાયેલા છે. શાંતિકુંજ હંમેશાં આવતાં રહે છે.

ગુરુદેવે શાંતિકુંજમાં બીજા અન્ય ક્રાંતિકારી પ્રયોગો કર્યાં. તેમણે ભાટાપારા રાયપુરના શ્રી બટ્ટુલાલ કૈવર્ત્યની પુત્રી કમલાના લગ્ન બરેલીના શ્રી સુરેશ સંત (કુર્મી)ની સાથે, લક્ષ્મી કૈવર્તના લગ્ન ગુજરાતના વિપિન પટેલ સાથે, મુંગેરના કોહરી રાજેન્દ્ર પ્રસાદના લગ્ન ઝાંસી નિવાસી શ્રી મુન્નાલાલ જીરૌનિયા સાથે, સિંધી જયરામ મોટલાનીનો સંબંધ ચંદીગઢ નિવાસી શ્રી લખનપાલની પુત્રી સાથે કરાવ્યો. મોટલાની રાજનાદ ગામના રહેવાસી છે. સંગીત પ્રતાપ શાસ્ત્રીના લગ્ન જબલપુરની શીલા શ્રીવાસ્તવ અને ચીફ એકાઉન્ટસ ઓફીસર, શાંતીકુંજ શ્રી હરીશ ઠક્કર (ગુજરાતી)ના લગ્ન હલદ્વાની નિવાસી શ્રી રામસિંહ મહેતાની પુત્રી પુષ્પા મહેતા સાથે કરાવ્યા. આ બધા લગ્ન સફળ તો થયાં અને સાથોસાથ બધા દંપત્તિ સુખી અને સમૃદ્ધ જીવન પસાર કરી રહ્યાં છે.

પરમપૂજ્ય ગુરુદેવ વિધવા લગ્નોના પણ હિમાયતી હતાં. પરંતુ તે માટે બંને સંતાનરહીત હોવાં જોઈએ. જો સંતાન હોય તો બંને નવ દંપત્તિ બાળકોને પોતાના સંતાનોની જેમ પાલનપોષણ કરશે. તેમણે અકોલા નિવાસી શ્રી મોરેશ્વર રામચંદ્ર પારધીની પુત્રી નલિનીના લગ્ન એવા ડૉ૦ ટી. એલ. શાહ સાથે કરાવ્યા કે જેનાં બંનેના બબ્બે બાળકો હતા. લગ્ન પછી બંનેનું જે સંયુક્ત બાળક જન્મ્યું તેને બંનેની વચ્ચે બેસાડ્યું અને ચારે બાળકોને બંને દંપત્તિની આજુબાજુ બેસાડીને ફોટો પડાવ્યો અને તે ફોટાને પાક્ષિક પ્રજ્ઞા અભિયાનમાં છાપ્યો કે જેથી લોકોને પ્રેરણા મળે અને આવા લગ્નોને સામાજિક સમર્થન મળે.

આજે હિન્દૂ સમાજના કેન્સર બની રહેલા લગ્નોને પરમપૂજ્ય ગુરુદેવે જે દિશા અને ગતિ આપી છે, તેને આંદોલનનું સ્વરૂપ આપવાની અનિવાર્ય આવશ્યકતા છે, જેથી સમાજને દહેજના દાનવથી બચાવી શકાય અને કન્યાઓનું રક્ષણ થઈ શકે.

---

તપોભૂમિ મથુરામાં એ દિવસે સત્ર પૂરું થતાં ગુરુદેવનું વિદાય પ્રવચન થઈ રહ્યું હતું. દરેક પરિજનો શાંતિથી એમનું પ્રવચન સાંભળી રહ્યાં હતાં. ભાવવિભાંર સ્વરમાં તેઓ કહી રહ્યા હતા - જ્યારે તમે બધા જતા રહેશો, ત્યારે આ તપોભૂમિ મને બચકાં ભરશે. તે મને પૂછશે-"તમે જેના માટે આવતા હતા-તેઓ ક્યાં છે ? હું શું જવાબ આપીશ ?" શબ્દોની માર્મિકતા પર સૌ રડી પડ્યા. એમની આંખોમાંથી પણ આંસુ ટપકવા લાગ્યાં હતાં. થોડીવાર પછી તેઓ સ્વસ્થ થઈને બોલ્યા-આ આંસુઓની ધારા જ આપણા સંગઠનને સિંચશે અને તેને લીલુંછમ બનાવી દેશે.

આજે એમના ન રહેવાથી લાખો આંખોમાંથી આંસુઓનો સાગર ઊમટયો છે. ભલે તે દેખાતો ન હોય ! પરંતુ જે આંખોએ એમના દર્શન કર્યાં છે, તે શું રડ્યા વગર રહેશે ખરી ? આંખોને રડવા દો-વહેવા દો પ્રેમાશ્રુઓની ધારાને, જેનાથી સિંચાઈને સંગઠનની હરિયાળી વધે, પરંતુ ધ્યાન રહે-કર્મરત હાથ શિથિલ ન પડે. આપણને પ્રેમનો અગાધ સાગર ઉપરથી જોઈ રહ્યો છે. એનું માત્ર એક જ નામ છે-"રસો વૈ સઃ"


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હું સંકટોથી હાર માની લઉં એ સંભવ નથી
## (સફળતાનું આ સોપાન જ સાચું છે, બાકી બધું અસત્ય છે)

જો તે ઑર્ડિનન્સ કાયદો બની જાત તો ઉત્તર પ્રદેશની પ્રત્યેક ધાર્મિક સંસ્થાને પ્રાપ્ત સહાય પર ન માત્ર સાત ટકા ટેક્ષ ચુકવવો પડત, બલ્કે નાના આશ્રમો, મઠ, મંદિરોમાં એક વહીવટી અધિકારીની નિમણૂંક થાત અને પ્રત્યેક ધાર્મિક સંસ્થાનું નિયંત્રણ સીધું એક વહીવટી અધિકારીના હાથમાં આવત. આમ થતાં બજેટથી લઈને ખર્ચ પણ આ અધિકારીની મંજુરી વગર કરવું સંભવ બનત નહીં. આ વાત વર્ષ ૧૯૭૭ની છે, જ્યારે ઉત્તર પ્રદેશના તે વેળાના રાજ્યપાલ શ્રી ડૉ૦ ચેન્નાં રેડ્ડીએ એક ઑર્ડિનન્સ જાહેર કરીને ઉત્તર પ્રદેશમાં આવેલી બધી ધાર્મિક સંસ્થાઓને સીધી સરકારના અંકુશમાં લઈ લીધી હતી. આ સરકારી આદેશ ચાબુક મારવા જેવો હતો કે જેનાથી ઉત્તર પ્રદેશની બધી ધાર્મિક સંસ્થાઓ ખળભળી ઊઠી હતી.

જૈન ધર્મના તેરાપંથ સંપ્રદાયના કેસના સ્ટેને કારણે જોકે રાજ્યપાલના મહોદયને આ આદેશ પાછો ખેંચવો પડયો, પરંતુ જ્યાં સુધી આ કાળો આદેશ છવાયેલો રહ્યો ત્યાં સુધી ધાર્મિક સંસ્થાઓએ વિલક્ષણ બેચેની સહન કરવી પડી. આથી ચારેતરફ દોડાદોડી ચાલુ રહી. તે સમયે હરિદ્વાર સહરાનપુર જિલ્લાનો એક ભાગ ગણાતું હતું. તે સમયના સહરાનપુર જિલ્લાના કલેક્ટર માનનીય શ્રી આર. કુમાર સાહેબ શાંતિકુંજના અંતઃકરણ અને હૃદયથી પરિચિત હતા. આથી 'યુગ નિર્માણ યોજના'ને આ આદેશના અમલથી બાકાત રાખવા પ્રયત્નશીલ હતા. એના માટે તેમણે માનનીય રાજ્યપાલ મહોદયના બે વખત કાર્યક્રમ શાંતિકુંજમાં ગોઠવ્યા.

આ મિશનને સો ટકા છૂટ મળે તેવી સંભાવના હતી, પરંતુ પરમપૂજ્ય ગુરુદેવ ભલા તેની પ્રતીક્ષા કેમ કરે. તેમનું આ કથન, "મનુષ્યે સારામાં સારા ભવિષ્યની કલ્પના કરવી જોઈએ અને ખરાબમાં ખરાબ પરિસ્થિતિ માટે હંમેશાં તૈયાર રહેવું જોઈએ," આ જીવન મંત્રને માત્ર કહ્યો જ નહીં. જ્યારે પણ તેવી પરિસ્થિતિઓ આવી સ્વયંને પણ તેમણે સજાગ અને તૈયાર રાખ્યા. તેમને ભ્રષ્ટ અધિકારીઓના નિયંત્રણમાં કામ કરવું કોઈ પણ સ્થિતિમાં સ્વીકાર્ય ન હતું અને એથી આ વાતથી ખૂબ જ નારાજ હતા.

આથી તેમણે તે વેળાના શાંતિકુંજના બધા કાર્યકર્તાઓને બોલાવ્યા અને સંપૂર્ણ સ્થિતિ બતાવીને કહી દીધું કે આપણું મિશન પૂરું કરવાનું છે. આ કાર્ય તે આદેશ હેઠળ કરવું હવે ઘણું મુશ્કેલ બનશે, આથી હવે આપણે નવો રસ્તો અપનાવવો પડશે. પરમપૂજ્ય ગુરુદેવે નવા કાર્યક્રમની જે રૂપરેખા તે વેળા બનાવી હતી તે આ પ્રકારની હતી. પૂજ્ય ગુરુદેવે બતાવ્યું -

"રાજસ્થાનના લુહારોની માફક આપણે જેટલા લોકો છીએ તે બધા લોકો માટે બબ્બે ગાડાઓ બનાવીશું. એક સામાન સાથે એક પરિવારના બધા લોકોને બેસવા માટે હશે. એક સ્વયં અને વંદનીય માતાજી માટે હશે, એકમાં ગાયત્રી માતાનું મંદિર હશે, એકમાં સાહિત્ય હશે અને વચમાં જ્યારે જરૂર પડશે ત્યારે મથુરાથી પ્રકાશિત સાહિત્ય મંગાવતાં રહીશું, એકમાં યજ્ઞની સંપૂર્ણ સામગ્રી હોર્ન માઈક વગેરે રહેશે. આ પ્રકારના પાંચ ગાડાઓ એક પ્રકારથી "શાંતિકુંજ આશ્રમના પ્રતીક" બનશે. આપણે બધા સમૂહમાં સમગ્ર દેશનું દેશાટન કરીશું. સાંજે જ્યાં પણ પડાવ પડશે ત્યાં મહિલાઓ ભોજનની અને પુરુષો ભજનની વ્યવસ્થા કરશે. ગાયત્રી માતાની આરતી અને ગીત સંગીત થતાં કેટલીક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિઓ એકત્ર થઈ જશે. તેમની વચ્ચે સંક્ષિપ્ત પ્રવચન થશે. બીજા દિવસના ધ્યાન, ઉપાસના, યજ્ઞ સંસ્કાર, સભાની રૂપરેખા સમજાવીને તે દિવસે વિશ્રામ કરીશું.

બીજા દિવસે સવારથી કાર્યક્રમ શરૂ કરીશું અને જો આ કાર્યક્રમોમાં જનતાની અભિરુચિ વ્યાપક જણાશે તો તે સ્થાન પર એક બે દિવસ સતત કાર્યક્રમ કરીશું. જો તેમ થશે નહીં તો આગળ પ્રસ્થાન કરીશું અને હંમેશની જેમ બધા વર્તમાન કાર્યક્રમો ચાલુ રાખીશું. જે કંઈ દાનદક્ષિણા મળતી રહેશે તેનાથી આપણું ગુજરાન કરતાં રહીશું. આપણે તો આપણા મિશનનું કાર્ય કરવાનું છે. પ્રાચીનકાળમાં પણ આ પ્રકારની પ્રવ્રજ્યાઓ ચાલતી હતી. જે લોકો આ કાર્યક્રમોને પસંદ કરશે ત્યાં ભવિષ્ય માટે મોટા આયોજનો, કથાઓ અથવા સાધના શિબિરોનું નિર્ધારણ કરીને ફરીથી ત્યાં પહોંચીને કાર્યક્રમો હાથ ધરતાં રહીશું. શાંતિકુંજમાં સુવિધા અને સરળતાપૂર્વક એક પ્રકારના કાર્યક્રમો જે સાધનજન્ય પરિસ્થિતિઓમાં કરવા સંભવ છે તે થોડી અભાવયુક્ત સ્થિતિમાં, પરંતુ વિશેષ ઉત્સાહ અને આનંદપૂર્વક પરિપૂર્ણ કરીશું, પરંતુ આપણો સંકલ્પ અધુરો રહે એ કેમ બની શકે છે. બોલો તમે બધા લોકો એના માટે તૈયાર છો કે નહીં ? બધા હાજર પરિજનોએ હાથ ઊંચા કરીને કહ્યું, "ગુરુદેવ ! તમે જ્યાં પણ જશો, જે રીતે ચાલશો તે રીતે જ અમે તમારી પાછળ પાછળ ચાલીશું." પરમપૂજ્ય ગુરુદેવ ઘણા પ્રસન્ન થયા અને આ રીતે એક નવા મનોબળ સાથે તે દિવસની ગોષ્ઠિ સમાપ્ત થઈ.

નદી વહે છે ત્યારે કોઈ જગ્યાએ સમતલ જમીન હોય છે, તો કોઈ જગ્યાએ પહાડો, જગલો અને ખેતરો પણ વચ્ચે આવે છે. તે કોઈ જગ્યાએ પોતાનો રસ્તો જગ્યા કાપીને બનાવે છે તો કોઈ જગ્યાએ માર્ગ બદલે છે, પરંતુ ક્યાંય કદી પણ અટકતી નથી. પરમપૂજ્યનું ગુરુદેવનું આવું જ વ્યક્તિત્વ હતું. તેમણે કદી પણ પરિસ્થિતિઓથી ન તો હાર માની કે ન તો સમાધાન કર્યું. હર કોઈ સ્થિતિમાં પોતાનો માર્ગ શોધ્યો, ત્યારે તો ગોમુખથી નીકળેલું આ મિશન આજે આટલું વિરાટ સ્વરૂપ પ્રાપ્ત કરી શક્યું છે.

એ કહેવું જરૂરી નથી કે તેઓ હાર્યા, સરકારી હારી. સરકારી આદેશ પાછો ખેંચાયો અને શાંતિકુંજમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓની વિકાસયાત્રા પુનઃ યથાવત્ શરૂ થઈ.

સન્ ૧૯૮૮ની ઠંડી શરૂ થઈ ગઈ હતી. નવેમ્બર મહિનાની વાત છે. તેઓ પોતાના રૂમમાં ખાટલા પર સુતાં-સુતાં દર્શન સંબંધી કોઈ તથ્યનો ખૂલાસો કરી રહ્યા હતા. સાંભળી રહેલા શિષ્યે કુતૂહલવશ પૂછ્યું-"ગુરુજી ! આપ અમારી વચ્ચે જ રહેશો ને, મરી તો નહિ જાઓ ને ?" શિષ્યની વાત સાંભળી તેની મૂર્ખતા પર હસતાં-હસતાં બોલ્યા-"મારું મૃત્યુ કેવું ? હું શાશ્વત છું. બેટા ! પછી ઝભ્ભાનો એક છેડો ઊઠાવીને કહેવા લાગ્યા-જ્યાં સુધી આ શરીરની વાત છે, એક ઝટકામાં આ ઝભ્ભાની માફક ઉતારીને ફેંકી દઈશ."

"પછી તો આપ અમારાથી દૂર થઈ જશો." શિષ્યએ ફરીથી જિજ્ઞાસા પ્રકટ કરી. મારે ક્યાંય જવાનું નથી. હું આ શાંતિકુંજમાં જ રહીશ. પહેલાં કરતાં પણ સૌની વધારે નજીક. બસ મારી ચેતનાની અનુભૂતિ માટે થોડી સંવેદનશીલતા વધારવાની જરૂર છે. આજે એમણે પોતાનું શરીર ઝભ્ભાની માફક ઉતારીને ફેંકી દીધું છે. યાદ આવે છે શિષ્યોને એમના શબ્દો-હું શાશ્વત છું. નિશ્ચિત રૂપથી તેઓ શાંતિકુંજમાં પહેલાં કરતાં પણ વધારે સઘન થઈ સંવ્યાપ્ત છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ઉદ્યોગિનઃ પુરુષ સિંહો મુપૈતિ લક્ષ્મી

## (દેશ આ જ સિદ્ધાંતને આધારે આગળ વધીને સમૃદ્ધ બનશે)

સિરોહી રાજસ્થાનનું એક મુસ્લિમ કુટુંબ કેટલીયે પેઢીઓથી બાંધેલી મજુરી કરીને જીવન વિતાવી રહ્યું હતું. તે કુટુંબની એક માતાના નવયુવક પુત્રની આજીવિકાનો પ્રશ્ન ઉપસ્થિત થયો તો તે જ બાંધેલી મજુરીનો વારસાગત ધંધો નજરે ચઢ્યો. બાળક હોનહાર અને હૃષ્ટપુષ્ટ હતો. આથી માતાએ બાળક કોઈ પણ સંજોગોમાં બાંધેલો મજુર ન બને તેવો નિશ્ચય કર્યો. તેણે પોતાની પાસે જે કંઈ હતું તે બાળકને આપી દઈને પોતાના પગ પર ઊભા રહેવાની શિખામણ આપીને મુંબઈ મોકલી દીધો. તેની એક જ ઇચ્છા હતી કે બાળક પોતાના પગ પર ઊભો રહીને સ્વાવલંબી જીવન જીવે.

બાળકે મુંબઈમાં ફુગ્ગા વેચવાથી પોતાના જીવનની શરૂઆત કરી. એક દિવસ કોઈ ડૉક્ટરના દવાખાના પાસે ઊભો રહીને ફુગ્ગા વેચી રહ્યો હતો. ડૉક્ટરે પોતાના મિત્ર સાથેના વાર્તાલાપમાં સંજોગવસાત્ કહ્યું, "હિન્દુસ્તાની અથાણાં બનાવવાનું જાણતાં નથી, વિદેશી અથાણાં ખાધા કરે છે." આ શબ્દો બાળક અબ્દુલ કરીમના કાન પર અથડાયા. મગજમાં સ્વયં પ્રશ્ન ઊઠ્યો, આપણા દેશમાં સારું તેલ હોય છે, સર્વ પ્રકારના ફળ હોય છે, અહીંના જેવા મસાલા દુનિયાભરમાં ક્યાં હશે ? તો પછી ડૉક્ટર પોતાના દેશને કેમ દોષિત ઠરાવે છે ? અબ્દુલ કરીમ પાસે જેટલા પૈસા હતા તેનાથી થોડું સારું તેલ, થોડા ફળ, થોડા મસાલા ખરીદ્યા, પોતાના હાથ વડે અથાણું બનાવ્યું અને તે જ ડૉક્ટર સાહેબને એક બોટલ હાથમાં આપી. તે અથાણું ખાઈને ડૉક્ટર ગદ્‌ગદિત્ થઈ ગયા. તેઓ લાયન્સ ક્લબના પ્રમુખ હતા. તેમણે પોતાના બધા લાયન્સની સાથે ચર્ચા કરી. આટલેથી બાળકના આર્થિક વિકાસે વેગ પકડયો અને તે ૭૬ દેશોમાં નિકાસ કરવા લાગ્યો. આ તે જ મજૂરનો બાળક હતો કે જેણે ક્યારેક ફુગ્ગા વેચવાથી સ્વાવલંબી જીવનની શરૂઆત કરી હતી. હવે તે પ્રત્યેક વર્ષ વિવિધ ભારતી જેવા પ્રસારણોની જાહેરાતોમાં ખર્ચ કરે છે. આટલેથી જ તેની આર્થિક સમૃદ્ધિનું અનુમાન કરી શકાય છે.

ટૂંકમાં, આ પ્રસંગ પરમપૂજ્ય ગુરુદેવના જીવનનો સશક્ત સિદ્ધાંત પણ હતો અને પ્રખર પ્રેરણા પણ હતી, કે જેના માધ્યમથી તેઓ દેશના એક કરોડ નવયુવકોને આજીવિકા આપવા અને સ્વાવલંબી જીવન વિતાવવાં માટે સંમત કરવા ઇચ્છતાં હતાં.

આના પર તેમણે માત્ર લેખો જ લખ્યા નથી, પરંતુ એવા જીવનચરિત્રો અને મુશ્કેલીમાં મોટા થયેલા મહાપુરુષોના સંસ્મરણો પણ છાપ્યાં છે. આ ઉપરાંત એક ડગલું આગળ વધીને તેમણે ૧૯૬૫ની સાલમાં ગાયત્રી તપોભૂમિ, મથુરામાં સ્વાવલંબન વિદ્યાલયનો પાયો નાખ્યો અને એક વર્ષના તાલીમી અભ્યાસક્રમો શરૂ કર્યા. આ તાલીમી અભ્યાસક્રમોમાં રેડિયો અને ટી. વી. રીપેરિંગ, સાબુ, શાહી, ડિટરજન્ટ વગેરે બનાવવું, રિફિલ પ્લાસ્ટિક મોલ્ડિંગ, વિદ્યુત ફિટિંગ, વેલ્ડિંગ, લેથ, પેસ, ફોટોગ્રાફી વગેરે ૨૬ ઉદ્યોગોના તાલીમની વ્યવસ્થા કરી. આ જ વિદ્યાલયના લઘુ સંસ્કરણના રૂપમાં તેમણે એક મહિનાના તાલીમી અભ્યાસક્રમો માટેનું સ્વાવલંબન વિદ્યાલય શાંતિકુંજમાં શરૂ કર્યું, જેમાં અગરબત્તી અને યજ્ઞોપવીત બનાવવાનું, શોભા માટેના રમકડાં બનાવવાનું અને સ્ક્રીન પ્રિન્ટિંગ વગેરેનું કામ સામેલ કર્યું. સરકારની ઉદ્યોગોના વિકાસની ટ્રાયસેમ જેવી યોજનાઓ એટલી બધી સફળ ન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થઈ, કેમકે તેમાં આંગળી પકડીને શિખવવાની કોઈ વ્યવસ્થા ન હતી અને વ્યક્તિત્વના ઘડતર પર કોઈ ધ્યાન ન હતું, પરંતુ પરમપૂજ્ય ગુરુદેવના આ સ્વાવલંબન વિદ્યાલયોએ કેટલા બેરોજગાર બાળકોને સન્માનજનક આજીવિકા આપી છે તેના પર કરેલું વિહંગાવલોકન પણ ઘણું ઉત્સાહવર્ધક અને પ્રેરણાપ્રદ છે.

ગુલાબપુરા ભીલવાડાના નંદલાલ નુવાલ નામના એક સાધારણ ટાઈપીસ્ટ એક દિવસે પોતાના બાળક સત્યનારાયણ નુવાલને લઈને ગાયત્રી તપોભૂમિ, મથુરા આવ્યા. પૂજ્ય ગુરુદેવને ફરિયાદ કરી કે આ બાળક ભણતો પણ નથી કે કોઈ કામ પણ કરતો નથી. હું એકલો ગૃહસ્થી કેવી રીતે ચલાઉં ? પૂજ્ય ગુરુદેવે કહ્યું, બાળકને અહીં એક વર્ષ માટે અમારી પાસે મૂકી જાઓ. બાળકે એક વર્ષની તાલીમ મેળવ્યા પછી ભીલવાડા જઈને પરમપૂજ્ય ગુરુદેવના નામથી "શ્રીરામ ઇન્ક" શાહી બનાવવાનો નાનો સરખો ધંધો શરૂ કર્યો. તે પછી બાળક ક્રમશઃ પ્રગતિ કરીને કોલટાર અને એક્સપ્લોઝિવ બનાવવા લાગ્યો. આમ ઉદ્યોગોમાં પ્રગતિ થતાં "સોલાર સૂટિંગ્સ"ના નામથી ભીલવાડામાં ટેક્ષટાઈલનું કાર્ય પણ શરૂ કર્યું. આજે આ બાળકની પાસે મોટાભાગના દસ દસ અને પંદર પંદર કરોડના કેટલાય યુનિટો કામ કરી રહ્યાં છે. બાળકનું નામ દેશના મુખ્ય અને અસાધારણ સફળ ઉદ્યોગપતિઓમાં લેવામાં આવે છે. વાસ્તવમાં આ પ્રકારની પ્રતિભાઓ દેશના બધા એક કરોડ બેરોજગાર બાળકોમાં છૂપાયેલી છે, જેને વિકસિત કરવામાં આવે તો આ બાળકોનો વિકાસ સંભવ થશે અને સાથોસાથ દેશને વિકસિત દેશોની હરોળમાં પહોંચાડી શકાય છે.

જમાલપુર, મુંગેર (બિહાર)ના એક ખૂબ જ ગરીબ બાળક વાસુદેવપુરીએ રેડિયો મિકેનિકનું કામ ઘરમાં શરૂ કર્યું. આજે તે થોડું ભણેલા બાળકની સારી દુકાન છે અને તે દર મહિને દસ હજાર રૂપિયાથી વધુ આજીવિકા પ્રાપ્ત કરી રહ્યો છે. આ જ પ્રકારની મૈહર (સતના) મધ્યપ્રદેશમાં અશોક રેડિયો નામની દુકાન છે. આ દુકાનનો માલિક બાળક અશોકકુમાર ગુપ્તા ક્યારેક યુગ નિર્માણ વિદ્યાલયનો વિદ્યાર્થી હતો. પરમપૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી આજે તે સમૃદ્ધ અને હોશિયારની ગણતરીમાં આવે છે. તેણે પોતાની દુકાનમાં મફત તાલીમની વ્યવસ્થા પણ કરી છે, જેનો લાભ અનેક અન્ય બેરોજગારોને પણ મળી રહ્યો છે.

ભીલવાડાના જ માંડલગઢ ગામનો એક બાળક કૈલાશચંદ્ર ભ્રોમિપે પ્રેસનું કામ શીખ્યો હતો. આજે તેનું યુગ નિર્માણ પ્રેસ સારી આજીવિકા પૂરી પાડે છે. સ્ક્રીન પ્રિન્ટિંગના ક્ષેત્રમાં કેટલાય બાળકોએ અસાધારણ સફળતા મેળવીને સમૃદ્ધિ મેળવી છે. આવા બાળકોમાં પિપલાનારાયણવાર (છિન્દવાડા) મધ્યપ્રદેશનો રામારાવ કડુ મુખ્ય છે. તેણે સ્ક્રીન પ્રિન્ટિંગની સાથે ફોટો લેમિનેશનનું કાર્ય પણ શરૂ કર્યું. છિન્દવાડાના જ ગામ સૌસરના એક બાળક અનંતકુમાર બૌંડે, રંભા જિલ્લાના ગામ ગંજામ (ઓરિસ્સા)ના બાળક અન્ના જનાએ પણ સ્ક્રીન પ્રિન્ટિંગમાં ભારે સફળતા મેળવી છે. મુંગેર બિહારના બાળક શિવકાન્તા પ્રસાદનું યુગાંતર સ્ક્રીન પ્રિન્ટિંગ પ્રેસ પોતાની રીતનું પરમપૂજ્ય ગુરુદેવના આ સ્થાપત્યનું અનોખું ઉદાહરણ છે.

આ કેટલીક ખૂબ જ વિશિષ્ટ વ્યક્તિઓની વાતો છે કે જેમણે ભારે સફળતાઓ મેળવી છે, પરંતુ જેઓ અગરબત્તી, યજ્ઞોપવીત, સાબુ વગેરે ઉદ્યોગોમાં નોકરી કરીને કમાણી કરી રહ્યા છે તેમનું એક લાંબુ લિસ્ટ છે. એક કરોડ બાળકોને આજીવિકા આપવાનો આ જ માર્ગ છે.

**રાજહંસ દૂધ પીએ છે, પાણી છોડી દે છે. મોતી ચણે છે, જીવડાં ખાતા નથી. આવી વ્રતશીલતા નિભાવીને કોઈ પણ વ્યક્તિ શ્રેષ્ઠ બની શકે છે.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ક્ષુદ્રતા છોડયા સિવાય મોટપણ કેવી રીતે મળે ?
## (આ પ્રસંગ યુગ સંધિ મહાપુરશ્ચરણની ગંગા પ્રવાહિત થઈ તે વેળાનો છે)

શાંતિકુંજ વિસ્તારમાં તે વેળા ઘણા જ દુર્લભ પ્રકારના છોડ અને ઔષધીય પ્લાન્ટસ ઊગેલા હતા. આંબાનું વૃક્ષ બધાએ જોયું છે, પરંતુ આમ્ર વલ્લરી જે વર્ષમાં બે વખત કેરીનું ફળ આપે છે તે ઘણા ઓછા લોકોએ જોયું હશે. આવા જ દુર્લભ વિવિધ જાતના છોડ ત્યારે શાંતિકુંજ વિસ્તારમાં ઊગતા હતા. આ વાત લગભગ ૧૯૮૨ની છે. એક દિવસે પ્રાતઃકાળમાં પરમપૂજ્ય ગુરુદેવે આ વિસ્તારની બધી જડીબુટ્ટીઓને ઉખાડીને ફેંકી દેવાની અને બંને બાજુના ગેરેજોનો નાશ કરવાની આજ્ઞા આપી. આ આજ્ઞાથી લોકો હતાશ થઈ ગયા. જે ઉદ્યાનને લગભગ દસ વર્ષના અથાક પરિશ્રમ અને ઘણા જ પ્રયત્નોથી વિકસાવ્યું હોય તેને અચાનક ઉખાડીને ફેંકવાની વાત નિઃશંક અટપટી હતી.

લોકો નીચે આવ્યા. વંદનીય માતાજીનો નિયમ હતો કે ઉપરથી ઉતરનારાઓ પાસેથી પૂજ્ય ગુરુદેવ સાથે થયેલી વાર્તાની જાણકારી મેળવવી. આ આદેશની તેમને ખબર પડી તો તેઓ પણ આશ્ચર્યચકિત્ત થયા વિના ન રહ્યા. તેમણે આજ્ઞા આપી, હમણાં છોડ ઉખાડશો નહીં, સાંજે હું વાત કર્યા પછી કોઈ નિર્ણય કરીશું.

સાંજની વેળાએ વંદનીય માતાજીએ વાત અવશ્ય કરી હશે, પરંતુ બીજા દિવસે પ્રાતઃકાળ પ્રણામના સમયે પરમપૂજ્ય ગુરુદેવે ખૂબ જ શાંતિથી અગાઉની આજ્ઞા દોહરાવી અને તેમાં નિરર્થક વિલંબ ન કરવાની પણ હિમાયત કરી. બધા લોકો નીચે આવ્યા. વંદનીય માતાજીએ ફરીથી પૂછ્યું કે શી વાત થઈ ? અગાઉની આજ્ઞા યથાવત્ છે એ જાણતાં વંદનીય માતાજીએ કહ્યું, તેઓ આજકાલ પોતાના જ વિચારોમાં ખોવાયેલાં રહે છે. કંઈ કહો તો હા, હૂં તો કરે છે, પરંતુ વાસ્તવમાં તેમની કલ્પનામાં પોતાના ચિંતન ઉપરાંત કંઈ પણ દેખાતું નથી. આજનો દિવસ રોકાઈ જશો, સાંજે વાત કરીશ અને ન માને તો કાલે આ કાર્ય કરજો.

અત્યંત સહજ ભાવથી વાત કરનારા અને સમજાવનારા પરમપૂજ્ય ગુરુદેવ બીજા દિવસે પ્રાતઃકાળ વધુ પડતા સહજ હતા. બેસવાનું કહ્યા વગર તેમણે પૂછ્યું, હાં ભાઈ ! શું થયું ? બગીચો ઉજ્જડ થયો કે નહીં. તેમની પૂછવાની વાતથી બધા લોકો વસ્તુસ્થિતિ સમજી ગયા. પૂજ્ય ગુરુદેવ કંઈ કરવા ઇચ્છતા ત્યારે કેવળ એક વખત કહીને ચૂપ રહી જતાં તેમ ન હતું, અન્ય લોકોને પૂછીને તેઓ વસ્તુસ્થિતિની જાણકારી અવશ્ય મેળવી લેતાં હતાં. શાંતિકુંજ વિસ્તાર તો તેઓ ઉપરથી જોઈ પણ લેતા હતા, આથી તેમને સંપૂર્ણ અને સાચી જાણકારી રહેતી કે કાર્ય શરૂ થયું કે નહીં. આથી તેઓ પહેલેથી જ નારાજ અને આક્રમણની મુદ્રામાં બેઠા હતા. તેમની આ સ્થિતિ જોઈને જ બધા ચુપ રહી ગયા.

વાત સ્પષ્ટ હતી કે કામ થયું નથી. ચિડાઈને બોલ્યા, ત્રણ દિવસથી કહી રહ્યો છું કે જે છોડ બીજી જગ્યા પર લગાડી શકાય તેને લગાડી દઈને બાકીના બધા ઉખાડીને ફેંકી દો. બહાના બતાવ્યા કરો છો. બગીચો, હાય બગીચો, તમો બધાની બુદ્ધિ માખી-મચ્છરો જેવી છે, બગીચો, બગીચો, અન્ય કંઈ સૂઝતું જ નથી. પછી હાથ લાંબો કરીને બોલ્યા, મને ત્યાં સુધીનું દેખાય છે. શું હું પાગલ છું ? જે વાત આટલા દિવસથી કહી રહ્યો છું અને તમે લોકો સાંભળતા નથી ? હવે જો ફરીથી આવો તો કામ થઈ ગયાની ખબર લઈને આવશો કે પછી મારી પાસે આવશો નહીં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બધા લોકો ૧૯૭૧ના હારેલા પાકિસ્તાની સૈનિક કેદીઓની માફક માથું નીચું રાખીને આવ્યા અને વંદનીય માતાજીની સામે પહોંચ્યા તો તે જોરથી હસ્યા અને બોલ્યા, લાગે છે કે વધુ જોરથી માર પડ્યો છે. માતાજીએ બધાને બબ્બે લાડૂ આપ્યા અને બોલ્યા, હવે તેઓ માનશે નહીં, તમે લોકો તેમની આજ્ઞાનું પાલન કરો.

ઘણા થોડા છોડ બહાર લગાડી શકાયા. મોટાભાગના ચોટ્યાં જ નહીં, બાકીનાને કાપવાનો અને ઉખાડવાનો જે ક્રમ શરૂ થયો તેથી સાંજ સુધીમાં શાંતિકુંજ વિસ્તાર બિલકુલ સુનસાન અને ઉદાસ દેખાવા લાગ્યો. તે દિવસોમાં જે કોઈ પણ ત્યાંથી પસાર થતું તે હાય ! હાય ! ! કરી રહ્યું હતું, પરંતુ મહાકાલ પરમપૂજ્ય ગુરુદેવ કોદાળીઓ અને હથોડાની આ તાંડવ લીલાના પ્રત્યેક પ્રહારથી આનંદિત બની રહ્યા હતા.

સાંજના સમયે પરમપૂજ્ય ગુરુદેવે બધા કાર્યકર્તાઓની ગોષ્ઠિ રાખી. તે દિવસે તેમની પ્રસન્નતા જોવા જેવી હતી. તેમણે કાર્યકર્તાઓની મનોવ્યથા દૂર કરીને કહેવાની શરૂઆત કરી. બાળકો ! માતાજીએ મને બતાવ્યું છે કે આજે તમે બધા લોકો ઘણા દુઃખી છો. આટલા બધા દિવસોના પરિશ્રમથી ઉછરેલો બગીચો ઉજ્જડ કરી દીધો તેનાથી કોને દુઃખ ન થશે ? પરંતુ આ વાત સમજો. માત્ર ભાષણ કે લેખના માટે જ નહીં, જીવનમાં મેળવવા માટે, કંઈ મોટું મેળવવા માટે નાનું છોડવું જ પડે છે. જે કીડી મોઢામાં મીઠાનો કણ દાબી રાખે છે તેને ખાંડનો સ્વાદ કેવી રીતે મળશે ? પહેલા જૂનું મકાન તૂટશે નહીં, પાયો ખોદાશે નહીં તો નવું મકાન કેવી રીતે બનશે ? તમે પહેલા પણ જડીબુટ્ટીઓ ઉછેરી હતી. બીજી જમીન લઈ લેજો અને મન ભરાય તેટલી જડીબુટ્ટીઓ લગાવી દેજો, પરંતુ એ વાત સમજો કે મોટા સંકલ્પો પૂરા કરવા માટે મોટા કદમ ઊઠાવવા પડે છે. હવે આપણે મોટા કાર્યક્રમોની તૈયારી કરવાની છે.

આ પ્રસંગ પછી પરમપૂજ્ય ગુરુદેવે પહેલી વખત "યુગ સંધિ મહાપુરશ્ચરણ"ની જાહેરાત એ જ ગોષ્ઠિમાં કરી. તેની સંપૂર્ણ રૂપરેખા બતાવી અને કહ્યું, આ બ્રહ્માસ્ત્ર મહાપુરશ્ચરણની પ્રથમ પૂર્ણાહુતિ ૧૯૯૫માં થશે, જેમાં પચાસ લાખ લોકો ભાગ લેશે. મહાપૂર્ણાહુતિ ૨૦૦૧માં થશે ત્યારે એક કરોડ લોકો ભાગ લેશે. ત્યાર પછી દુનિયા પોતાની રીતે બદલાઈ જશે. તમારે કંઈ જ કરવાની આવશ્યક્તા રહેશે નહીં. આટલી મોટી સંખ્યામાં જનસમુદાય આવજા કરશે તો એકલો માતાજીનો ચોક તેમનો ભાર કેવી રીતે ઊઠાવી શકશે ? ચોક પણ એવી જગ્યા પર રહેવો જોઈએ કે જ્યાંથી માતાજીનું નિયંત્રણ રહે, એટલે આ બગીચો હટાવવો અનિવાર્ય હતો.

તે દિવસની વાત પર કદાચ કેટલાક લોકોએ મહત્ત્વ ન આપ્યું હોય, પરંતુ આજે દરેક બાળક એ અનુભવે છે કે જો તે વેળા શાંતિકુંજનો બગીચો ખાલી કર્યો ન હોત, તો અહીં ચોક બનત નહીં અને આજે જે જનપ્રવાહ ઊમટી રહ્યો છે તેને કોણ સંભાળત ? પ્રથમ પૂર્ણાહુતિ સમારંભમાં પચાસ લાખ લોકોથી વધુ લોકોએ ભાગ લીધો છે એ વાત બધાએ જોઈ છે. હવે ભવિષ્યની મહાપૂર્ણાહુતિની કલ્પના કરો અને એ જુઓ કે જો પાયો ઊંડો ન ખોદયો હોત તો ગાયત્રી પરિવાર માટે આટલી મોટી જવાબદારી ઉપાડવી કેવી રીતે સંભવ બનત ?

મહત્ત્વાકાંક્ષી બનવું એ મનુષ્યનો સહજ ધર્મ છે. તેના માટે પોતાનું છોટાપણું છોડવાનો પહેલું સાહસ કરો અને મોટી જવાબદારી સંભાળવા યોગ્ય મોટાપણું પેદા કરો. આ દેશને આગળ લઈ જવાનો તેમનો આ પાઠ હંમેશાં યાદ રાખવા યોગ્ય છે.

**મનનો સંકલ્પ અને શરીરની સઘળી શક્તિ જો કોઈ કામમાં લગાવી દેવામાં આવે તો નિશ્ચિત રૂપથી સફળતા મળશે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યજમાનનો જીવ દુભાય એવું ન વર્તો

પરમપૂજ્ય ગુરુદેવ ઉજ્જૈન જતી વેળાએ થોડા સમય માટે આપણા ગાયત્રી પરિવારના એક પરિજનના ઘર પર ચા માટે રોકાયા. તેમની સાથે જે લોકો હતા તેમના માટે અલગ ચા બનાવાઈ. ઘરની માલિકણે પરમપૂજ્ય ગુરુદેવ માટે પોતાની પુત્રીને અલગ ચા બનાવવાનું કહ્યું. સંજોગોવસાત્ ચૂલા પાસે ખાંડના ડબ્બાની પાસે તેના જેવો બીજો મીઠાનો ડબ્બો પણ હતો. આથી છોકરીએ ભૂલથી ચામાં ખાંડની જગ્યાએ મીઠું નાખી દીધું અને એક કપ ચા પરમપૂજ્ય ગુરુદેવને આપી દીધી. ગુરુદેવ ચા પીતા રહ્યા અને એવી ગાઢ આત્મીયતાથી કૌટુંબિક ચર્ચા કરતા રહ્યા કે કોઈને આ વિશે વિચારવાની તક જ મળી નહીં. પૂજ્ય ગુરુદેવે એક એક ઘૂંટડો કરીને ચા અમૃતની માફક પીધી અને ત્યાંથી સન્માનપૂર્વક વિદાય થઈ ગયા. પછીથી વધેલી ચા પીતાં ભૂલની જાણ થઈ. તે પરિજન પણ કાર્યક્રમમાં ભાગ લેવા ઉજ્જૈન પહોંચ્યા. ત્યાં જઈને તેમણે પૂજ્ય ગુરુદેવ પાસે પુત્રીની ભૂલ માટે માફી માગી તો પૂજ્ય ગુરુદેવે તેમને કહ્યું, હું તો બાળકોની ભાવનાઓ પીઉં છું. તમે કહ્યું ત્યારે મને ખબર પડી કે તેમાં ખાંડ નહીં મીઠું હતું. યજમાન તેમની આ આત્મીયતાથી ગદ્ગદ્ થઈ ગયા અને તેમનું આત્મીય દુઃખ ત્યાં જ દૂર થઈ ગયું.

આજે દેશમાં અન્ય ધાર્મિક માન્યતાઓનું જેમ અવમૂલ્યન થયું છે, તેમ જ "અતિથિ દેવોભવ"ની માન્યતાને પણ ઘણો કઠોર આઘાત પહોંચ્યો છે. પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે આજના યુગમાં અતિથિ અને મિત્ર એ બે શત્રુઓથી ખૂબ જ સાવધાન રહેવાની આવશ્યકતા છે. એ લોકો મન મૂકીને મહેમાનગીરી કરે છે, પરંતુ ક્યારે ડંખ ન મારી દે એ કહી શકાય નહીં.

પૂજ્ય ગુરુદેવ ટાટાનગર કાર્યક્રમમાં ગયા. વંદનીય માતાજી પણ તેમની સાથે ગયાં હતાં. તેમને એક પંજાબી કુટુંબમાં ઉતારો આપ્યો હતો. પંજાબી કુટુંબોમાં ડુંગળી ખાવાનો રિવાજ આજે પણ પ્રચલિત છે. જોકે પરમપૂજ્ય ગુરુદેવ ડુંગળીની ગંધ શુદ્ધાં પણ સહન કરી શકતાં નહીં. તેમને મળવા આવનાર જો કોઈ ડુંગળી ખાઈને આવતું તો વંદનીય માતાજીને ઉલ્ટી થયા વિના રહેતી નહીં.

સાંજના સમયે બંને ભોજન કરવા બેઠાં. કુટુંબના બધા બાળકો ભાવવિભોર થઈ ગયા હતા અને નાના નાના બાળકો ઇચ્છતા હતા કે તેઓ પૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીને કોઈ વસ્તુ પીરસે. થાળી આવી ગઈ. વંદનીય માતાજીને પહેલો કોળિયો મોમાં મૂકતાની સાથે જ ખબર પડી ગઈ કે તેમાં ડુંગળી છે. પરમપૂજ્ય ગુરુદેવ સ્થિતિ પારખી ગયા. તેમણે તુરત જ વંદનીય માતાજીને કાનમાં કહ્યું, ગંધ ન લેતાં ચુપચાપ જે કંઈ છે તે ખાઈ લો. જો ભોજન છાંડશો તો આ બિચારાઓને કેટલું દુઃખ થશે તેની કલ્પના કરો. બસ, એના પછી તેમણે વાતચીત બીજા માર્ગે એવી રીતે બદલી લીધી કે સ્વયં માતાજી આનંદમાં ગરકાવ થઈ ગયાં. જેઓ ગંધ પણ સહન કરી શકતાં ન હતાં તેમણે અમૃતની માફક ભોજન કરીને અતિથિ ધર્મનું રક્ષણ કર્યું. બધા લોકો આવું જ કરી શકે તો આપણી પરંપરાઓ ધન્ય બની જાય. બીજા દિવસે સૂચના મળતાં ફરીથી ડુંગળી ન નાખવામાં આવી અને યજમાનોની આબરૂ જળવાઈ રહી.

**જે આળસુ છે, તે વહેલો-મોડો દરિદ્ર થવાનો જ. જે પ્રમાદી છે, તે સુયોગ ગુમાવી દેશે. આળસુ-પ્રમાદી દરેક રીતે નુકસાનમાં રહે છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પહેલા સંકલ્પ પછી સંતાપ

પરમપૂજ્ય ગુરુદેવના માતાજી જેમને "તાઈજી" કહીને બોલાવવામાં આવતા તેમનો ૧૨ ફેબ્રુઆરી ૧૯૭૧ના રોજ પ્રાતઃકાળ ૬ વાગે સ્વર્ગવાસ થઈ ગયો. પરમપૂજ્ય ગુરુદેવ તે વેળા મધ્યપ્રદેશના પ્રવાસમાં હતા. આ તે સમય હતો જ્યારે પરમપૂજ્ય ગુરુદેવની મથુરાથી વિદાયની જાહેરાત થઈ ગઈ હતી. આથી પૂજ્ય ગુરુદેવના જે કોઈ જગ્યાએ કાર્યક્રમો થતા તે બધાં ઘણા જ મહત્ત્વપૂર્ણ અને વિશાળ થતા હતા. આ ગાળામાં પૂજ્ય ગુરુદેવ ભોપાલનું આયોજન પરિપૂર્ણ કરીને વિલાસપુર (મધ્યપ્રદેશ) પહોંચનારા હતા.

તાઈજી પરમપૂજ્ય ગુરુદેવને ખૂબ જ પ્રેમ કરતા. તાઈજી તે વેળા પણ પૂજ્ય ગુરુદેવની સાથે પાંચ-છ વર્ષના બાળક જેવો વ્યવહાર કરતા. તેઓ હંમેશાં દ્વારકાધીશ અને કૃષ્ણ જન્મભૂમિના દર્શન કરવા જતા. ત્યાંથી જે પ્રસાદ મળતો તેને તાઈજી જ્યાં સુધી પૂજ્ય ગુરુદેવ આવતા નહીં ત્યાં સુધી પોતાની સાડીના છેડામાં બાંધી રાખતા. પૂજ્ય ગુરુદેવ જ્યારે બહારથી આવતા ત્યારે પ્રથમ તાઈજીને ચરણસ્પર્શ કરતા અને તાઈજી પૂજ્ય ગુરુદેવને પ્રસાદ આપતા. તે જેટલા પ્રેમથી આપતા તેટલી જ શ્રદ્ધાપૂર્વક પૂજ્ય ગુરુદેવ તેનો સ્વીકાર કરતા. વંદનીય માતાજી આ હકીકતથી પરિચિત હતા. સાચી વાત તો એ છે કે તેમનો પણ ક્રમ એ જ હતો અને તાઈજી વંદનીય માતાજી પર પણ તેટલો જ પ્રેમ રાખતા હતા. એટલા માટે વંદનીય માતાજી ઈચ્છતા હતા કે તાઈજીના અગ્નિસંસ્કાર પરમપૂજ્ય ગુરુદેવ સ્વયં જ આવીને કરે.

ફોનથી સંપર્ક સાધવામાં આવ્યો. પૂજ્ય ગુરુદેવના મનમાં દ્વિધા ભરેલી સ્થિતિ હતી. જે કાર્યક્રમોની જાહેરાત ઘણા સમય પહેલા થઈ ગઈ હોય અને પૂરી તૈયારી થઈ ગઈ હોય તેમને પૂર્ણ કરવામાં આવે કે માના અંતિમ સંસ્કારમાં જોડાઈ જવામાં આવે. પૂજ્ય ગુરુદેવે કર્તવ્યપાલનને મહત્ત્વ આપ્યું, જરૂરી સૂચના આપીને અંત્યેષ્ટિ કરાવી લેવાની વાત કહીને તેઓ કાર્યક્રમ પૂર્ણ કરતા રહ્યા.

તે વેળા વંદનીય માતાજીએ સૌથી વધુ ક્ષોભ અને નારાજગી વ્યક્ત કરતો પત્ર લખ્યો અને વીરેશ્વર ઉપાધ્યાયને પૂજ્ય ગુરુદેવ અને અન્ય કાર્યકર્તાઓને મનાવીને લાવવા માટે ટ્રેનથી મોકલી આપ્યા. શ્રી વીરેશ્વરજી ભોપાલ થઈને વિલાસપુર પહોંચ્યા. બધા કાર્યકર્તા પોતાનો કાર્યક્રમ રોકાઈ જવાની આશંકાથી સ્તબ્ધ હતા. ધર્મસંકટની સ્થિતિ હતી. નિર્ણય પૂજ્ય ગુરુદેવે કરવાનો હતો. મહાપુરુષો જે હંમેશાં કરતાં આવ્યાં છે તેવું જ તેમણે કર્યું. તેમણે તુરત જ મથુરા જવાની ના પાડી દીધી. સંપૂર્ણ એકાગ્રતાપૂર્વક વિલાસપુરનો કાર્યક્રમ પરિપૂર્ણ કર્યો. તેમની પીડાની જાણ કોઈને પણ સ્તીભાર થવા દીધી નહીં. અંત્યેષ્ટિ મોટા પુત્ર શ્રી ઓમ પ્રકાશ શર્માએ પૂરી કરી.

પૂજ્ય ગુરુદેવ કાર્યક્રમ પૂરો કરીને ધીયામંડી પરત આવ્યા. પહેલી વખત જ તાઈજીને ન જોતાં તેમનું મન ભાવવિભોર થઈ ગયું. આંખોમાંથી આંસુ વહી ગયા. પરમ વંદનીય માતાજી ત્યાં સુધી તો નારાજગીમાં બેઠા હતા. તેઓ તેમણે ઘણું બધું સારું ખોટું કહેવાની તૈયારીમાં બેઠાં હતાં, પરંતુ તેમની આંખોની સતત અશ્રુધારાએ તેમનો આક્રોશ પણ ધોઈ નાખ્યો. વંદનીય માતાજીએ પણ માની લીધું, કર્તવ્યપાલન પહેલું છે. કૌટુંબિક સંબંધો પણ તો તેનો એક અંદર રહેલો ભાગ હોય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મન ન રંગાય તો સંતે કપડાં રંગવાનો શો અર્થ ?

"જ્યાં દાદા ગુરુદેવ રહે છે તે સ્થાન સંપૂર્ણ વર્ષ બરફથી છવાયેલું રહે છે. સામાન્ય વ્યક્તિ માટે ત્યાં પહોંચવું અને રોકાવવું સંભવ નથી. અમારું આ શરીર ત્યાં કુલ ચાર દિવસ રોકાઈ શક્યું. આ ગાળામાં તેમણે મને બધી સાધનાલક્ષી અને મિશનના સંચાલન સંબંધી પ્રશિક્ષણ અને સૂચનો આપીને ઉત્તરકાશીની નજીક એક વન્ય ક્ષેત્રમાં મોકલી દીધો. મેં સૂચિત સાધનાક્રમ એ જ ક્ષેત્રમાં પૂર્ણ કર્યો."

"હું જે વિસ્તારમાં હતો તેનાથી થોડે દૂર નીચે બે સાધુઓની કુટિરો હતી. પહાડી ક્ષેત્રમાં મોટાભાગની ખેતીની ઉપજ બટાટાની હોય છે. વિરક્ત લોકો ઊંચાનીચા ખેતરોમાં બટાટા વાવે છે. અહીંના બટાટા કદમાં ઘણા મોટા હોય છે. શીતપ્રદેશને લીધે તે લાંબા સમય સુધી જળવાઈ રહે છે, તેથી સાધકો અને ઉપાસકોના ભોજનમાં મોટાભાગે એનો જ ઉપયોગ કરે છે. તે બંને સાધુઓના ખેતરો આજુબાજુ જ હતા અને બંનેએ બટાટા જ વાવ્યા હતા."

"બટાટા ખોદવાનો સમય આવ્યો તે વેળાની વાત છે. એક દિવસ અમે પરિભ્રમણ કરવાના ઉદ્દેશથી તે ક્ષેત્રમાં નીચે આવ્યા હતા. મને દૂરથી કોઈના લડવાનો અવાજ સંભળાયો. અમે જોયું કે મલ્લ યુદ્ધ એ જ બે સંતોમાં ચાલી રહ્યું હતું. શરૂઆત હું-હું, તૂં-તૂંથી થઈ, ગાળાગાળી પછી સીધા મારામારી પર ઉતરી આવ્યા. અમે તેમની પાસે પહોંચ્યા ત્યાં સુધીમાં તો બાથમબાથ થઈ ગઈ. એકે બીજાના વાળ ઉખાડી લીધા તો બીજાએ પહેલાની દાઢી ઉખાડી લીધી. અમે બંનેને લોહીલુહાણ સ્થિતિમાં છૂટા પાડ્યા. થોડી જંગલી પત્તીઓ તોડીને પથ્થર પર લસોટીને રક્તસ્રાવ પર લગાડી અને ત્યાર પછી જ્યારે પોતાની કુટિર પર પાછા વળ્યા ત્યારે મનમાં વિદ્રોહની આગ ભડકેલી હતી. મારા ગુરુદેવે મને સંભાળ્યો ન હોત તો નાસ્તિક બની ગયો હોત. ધર્મતંત્રની આ સ્થિતિ પર તે રાત્રે મને ઊંઘ ન આવી. આ દુર્દશા જ મગજને પરેશાન કરતી રહી."

"આ ઝગડાનું કોઈ મોટું કારણ ન હતું. વાત એટલી જ હતી કે તે દિવસોમાં બંને સાધુઓના ખેતરોની વચ્ચેના ભાગમાં એક બટાટાનો છોડ ઊગ્યો હતો તેમાં કંઈક બે કિલો બટાટા હશે. બસ તેટલાનો જ ઝગડો હતો. જે લોકોએ પોતાનું ઘર છોડ્યું, પત્ની અને બાળકો સાથે પરિવાર છોડ્યું, તેઓ માત્ર બે કિલો બટાટાનો મોહ છોડી શક્યા નહીં. બંને સાધુ એ વાતના માટે ઝગડી પડ્યા કે તે છોડ અને બટાટા તેની હદના છે. પહેલા સ્વાર્થ અને પછી અહંકાર અથડાયો, કષ્ટ પણ પડ્યું અને સન્માન પણ ગુમાવ્યું. આપણા ધર્મતંત્રની આ જ સ્થિતિ છે. બીજાંઓને માયા, મમતા, મોહ, અહંકાર, લોભ અને વાસના છોડવાનું ભાષણ આપનાર જો તેનું રત્તીભાર પણ પોતાના જીવનમાં આચરણ કરી શકે તો તેઓ પણ ધન્ય બની જાત અને ધર્મતંત્ર પણ ધન્ય થઈ જાત. એમના કરતાં તો તે સદ્‌ગૃહસ્થો સારા છે, જેઓ પોતાની મહેનતનું ખાય છે અને સાંજે ભગવાનનું ભજન કરી લે છે. તે દિવસથી રહેણીકરણી અને પહેરવેશને ધાર્મિક બનાવવાને બદલે અધ્યાત્મને જીવનમાં ઉતારવાનો નિશ્ચય કરીને મહામુસીબતે સૂઈ શક્યો, પરંતુ આ પ્રસંગ કદી પણ ભૂલી શકાતો નથી."

નરૌરા બુલંદશહેરથી આવેલા એક પરિજને પૂજ્ય ગુરુદેવને પૂછ્યું, "આચાર્યશ્રી ! અહીં આવતાં પહેલા મારી કલ્પના એ હતી કે આપ કોઈ ભગવાં વસ્ત્રધારી, લાંબી લાંબી દાઢી અને જટાધારી બાબાજી હશો, પરંતુ આપનો રંગઢંગ જ કંઈ ભિન્ન છે. પરમપૂજ્ય ગુરુદેવે પોતાનું ઉપર્યુક્ત સંસ્મરણ તે વ્યક્તિને સંભળાવીને તેનું સમાધાન કર્યું, મનને રંગવું જોઈએ, કપડાં રંગવાથી તો કોઈ સાધુ સંત બની ગયો હોત તો આજે દેશની આ દુર્દશા ન થાત.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અઢી રતીભારનો ઉપકાર અને મનભરનો ઉપહાર

આંવલખેડામાં કન્યા ઇન્ટર કૉલેજના માટે મકાનનું નિર્માણ પૂરું થઈ ગયું. હવે ત્યાં કૉલેજ શરૂ કરવાનો મૂળ પ્રશ્ન હતો. આજના જમાનામાં પોતાનું સર્વ કંઈ આપીને પણ સરકાર પાસે કોઈ કામ કરાવી લેવું સરળ વાત નથી. ત્યાંના ઘણાં લોકોની સહીઓ લઈને વિનંતી પત્ર મોકલવામાં આવ્યો. આ માટે તપાસ કરવા પહેલી તારીખે જાઓ કે એકત્રીસ તારીખે ફાઈલ જ્યાં ને ત્યાં મળતી. એક એક કદમ ભરવું મુશ્કેલ હતું. વિદ્યાલય એક પ્રકારે માથાનો દુ:ખાવો બની રહ્યું હતું.

તેથી પરમપૂજ્ય ગુરુદેવની સૂચના પ્રમાણે શાંતિકુંજથી બે બાળકોને આ જ સંદર્ભમાં લખનૌ મોકલવામાં આવ્યા. એ નિર્ણય કરવામાં આવ્યો કે થોડાક ધારાસભ્યો પર પત્ર લખવામાં આવે અને તેમના પર દબાણ લાવવામાં આવે. આવા જ ધારાસભ્ય શ્રી નરેશચંદ્રજી શુક્લ પ્રતાપગઢ વિસ્તારના હતા. તેઓ પહેલા એક વખત રાજ્યમંત્રી બનેલા હતા. તેમણે સમગ્ર વાત સંપૂર્ણ ધ્યાનથી સાંભળી અને તેમણે ભલામણ પત્ર પણ એવો લખ્યો જેમકે તેમનો પૂજ્ય ગુરુદેવ અને ગાયત્રી પરિવાર સાથે જન્મજન્માંતરોનો સંબંધ રહેલો હોય. પત્રની સાથે તેમણે પોતાનું દર્દ પણ રજૂ કર્યું. મને ભૂત (ભૂતપૂર્વ) કહેવામાં આવે છે. અમારા ગુરુદેવ માટે મારા અંગે કંઈ પણ કહીને મારો આ ભૂતથી પીછો છોડાવવાની કૃપા કરશો.

કાર્યકર્તાઓએ પરત આવીને જ્યાં પણ સમગ્ર રીપોર્ટ આપ્યો ત્યાં શ્રી શુક્લજીની મનોવ્યથા પણ દોહરાવી દીધી. પૂજ્ય ગુરુદેવ તેથી ખૂબ જ સ્નેહભરી મુદ્રામાં હસ્યા અને આગળની સંપૂર્ણ વાત પૂરી કરી. હવે વિનંતી પત્ર ઘણો જ અસરકારક બની ગયો હતો. આથી આંવલખેડાની કન્યા ઇન્ટર કૉલેજની સ્વીકૃતિ તો મળી ગઈ અને તેની સાથે સ્ટાફની પણ નિમણૂંક થઈ ગઈ તેમજ વિદ્યાલયમાં કન્યાઓને પ્રવેશ આપવાની શરૂઆત પણ થઈ ગઈ.

જ્યારે બધા લોકો આ સફળતાનો ઉત્સવ મનાવી રહ્યા હતા ત્યારે પરમપૂજ્ય ગુરુદેવ મિશન પર કરેલા આ ઉપકારનો બદલો ચૂકવી રહ્યા હતા. એ કહેવાની જરૂર નથી કે ભલામણ પત્ર લખ્યા પછીના ઠીક પંદર દિવસ પછી જ શ્રી શુક્લજીને સ્વાધીનતા સંગ્રામ સેનાની વિભાગના મંત્રી જાહેર કરવામાં આવ્યા. શ્રી શુક્લજી તેનાથી એટલા બધા ગદ્‌ગદિત બન્યા કે તેઓ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન પરમપૂજ્ય ગુરુદેવને ભૂલ્યા નહીં. તેમણે સર્વપ્રથમ પરમપૂજ્ય ગુરુદેવને શાંતિકુંજમાં જ શ્રી હરિશ્ચંદ્ર શ્રીવાસ્તવ નામના આઈ. એ. એસ. અધિકારી (તે વખતના જિલ્લા કલેક્ટર, હરિદ્વાર)ને મોકલીને તામ્રપત્ર અર્પણ કરાવ્યું. પેન્શનનો હુકમ પણ અહીં જ આપવામાં આવ્યો, પરંતુ પરમપૂજ્ય ગુરુદેવે તેને હરિજન ફંડને આપી દીધો. પરમપૂજ્ય ગુરુદેવે પોતાના હાથથી જ શ્રી શુક્લને પત્ર લખીને આભાર માન્યો.

શ્રી શુક્લજી હંમેશાં શાંતિકુંજ આવતાં રહ્યાં અને જ્યારે પણ કોઈ જરૂરિયાત જણાઈ ત્યારે તેઓ સહાય કરવામાં હંમેશાં અગ્રેસર રહ્યાં. પરમપૂજ્ય ગુરુદેવ ક્યારેક તેમને પૂછતાં, શુક્લજી ! તમારું કોઈ કામ, કોઈ કષ્ટ કે મુશ્કેલી હોય તો મને અવશ્ય બતાવજો. શ્રી શુક્લજી ગદ્‌ગદ્‌ ભાવથી કહેતા, "ગુરુદેવ ! તમોને મેળવ્યા પછી હવે અન્ય કંઈ મેળવવાની ઇચ્છા બાકી રહી નથી હવે તો એટલી કૃપા કરશો કે જ્યારે પણ મારો પ્રાણ જાય ત્યારે મારા મુખ પર તમારું જ નામ રહે. તમારું સ્મરણ કરતાં કરતાં મારું જીવન સમાપ્ત થાય. ન જાણે કેટલાંય લોકોની શ્રદ્ધા પૂજ્ય ગુરુદેવ સાર્થક કરી ગયા છે. કોઈએ પણ આ મિશનનો રતીભાર ઉપકાર કર્યો, તેને તેમણે ઉપહારોથી લાદી દીધા.

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## ગુરુદેવનો અંતિમ સંદેશ :
# બ્રહ્મકમલની ઉત્પત્તિ અને વિકાસ

(ગાયત્રી પરિવાર પોતે પોતાને ગુરુદેવના આ આયનામાં પણ જુએ.)

પરમપૂજ્ય ગુરુદેવે સૂક્ષ્મીકરણમાં જતાં પહેલાં એક દિવસે વહેલી સવારે શાંતિકુંજમાં સર્વ વરિષ્ઠજનોને પોતાની પાસે બોલાવ્યા. તે દિવસે તેમના કક્ષમાં તોફાન પહેલાની નીરવ શાંતિ હતી. તે દિવસ પછી તેમને મળવાનો અવસર બે ત્રણ પરિજનોને જ મળતો. તે તેમનું અંતિમ પ્રવચન્-અંતિમ સંદેશ હતો. ગાયત્રી પરિવાર માટે વર્તમાન પ્રવૃત્તિઓનું નીતિદર્શક માર્ગદર્શન પણ હતું. બધાને હારબંધ બેસાડ્યા પછી પરમપૂજ્ય ગુરુદેવે ખૂબ જ નાટકીય અને સ્વાભાવિક રૂપથી કહેવાની શરૂઆત કરી.

"બાળકો ! હમણાં થોડા સમય પહેલાં ઊંઘમાં મેં એક સ્વપ્ન જોયું. મને મનમાં વિચાર આવ્યો કે તે સ્વપ્ન તમોને પણ બતાવું. સ્વપ્નમાં શું જોયું ? મને એવું દેખાયું કે હું માન સરોવરના કિનારા પર ઊભો છું. સરોવરની મધ્યમાં ધીરે ધીરે એક બ્રહ્મ કમલ પ્રગટ થવાની શરૂઆત થઈ. તે ધીરે ધીરે ખીલતું ગયું. તે બ્રહ્મ કમલ ઘણું જ સુંદર હતું. પછી ધીરે ધીરે તેની પાંખડીઓ તૂટવા લાગી. એંસી પાંખડીઓ છૂટી પડી, તે પછી તેમાં બ્રહ્મ બીજ પ્રગટ થયું. ચારે તરફથી પવન આવતો મેં જોયો અને તે આ બીજોને દસે દિશાઓમાં ઉડાડીને લઈ ગયો. આ પૃથ્વી પર જેટલા પણ સરોવરો હતાં, સર્વત્ર આ બ્રહ્મ બીજ ફેલાઈ ગયાં અને પછી તેમનામાં બ્રહ્મ કમલ વિકસિત થયાં. એનાથી સમગ્ર પૃથ્વીને આચ્છાદિત કરી લીધી. બાળકો ? તે દૃશ્ય તમને બતાવી શકવું તો સંભવ થશે નહીં, પરંતુ જેમ કોઈ સામે મૂકીને ચિત્ર જુએ છે, ઠીક તેવી જ રીતે બ્રહ્મકમલથી આચ્છાદિત સંપૂર્ણ પૃથ્વીને હું એકીટસે જોતો રહ્યો. સૌંદર્યથી સંપૂર્ણ રીતે આચ્છાદિત આ પૃથ્વીને જોઈને મન આહલાદથી ભરી ગયું. તેની પ્રસન્નતામાં મારી ઊંઘ ઉડી તો મનને થયું કે સર્વપ્રથમ આ સ્વપ્ન પોતાના નજીકના બાળકોને બતાવું, તમે બાકીનાં બધાં બાળકોને બતાવજો."

"તમો બધાને થતું હશે કે ગુરુદેવ હંમેશાં સ્વપ્ના જોતાં રહે છે. ના, બાળકો ! આ જીવનમાં ન તો મેં સ્વપ્ના જોયાં છે કે ન તો શેખચલ્લીઓ જેવી કલ્પનાઓ કરી છે, યથાર્થ જોયું અને યથાર્થ જ કર્યું, પછી તમને થતું હશે આ સ્વપ્ના ક્યાંથી આવી ગયાં ? બાળકો ! સ્વપ્ન નહીં આ મારા જીવનનું યથાર્થ છે. કહેવાય છે કે આ પૃથ્વી પર સ્વર્ગ હતું, પૃથ્વી હમણાં જોયેલાં સ્વપ્ન જેવી ખૂબ જ સુંદર હતી, બધા લોકો સ્વસ્થ હતા, સમૃદ્ધ હતા, સુખી અને સુંદર હતા. પ્રશ્ન ઉદ્દભવે છે કે પૃથ્વી તો આજે પણ તે જ છે, આજે એવું કેમ નથી ? બાળકો ! આ સ્વર્ગ તે સમયે અચાનક જ પૃથ્વી પર અવતરિત થયું હોય એવું નથી. સ્વર્ગ લાવવાનું શ્રેય એક દેવતાને છે. પૃથ્વીના દેવતા ભૂસુર અર્થાત્ બ્રાહ્મણ. પૃથ્વી પર જ્યાં સુધી બ્રાહ્મણો હતાં ત્યાં સુધી સ્વર્ગ હતું. હવે પછી જ્યારે પણ કદી સ્વર્ગ લાવવું હશે તો બ્રાહ્મણ જ તેને લાવશે. સ્વર્ગ અને બ્રાહ્મણ બંને અન્યોન્ય આશ્રિત છે. એક રહેશે તો બીજાને અનિવાર્ય રૂપે રહેવું પડશે. બ્રાહ્મણ સિવાય સ્વર્ગની કલ્પના કરવી વ્યર્થ છે.

તમને આશ્ચર્ય થશે કે પૃથ્વી પર હજુ પણ બ્રાહ્મણોની સંખ્યા ઓછી નથી. વાસ્તવમાં આ ભ્રમ તૂટવો આવશ્યક છે. બ્રાહ્મણ કોઈ જાતિ નથી. આ વિશેષણ છે. મહાભારતની યક્ષ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રશ્નોત્તરી અને વજ્રસૂચિકોપનિષદ્‌માં બ્રાહ્મણની વ્યાખ્યાઓ ખૂબ જ સ્પષ્ટ છે. તેની સ્પષ્ટ વ્યાખ્યા આવશ્યક છે. આટલા માટે તમોને બોલાવ્યા છે, કે જેથી આપણો ગાયત્રી પરિવાર તે બ્રાહ્મણો ફરીથી પેદા કરે. એક મૉડલના રૂપમાં બ્રાહ્મણનું જીવન જીવીને મેં ઉદાહરણ રજૂ કર્યું. મારું મન કહે છે કે હવે ગાયત્રી પરિવાર બ્રહ્મ બીજના રૂપમાં વિકસિત થાય અને પૃથ્વી પર સતયુગ લાવવાનું સ્વપ્ન-સ્વપ્ન નહીં-સંકલ્પ સાકાર કરે.

બાળકો ! બ્રાહ્મણની ઓળખ બે વાતોથી થાય છે અથવા એમ કહો બ્રાહ્મણની બે મુખ્ય શરત છે. (૧) ગાયત્રી ઉપાસના (૨) યજ્ઞોપવીત.

ગુરુજી ! અમે બધા ગાયત્રી ઉપાસના કરીએ છીએ. ના બેટા, માળા ફેરવવી અને જપ કરવા માત્રનું નામ ગાયત્રી ઉપાસના નથી. આજ એક સંપૂર્ણ અધ્યાત્મ વિજ્ઞાન છે. ગાયત્રી ઉપાસના સાચી કે ખોટી છે એની સ્પષ્ટ કસોટી ગાયત્રીના દેવતા-સવિતા-સૂર્ય છે. સૂર્યના ચાર ગુણોનો જો ગાયત્રી ઉપાસકમાં વિકાસ થઈ રહ્યો હોય તો સમજવું જોઈએ કે તે બ્રાહ્મણની ગાયત્રી છે. જો આ ગુણ ન હોય તો જપકર્તા હોઈ શકે છે, ઉપાસક નહીં. (૧) આલોક વિતરણ : સૂર્ય નિરંતર પ્રકાશ વહેંચતો રહે છે. તે કદી મહેલ, ઝૂંપડી, મોટા કે નાનાનો ભેદભાવ રાખતો નથી. બધાને પ્રકાશ આપે છે. સાચો ગાયત્રી ઉપાસક તે છે જે નિરંતર આલોકનું વિતરણ કરે છે. બીજાને જ્ઞાન આપે છે, માર્ગદર્શન આપીને જગાડે છે અને ઊંચે લઈ જાય છે. (૨) પ્રખરતા : સૂર્યના કિરણો જેટલા પ્રખર હોય છે, તેવી જ પ્રખરતા ગાયત્રી ઉપાસકમાં પણ હોવી જોઈએ, સિદ્ધાંતો પર અટલ રહેવાની સાહસિકતા જોઈએ. પોતાના હિત અને સ્વાર્થને માટે સિદ્ધાંતોથી સમાધાન અન્ય બધા કરી શકે છે. પરંતુ ગાયક ઉપાસક બ્રાહ્મણ ભલે કોઈ ગમે તેટલો ભય કે પ્રલોભન આપે તો સમાધાન કરતો નથી. (૩) ગતિ : ગતિ સૂર્ય અને ગાયત્રી ઉપાસકનો ત્રીજો ગુણ છે. સૂર્ય સતત ગતિમાન રહે છે અને ગાયત્રી ઉપાસકે પણ કદી પણ થાકીને કે હાર માનીને બેસવું જોઈએ નહીં. તેના માટે વિશ્રામ અને વિરામ બંને શબ્દો નિરર્થક છે. નિરંતર ચરૈવેતિ ચરૈવેતિનું અનુસરણ જ તેનું જીવન હોય છે. પરિસ્થિતિઓ ગમે તેટલી કઠોર અને કષ્ટદાયક કેમ ન હોય, તે પોતાના લક્ષ્ય, માર્ગ અને સંકલ્પ પર નિરંતર અડગ રહે છે. (૪) સર્જન : જે રીતે સૂર્ય સતત સર્જન કરતો રહે છે અને લોકોનું પાલનપોષણ કરે છે, ગાયત્રી ઉપાસક પણ તે જ રીતે સતત રચનાત્મક પ્રયત્નો દ્વારા સમાજનું પોષણ કરે છે, આગળ વધે છે અને પ્રગતિ કરે છે. સૂર્ય ના હોય તો પૃથ્વી કાં તો ઉજ્જડ બની જાય કે બરફનો ઠંડો ગોળો. બ્રાહ્મણ ના હોવાનું પરિણામ છે પૃથ્વી પર દુર્ગતિ થવી. બ્રાહ્મણ હોય તો પૃથ્વીની દુર્ગતિ કદી ન થાય અને જો બ્રાહ્મણ જીવી જશે તો દુર્ગતિ કદી થશે નહીં.

ગાયત્રી ઉપાસકને ગાયત્રી ઉપાસનાનો અધિકાર અનાયાસ જ મળતો નથી. તેના માટેની બીજી શરત છે યજ્ઞોપવીત ધારણ કરવી. ગાયત્રી ઉપાસના માટે પ્રાચીનકાળથી જ યજ્ઞોપવીત ધારણ કરવાની શરત મૂકવામાં આવેલી છે. યજ્ઞોપવીત ધારણ કર્યા સિવાય ગાયત્રી ઉપાસના અધૂરી માનવામાં આવે છે. યજ્ઞોપવીત ધારણ કરવાથી વ્યક્તિને દ્વિજની સંજ્ઞા મળે છે અને તેને ગાયત્રી ઉપાસનાનો અધિકાર મળે છે.

ગુરુદેવ ! અમે બધા યજ્ઞોપવીત તો પહેરીએ છીએ. ના બેટા ! તમે કોઈ યજ્ઞોપવીત પહેરતા નથી. બધા દોરા પહેરો છો., ભલે તે હાથનો કાંતેલો દોરો હોય કે 'મોટી થ્રેડ' હોય. એક વખત હું આફ્રિકા ગયો. જે ઘરમાં રોકાયો હતો તે ઘરના બાળકો વાર્તા સાંભળવા માટે મારી પાછળ લાગેલા હતા. એક દિવસે સ્નાન માટે મેં કપડાં ઉતાર્યા તો બધા બાળકો પૂછવા લાગ્યા, ગુરુજી ! તમે આ થ્રેડ કેમ પહેરો છો ? બાળકો સાચે જ ઓળખી ગયા. આજની પેઢીને તો એ ખબર નથી કે યજ્ઞોપવીત કોઈ સંસ્કાર હોય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંસ્કાર સિવાય તો તે એક માત્ર દોરો જ છે. પરંતુ સંસ્કારોના માધ્યમથી આ યજ્ઞ ઉપવીત અર્થાત્ તે યજ્ઞ જે જીવનમાં ધારણ કર્યો હોય. આ નવ તારનો દોરો જ્યારે જીવનમાં નવ ગુણના રૂપમાં ધારણ કરવામાં આવે છે ત્યારે એ યજ્ઞોપવીત બની જાય છે. આ નવ ગુણ છે-(૧) સત્ય (૨) અહિંસા (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય (પરમપૂજ્ય ગુરુદેવ એને ઇન્દ્રિય નિગ્રહ કહેતાં હતાં. બ્રહ્મચર્યને આ યુગમાં અવ્યાવહારિક માનતાં હતાં કે તેની પરિભાષા મિત્રના રૂપમાં કરતા હતા. (૫) અપરિગ્રહ (૬) શૌચ (૭) સંતોષ (૮) સાધના (તપ) (૯) સ્વાધ્યાય. ઉપાસનાના રૂપમાં ગાયત્રી ઉપાસનાની અનિવાર્યતા પહેલા જોડાઈ જવાથી ઈશ્વરની એકાગ્રતાને ઋષિઓ અને યોગીઓએ અનિવાર્ય માની નથી, નહીંતર આ જ યોગદર્શનમાં બતાવાયું છે. ધર્મના દસ લક્ષણો છે. જેના જીવનમાં આ નવ ગુણ હોય તેને સાચા અર્થમાં બ્રાહ્મણ કે ગાયત્રી ઉપાસનાનો અધિકારી (પાત્ર) માનવો જોઈએ.

આ નવ ગુણોની વ્યાખ્યા કરવામાં ઘણો સમય જશે. એટલા માટે આ લક્ષણોવાળાં બ્રાહ્મણધર્મી મહાપુરુષોના કેટલાંક ઉદાહરણોથી વાત સમજાઈ જશે. જે રીતે એન્જિનીયર કોઈ બિલ્ડિંગ બનાવતાં પહેલાં મૉડેલ બનાવી લે છે અને તેથી નિર્માણકાર્ય સુંદર થાય છે, મિસ્ત્રી મજૂર વર્ગ પણ તેને સારી રીતે સમજી લે છે. આ નવ ગુણોની ગૂઢ વ્યાખ્યામાં ઉતરવાને બદલે તમને કેટલાક મૉડલ બતાવું છું કે જેથી તમને બ્રાહ્મણની પરિભાષાની સમજ પડી જાય.

મુજફ્ફરનગર જિલ્લામાં એક નાનું સરખું શુક્રતાલ નામનું સ્થાન છે. કોઈ સમયે અહીંયાં શુકદેવે રાજા પરીક્ષિતને શ્રીમદ્‌ભાગવતની કથા સંભળાવી હતી. અહીંયાં સ્વામી કલ્યાણ દેવજી નામે એક સંત રહેતા હતા. તેમની ઉંમર હાલ ૧૨૦ વર્ષની હશે. સંન્યાસ લીધા પછી તેમનો ક્રમ રહ્યો છે દરેક ઘેરથી અડધી રોટલી માગીને ખાવી. કદી કોઈએ પૂરી થાળી ભરીને આપવાનો પ્રયાસ કર્યો, તો પણ તેઓ અડધી રોટલી લેતા. ભૂખ ના સંતોષાય તો આગળના ઘેરથી અડધી રોટલી હાથમાં લઈને જ ખાઈ લેતા. કદી સ્વાસ્થ્ય બગડ્યું નહીં. હજુ પણ ભોજનનો ક્રમ તે જ છે, પરંતુ ગામ સુધી ન જઈ શકવાને કારણે પ્રતિદિન ઘર બદલાઈને ભોજન આવે છે. તેઓ આશ્રમનું પાણી પણ પીતાં નથી.

તેમની અંદર વસેલા બ્રાહ્મણે દરેક વ્યક્તિને પ્રભાવિત કર્યો. એનું પરિણામ એ આવ્યું કે આજે તેમના સ્થાપિત કરેલા ગુરુકુલોની સંખ્યા એકસોથી પણ વધુ છે. લગભગ ચૌદ ડીગ્રી કૉલેજ, એન્જિનીયરીંગ કૉલેજ, મેડિકલ કૉલેજ ખોલવાનું શ્રેય તેમને એકલાને ફાળે જાય છે. તેમને આ ક્ષેત્રનો જ્ઞાનનો જીવંતપ્રકાશ માનવામાં આવે છે. મોટામાં મોટા અધિકારીઓ તેમને પ્રણામ કરીને પોતાનું જીવન સાર્થક થયાનો અનુભવ કરે છે.

મથુરામાં પ્રાયમરી સ્કૂલના એક સાધારણ અધ્યાપકશ્રી જગદીશશરણ અગ્રવાલ બાળકોને પોતાના સગા સંતાનોની માફક ભણાવવાનું, પરીક્ષાના દિવસોમાં સ્કૂલમાં જ રાખવાનું, સ્વયં પાણી કાઢીને સ્નાન કરાવવાનું કાર્ય જાતે જ કરે છે. આના પરિણામે મથુરા જિલ્લાની સાઠ ટકા શિષ્યવૃત્તિઓ આ સ્કૂલને મળે છે. પ્રાયમરીમાં ભણનારી પહેલી બેચનું પરિણામ આવ્યું અને તેમનો આગળ અભ્યાસ કરવાનો પ્રશ્ન આવ્યો તો બાળકોએ જ સત્યાગ્રહ કરી દીધો. તેમનો આગ્રહ હતો કે ભણીશું તો શ્રી જગદીશશરણજી અગ્રવાલથી જ, પરિણામે સ્કૂલ એક ધોરણ આગળ વધતી ગઈ અને આજે પોસ્ટ ગ્રેજ્યુએટ કૉલેજના નામે મથુરામાં અગ્રણી સંસ્થાના રૂપમાં સ્થાપિત છે. આ સ્કૂલમાંથી નીકળેલા બે, ચાર, દસ નહીં હજારો સ્નાતક, આઈ. એ. એસ., આઈ. પી. એસ., એન્જિનીયર્સ, ડૉક્ટર્સ અને સારી વહીવટીય સેવાઓમાં કાર્યરત છે. તે સર્વ કોઈને ભૂલી જાય છે, પરંતુ શ્રી જગદીશશરણને તેઓ બધા પોતાના પિતાની માફક યાદ કરે છે. જે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દિવસોમાં અમે મથુરાથી હરિદ્વાર આવવાની તૈયારીમાં હતા તે દિવસોમાં આ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન થયું. તેમાં તેમને જે કોઈ ઉપહારો મળ્યા તે બધાં તેમને વિદ્યાલયને દાનમાં આપી દીધા અને તે દાન પણ એટલું બધું હતું કે તેનાથી કૉલેજ ડીગ્રી કૉલેજથી પોસ્ટ ગ્રેજ્યુએટ કૉલેજ બની ગઈ. ક્યાંયથી બીજું કંઈ માગવાની જરૂરિયાત પડી નહીં.

બાળકો ? ઝાંસીમાં અન્ના સાહેબ શિંદે નામના એક વ્યક્તિ હતા. દેશમાંથી સમાપ્ત થઈ રહેલી કુસ્તીવિદ્યાને બચાવવા અને બાળકોમાં ખેલકૂદ અને વ્યાયામની પ્રવૃત્તિ વિકસાવવાના ઉદ્દેશથી અન્ના સાહેબે એક નાની સરખી વ્યાયામશાળા સ્થાપી દીધી. તેમણે પોતાના ઘર પરિવારનું કદી ધ્યાન રાખ્યું નહીં. લોકોએ પોતાના ઘરોમાંથી સીધું (લોટ, દાળ, ચોખા, મીઠું વગેરે) આપવાની શરૂઆત કરી. તેનાથી પરિવારનું ભરણ પોષણ થવા લાગ્યું. કપડાં ફાટી ગયાં તો મિત્રો અને પરિચિતો પાસેથી જૂના કપડાં માંગી લીધા. કોઈ વેળા કોઈએ સારા કપડાં આપવાની ઈચ્છા દર્શાવી તો અન્ના સાહેબ કહેતા, બાળકો મોટા થઈ જાય છે તો માતાઓ તેમના કપડાં નાના બાળકો માટે મૂકી રાખે છે. પછીથી કોઈ સંતાન થાય છે તો તે કપડાં તેના કામમાં આવી જાય છે. તમારું એવું કોઈ વસ્ત્ર હોય તો તે જ મને આપી દો. અન્ના સાહેબનો આ બ્રાહ્મણત્વનો જ પ્રતાપ છે, જેથી આજે ઝાંસીમાં વ્યાયામ યુનિવર્સિટી સ્થપાયેલી છે. આજે તેની પાસે કરોડોની સંપત્તિ છે અને તે કેન્દ્ર સર્વ પ્રકારના વ્યાયામ શિખવવાનું મથક ગણાય છે.

રાજસ્થાનની સંગરિયા વિદ્યાપીઠની સ્થાપના બિલકુલ અશિક્ષિત એવા શ્રી સ્વામી કેશવાનંદે કરી હતી. શેખાવાટી ક્ષેત્રની નિરક્ષરતાથી દુઃખી સ્વામીજીએ સાધુવેશ ધારણ કરીને ઘરેઘરથી એક મુઠ્ઠી અનાજ માગીને જે કંઈ મળ્યું તે બધું આ વિદ્યાલયમાં ખર્ચી નાખ્યું. આને પરિણામે આજે તે સૌથી આધુનિક શિક્ષણ વ્યવસ્થાનું કેન્દ્ર બન્યું છે, જેમાં ઘોડેસવારી, પાયલૉટનું પ્રશિક્ષણ જેવી વિદ્યાઓ શીખવતી આ વિદ્યાપીઠ માત્ર રાજસ્થાનમાં જ નહીં બલ્કે સમગ્ર દેશમાં દૂર દૂર સુધી પ્રખ્યાત છે. આ વિદ્યાપીઠની સાથે ઘેટાં ચરાવવા ગોવાળિયાથી સંત બનેલા સ્વામી કેશવાનંદનો યશ રહેલો છે. પં૦ જવાહરલાલ નહેરૂ આ અભણ સંન્યાસી એમ. પી. ને સૌથી વધુ સન્માન આપતાં હતાં.

બાળકો આ બધા લોકો કઈ જાતિના હતા તેની મને ખબર નથી. પરંતુ તેમની અંદર પ્રતિષ્ઠિત બ્રાહ્મણત્વ જ તે બ્રાહ્મણ છે જેને ક્યારેક આ ધરતી પર સ્વર્ગનું અવતરણ કર્યું હતું. તમે ઈચ્છો તો આ સ્વપ્નનો સાર આ રીતે સમજી શકો છો. મેં એક બ્રાહ્મણનું જીવન જીવીને બતાવ્યું છે. ગાયત્રી પરિવાર પાસે મારી આવા જ સવા લાખ બ્રાહ્મણો પેદા કરવાની આશા અને અપેક્ષા છે. તે બીજ સમગ્ર સંસારમાં ફેલાવવાનો મેં પ્રયાસ કર્યો છે. તેમને પેદા કરવાનું, શોધવાનું અને ઘડતર કરવાનું કાર્ય તમારી બધાની જવાબદારી છે. જો આવા સવા લાખ બ્રાહ્મણો પેદા કરી શકાય તો તમે જોજો યુગ બદલવામાં અને ધરતી પર સ્વર્ગનું અવતરણ થવામાં સહેજ પણ વિલંબ થશે નહીં. તમોને આ જ બતાવવા માટે વહેલી સવારમાં બોલાવ્યા છે. આ જ કરશો. બસ ૐ શાંતિ, શાંતિ, શાંતિ."

પરમપૂજ્ય ગુરુદેવે ત્યાર બાદ ન કોઈ લેખ લખ્યો કે ન તો પ્રવચન કર્યું. હવે તેમના આ આયનામાં ગાયત્રી પરિવાર અને વિશેષ રૂપથી તેમના પ્રખર બુદ્ધિશાળી લોકોને પોતાના ચહેરા જોવાની આવશ્યકતા છે. પોતાના ગુરુભક્ત હોવાની કસોટીનો ઠીક આ જ સમય છે.

**તમે હસશો તો દુનિયા તમને સાથ આપશે, પરંતુ જો રડવા લાગશો તો કોઈ સાથ નહિ આપે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# "અમે જીવનપર્યંત વાવ્યું અને લણ્યું"

ગાયત્રી મંત્ર અમારી સાથોસાથ બોલો.

**ૐ ભૂર્ભુવ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

ભાઈઓ, લગભગ સાઠ વર્ષ પહેલાં અમારા ગુરુદેવ જ્યારે અમારા ઘર પર આવ્યાં હતાં ત્યારે તેમણે અનેક વાતો બતાવી હતી. શરૂઆતમાં તો અમોને ડર જેવું લાગ્યું, પરંતુ પાછળથી માલુમ પડ્યું કે તેઓ છેલ્લા ત્રણ જન્મોથી અમારી સાથે રહ્યાં છે. ત્યારે ભય દૂર થઈ ગયો અને વાતચીત શરૂ થઈ ગઈ. તેમણે કહ્યું, તમારી પાત્રતાને વિકસિત કરવા માટે તમારે ચોવીસ લાખના ૨૪ વર્ષ સુધી ૨૪ પુરશ્વરણ કરવાં જોઈએ. મેં તેમની તે આજ્ઞા સ્વીકારી અને બધા નિયમો, વિધિ વગેરે સમજી લીધાં કે કેવી રીતે રોટી અને છાસ પર રહીને ૨૪ પુરશ્વચરણ પૂરા કરવાં પડશે. આ સંપૂર્ણ જાણકારી આપ્યા પછી તેમણે એક બીજી વાત કહી જે ઘણી મહત્ત્વપૂર્ણ છે. આજે તે વિશે હું તમોને વાત કરીશ.

તેમણે કહ્યું, ગાયત્રી મંત્રના જપ કેટલાયે કર્યાં છે, કેટલાય લોકો ઉપાસના કરે છે, પરંતુ રિદ્ધિ-સિદ્ધિઓ કોઈની પાસે આવતી નથી. જપ કરી લે છે અને લોકોને બતાવે છે કે અમે ગાયત્રીના જપ કરી લીધા છે, પરંતુ રિદ્ધિ સિદ્ધિ મળતી નથી. અમે તો તમને એ પ્રકારની ગાયત્રી બતાવવા ઇચ્છીએ છીએ જેમાં રિદ્ધિઓ અને સિદ્ધિઓ પણ મળે અને આ જપથી બ્રાહ્મણ કુળમાં પેદા થવાનો લાભ પણ મળે. અમે કહ્યું આ તો મોટા સૌભાગ્યની વાત છે. તમે આટલી સારી વાત બતાવશો એનાથી વધુ સારું અને સૌભાગ્ય અમારા માટે શું હોઈ શકે છે ? ત્યારે તેમણે ગાયત્રીના ૨૪ પુરશ્વરણોની વિધિ બતાવ્યા પછી એક બીજી નવી વાત બતાવી- "વાવો અને લણો". તેમણે કહ્યું તમારી પાસે જે કંઈ પણ ચીજ છે તેને ભગવાનના ખેતરમાં વાવવુ શરૂ કરો, તે સો ગણું થઈને પરત મળશે. રિદ્ધિ અને સિદ્ધિઓનો રસ્તો આ જ છે, તે ફોગટમાં ક્યાંય મળતી નથી. દુનિયામાં એવું કોઈ નથી જે રિદ્ધિઓ સિદ્ધિઓ વહેંચી રહ્યું હોય કે કંઈ ક્યાંકથી મળી રહ્યું હોય. આ પ્રકારનો કોઈ નિયમ નથી. વાવ્યા પછી જ ખેડૂત લણે છે. ઠીક આ રીતે તમારે પણ વાવવું અને લણવું પડશે, કેવી રીતે ? બધી વાત બતાવો. તેમણે કહ્યું, જુઓ શરીર તમારી પાસે છે. શરીરનો અર્થ છે શ્રમ અને સમય. એને ભગવાનના ખેતરમાં વાવો. કયા ભગવાન ? આ વિરાટ ભગવાન જે ચારેતરફ સમાજના રૂપમાં સમાયેલા છે. એના માટે તમે પોતાનો શ્રમ, સમય અને શરીરને ખર્ચી નાખો, તે બધું સો ગણું થઈને તમને મળી જશે. આ થઈ એક નંબરની વાત.

બે નંબરની વાત એ છે કે બુદ્ધિ તમારી પાસે છે. ભગવાને આપેલી સંપત્તિઓમાં અક્કલ તમારી પાસે છે. આ-તે વાતનું ચિંતન કરવાને બદલે, અહંકાર, વાસનાઓ અને બેકારની વાતોનું ચિંતન કરવાને બદલે સ્વનું ચિંતન કરવાનું જે સામર્થ્ય છે, તે સમગ્ર સામર્થ્યને ભગવાનને માટે ખર્ચી દો. તેમની ખેતીમાં વાવો, આ તમારી બુદ્ધિ સોગણી થઈને તમને મળી જશે.

ત્રીજી ચીજ છે ભાવનાઓ. મનુષ્યના ત્રણ શરીર છે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. એમાં સ્થૂળ શરીરથી શ્રમ થાય છે, સૂક્ષ્મ શરીરમાં બુદ્ધિ હોય છે અને કારણ શરીરમાં ભાવનાઓ હોય છે. ભાવનાઓ પણ તમારી પાસે છે, એમને તમારા ઘરના આદમીઓની સાથે ખર્ચી દેવાને બદલે ભગવાનનું જે સમગ્ર ખેતર છે, બગીચો છે તેમાં વાવો અને આ ભાવનાઓ તમને સોગણી થઈને મળશે. આ ત્રણ ચીજો શરીર, બુદ્ધિ અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભાવનાઓ ભગવાને આપી છે, કોઈ આદમીએ આપી નથી. એક બીજી ચીજ છે જે તમારી કમાણીની છે, ભલે ને આ જન્મમાં કમાયા હોય કે અગાઉના જન્મમાં, તે છે-ધન. ધન ભગવાન કોઈને આપતાં નથી. ભલે મનુષ્ય ઈમાનદારીથી કમાઈ લે કે બેઈમાનીથી કમાઈ લે કે ના કમાય, ભગવાનને એનાથી કોઈ લેવાદેવા નથી. તમને જે ધન મળ્યું છે, તે કદાચ તમારું કમાયેલું નથી. મેં કહ્યું, મારું કમાયેલું ક્યાંથી હોઈ શકે છે ? ૧૪-૧૫ વર્ષનું બાળક ક્યાંથી ધન કમાઈને લાવશે ? સારું, તે ધન પિતાજીનું આપેલું ધન છે. આ સંપૂર્ણ ધનને ભગવાનના ખેતરમાં વાવી દો અને એ સોગણું થઈને મળી જશે. બસ, મેં ગાંઠ વાળી લીધી અને ૬૦ વર્ષથી બાંધેલી ગાંઠ મારી પાસે એમ ને એમ ચાલી આવી રહી છે. ગાયત્રી ઉપાસનાને જ્યારે ૨૪ વર્ષથી વધુ થઈ ગયા, તે પછી પણ વાવો અને લણોની પરંપરા બરાબર ચાલતી રહી છે. તમો લોકો પણ જો વાવશો તો તમે પણ રિદ્ધિઓ અને સિદ્ધિઓ મારી જેમ જ મેળવશો. ભગવાન તો બધાને માટે સમાન છે. સૂરજના માટે બધા આદમી એક સમાન છે. જે નિયમો અમોને લાગુ થયા છે, તે જ તમોને પણ લાગુ થઈ શકે છે. તમે પણ રિદ્ધિ-સિદ્ધિઓથી તરબોળ થઈ શકો છો. આ ચારે ચીજ મારા ગુરુએ મને બતાવી હતી. ચારે ચીજોને જો તમે વાવવાનું શરૂ કરશો તો તે સોગણી થઈને તમને મળશે. મને તો મળી ગઈ છે અને હું મારી સાક્ષી પૂરીને તમારા પૈકી દરેક આદમીને બતાવવા ઈચ્છું છું કે જેઓ વાવશે તેઓ લણશે અને ખેડૂતની માફક ફાયદામાં રહેશે.

શું તમે એમ સમજો છો કે ભગવાન વહેંચતા ફરે છે ? તેઓ વહેંચે તો છે, પરંતુ તેના પહેલા તેઓ માગતા ફરે છે. ભગવાનની ઈચ્છા માગવાની છે. ભગવાન શબરીની ઝૂંપડી પર ગયા હતા અને તેને કહ્યું હતું કે, "અમે ભૂખ્યા છીએ, કંઈ હોય તો ખાવા માટે લાવો. શબરીની પાસે જે બોર હતા તે તેણે લાવીને આપ્યા અને કહ્યું કે અમારી પાસે આ જ ચીજ છે, તમે ખાઈ લો. ભગવાન કેવટની પાસે ગયા હતા અને કહ્યું હતું, ભાઈ સાહેબ અમને તરવાનું આવડતું નથી, મહેરબાની કરીને અમને, લક્ષ્મણ અને સીતાજીને પાર ઉતારી દો. કેવટે તેમને પાર ઉતાર્યા. ભગવાન માગતા ફરે છે. તેઓ સુગ્રીવની પાસે ગયા હતા અને કહ્યું હતું કે અમારી સીતાજીને કોઈ ચોરી ગયું છે, તેમનો પત્તો મેળવવા માટે તમે તમારી સેના અમોને આપી દો અને એવી કોઈ વ્યવસ્થા કરી દો જેનાથી અમારી ધર્મપત્ની મળી જાય તો મોટી મહેરબાની થશે. સુગ્રીવે તે જ કર્યું, પોતાનું સર્વસ્વ રામને આપી દીધું. હનુમાનજીનું પણ આ જ થયું. હનુમાનજી પાસે પણ તેઓ માગતા રહ્યા કે અમારો ભાઈ બીમાર થઈ ગયો છે, ઘાયલ થઈ ગયો છે, તેના માટે તમે દવા લઈ આવો. સીતાજીને સંદેશો પહોંચાડી આપો, લંકાથી તેમની ખબર લઈ આવો. રાજા અને બલિની વાર્તા તમે જાણો છો ? તેઓ બલિની પાસે ગયા હતા અને કહ્યું હતું કે જે કંઈ પણ તમારી પાસે છે તે અમને આપી દો બલિએ કહ્યું, અમારી પાસે શું છે ? ત્યારે તેમણે કહ્યું હતું કે તમારી પાસે જમીન છે, તેમાંથી સાડા ત્રણ ડગલાં જમીન અમને આપી દો. ભગવાને માપી લીધું અને જે કંઈ પણ સરસામાન હતો તે બધો છીનવી લીધો.

ભગવાનને ગોપીઓ સાથે ઘણો પ્રેમ હતો. તેમને કહ્યું, તમારું દહીં અને માખણ ક્યાં રાખ્યું છે. ગોપીઓ સમજતી હતી કે તેઓ ભગવાન છે તો સોનાચાંદીના ઘરેણાં લાવ્યાં હશે, કોઈ ભેટ લાવ્યા હશે, પરંતુ તેઓ તો કાંઈ ન લાવ્યાં. ઊલટું, તેમણે જે કંઈ પણ માખણ તથા દહીં જમા કરેલું હતું, તે પણ પડાવી લીધું. કર્ણ જ્યારે ઘાયલ પડેલા હતા ત્યારે અર્જુનને લઈને ભગવાન તેમના મેદાનમાં જઈ પહોંચ્યા અને કહ્યું, અરે કર્ણ, અમે સાંભળ્યું હતું કે તમારા દરવાજા પરથી કોઈ આદમી ખાલી હાથે જતો નથી. અમે તો કંઈ માગવા આવ્યા હતા પરંતુ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તમે કંઈ આપવાની સ્થિતિમાં હોય તેમ જણાતું નથી. કર્ણે કહ્યું, ના મહારાજ ! એમ ન કરશો, ખાલી હાથે ન જશો. મારા દાંતમાં સોનું લગાડેલું છે. જે ઉખાડીને હું તમને હમણાં જ આપી દઉં છું. તેમણે એક પથ્થરનો ટુકડો લીધો અને બંને દાંત તોડીને એક અર્જુનના હાથ પર અને એક કૃષ્ણના હાથ પર મૂક્યો. આવી જ વાત સુદામાની છે. કૃષ્ણ સુદામાના મિત્ર હતા અને તેથી તેમની પત્નીએ કૃષ્ણ પાસે એટલા માટે મોકલ્યા કે તેઓ કંઈ માગીને લાવે તો ગુજરાન થાય. સુદામાજી આ ખ્યાલથી ગયા હતા, પરંતુ ભગવાને તેમને પૂછ્યું, તમે કંઈ લાવ્યા છો કે માગવા આવ્યા છો. અમારા દરવાજા પર માગનારા તો ભિખારી આવે છે, પરંતુ તમે શું લાવ્યા છો તે પહેલા બતાવો. જોયું કે સુદામાજીની બગલમાં તાંદુલની પોટલી હતી. ભગવાને તે પોટલી માગી લીધી અને તે તાંદુલને પોતે ખાધા તથા પોતાના પરિવારને ખવડાવ્યા. જે કંઈ પણ સુદામાજીની પાસે હતું તે બધું ખાલી કરી દીધું. પછીથી જરૂરથી તેમને કંઈ આપ્યું હશે. ગોપીઓને પણ આપ્યું હશે, કર્ણને પણ આપ્યું હશે, બલિને પણ આપ્યું હશે. હનુમાન, કેવટ, સુગ્રીવ બધાને આપ્યું હશે, પરંતુ તેમણે સૌથી પહેલા માગી લીધું હતું.'

ભગવાન જ્યારે પણ આવે છે ત્યારે માગવા આવે છે. ભગવાનનો સાક્ષાત્કાર જ્યારે તમને થશે ત્યારે એમ માનીને ચાલશો કે તે આપની પાસે માગવા આવશે. સંત નામદેવ પાસે ભગવાન કૂતરાનું રૂપ લઈને ગયા હતા અને સૂકી રોટી લઈને ભાગ્યા હતા. ત્યારે નામદેવે કહ્યું હતું, ઘી પણ લઈ જાઓ. તેમણે આપવા માટે પોતાનું મન વિશાળ બનાવ્યું. મારા ગુરુએ મને આમ જ કહ્યું હતું. તે જ વખતે મેં વાત ગાંઠે વાળી લીધી અને જે કંઈ સંભવ હું તે જિંદગીના ૬૦ વર્ષ સુધી સતત આપતો આવ્યો છું. આપવામાં કોઈ નુકસાન નથી. જો કોઈ સારી જગ્યા પર વાવીએ તો લાભ જ થાય છે. પરંતુ ક્યાંય પથ્થર જેવી ખરાબ જગ્યા પર વાવીએ તો નુકસાન જ છે. તમે જોયું હશે કે વાદળો સમુદ્ર પાસેથી લે છે અને વરસાદ વરસાવે છે, પરંતુ શું તે ખાલી રહી જાય છે ? ના, સમુદ્ર તેમને ફરીથી આપે છે. શરીરનું ચક્ર પણ આ જ પ્રકારનું છે. હાથ કમાય છે અને મોંને આપી દે છે અને મોં પેટમાં પહોંચાડી દે છે અને તે લોહી બની જાય છે. શું એક હાથ ખાલી રહ્યો છે ? ના, હાથની પાસે ફરીથી માંસના રૂપમાં, લોહીનાં રૂપમાં, હાડકાંના રૂપમાં, સ્ફૂર્તિના રૂપમાં, તે તાકાત આવી જાય છે, જે તેણે કમાઈ હતી. દુનિયાનું આવું જ ચક્ર છે. આપણે કોઈને જે કંઈ આપીએ છીએ તે હરીફરીને આપણી પાસે પાછું આવી જાય છે. વૃક્ષ પોતાના ફળ, ફૂલ, પણ બધું વહેંચતું રહે છે અને ભગવાન તેને ફરીથી આપતાં રહે છે. ઘેટું પોતાનું ઊન વહેંચતું રહે છે. કાપ્યા પછી થોડા દિવસોમાં શરીર પર ફરીથી ઊન આવી જાય છે.

આપતાં રહેવું એ શાનદાર બાબત છે. અમારા ગુરુએ અમને આ જ વાત શીખવી છે. અમે આપતાં રહ્યાં તો અમને મળતું જ રહ્યું. આ વાત પર વિશ્વાસ રાખશો તો તમને પણ મળતું રહેશે. ખાલી હાથ રહેશો નહીં. અમે આ વાતનું બરાબર ધ્યાન રાખ્યું છે. અમે રાત્રે ભગવાનનું નામ લેતાં રહ્યા અને દિવસ દરમિયાન ફક્ત ભગવાનની સેવાઓ કરી છે. અમારી ઉંમર ૭૫ વર્ષની થવા આવી છે. આ ઉંમરે તો ઘણા આદમી મરી જાય છે અને જીવતાં રહે છે તો કોઈ કામના રહેતાં નથી. મોટાભાગે આદમી ૬૦ વર્ષ પછી ફાજલ થઈ જાય છે, પરંતુ અમારી કામ કરવાની તાકાત યથાવત્ બની રહી છે. અમારું શરીર લોખંડનું છે. લોખંડનું કેમ છે ? તે એટલા માટે છે કે અમે અમારા શરીરને ભગવાનના કામમાં જોડી દીધું છે. જો તમે પણ તમારું શરીર સમાજના માટે ખર્ચશો તો અમારા શરીરની માફક તમારું શરીર પણ ઠીક રહેશે. ગાંધી, જવાહર, વિનોબા ત્રણે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

૮૦ વર્ષની ઉંમરે મર્યા હતા. વિશ્વાસ રાખજો કે જો તમે પણ તમારા શરીરને ભગવાનના ખેતરમાં વાવવાનું શરૂ કરશો તો તે તમારા માટે ફાયદાકારક નીવડશે. આ તો શરીરની વાત થઈ.

હવે બે નંબરમાં અમે અમારી બુદ્ધિને ભગવાનના ખેતરમાં વાવી દીધી. બુદ્ધિ આપણા મગજમાં રહે છે. તમે ક્યાં સુધી ભણેલા છો ? અમારા ગામમાં પ્રાયમરી સ્કૂલ છે. તે જમાનામાં ચાર ધોરણ પ્રાયમરીમાં હતા, હવે તો પાંચમું ધોરણ પણ હોય છે. અમે ત્યાં સુધી જ ભણ્યા, તે પછી કદી આગળ ભણવાની તક ન મળી. જેલમાં લોખંડના પતરા ઉપર કાંકરાથી, અંગ્રેજી, સંસ્કૃત અને અન્ય ભાષાઓ પણ શીખવાની શરૂઆત કરી. અમારી બુદ્ધિ ઘણી તેજ છે. તમે જોયું તે કે અમે ચાર વેદોનું ભાષ્ય કર્યું. ૧૮ પુરાણ, ૬ દર્શન વગેરે બધાનું ભાષ્ય કર્યું. વ્યાસજીએ એક મહાભારત લખ્યું હતું અને ગણેશજીને મદદનીશ બનાવ્યા હતા. અમારા તો કોઈ મદદનીશ નથી. એકલા આ અમારા હાથ જ મદદનીશ છે અને એટલું સાહિત્ય લખ્યું છે જે સામાન્ય નહીં અસામાન્ય વાત છે. અમે પ્લાનિંગ કરીએ છીએ. કોઈ આદમી પોતાની ખેતીનું, ઘરનું પ્લાનિંગ કરે છે અને અમે સમગ્ર વિશ્વનું નવનિર્માણ કરવાનું પ્લાનિંગ કરીએ છીએ. ભારત સરકાર પંચવર્ષીય યોજનાઓ બનાવે છે, જેના માટે મોટો સ્ટાફ, કેટલાય મિનિસ્ટરો અને કર્મચારીઓ કામ કરે છે, પરંતુ અમે તો સમગ્ર દુનિયાનો નવો નકશો બનાવવા માટે આ જ અક્કલથી કામ કરીએ છીએ. અમારી અક્કલની અમે જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે.

અમે અક્કલ ઉપરાંત અમારી ભાવનાઓને પણ ભગવાનને આપી દીધી છે. જે કોઈ આદમી અમારી નજદીક આવ્યો હશે તો અમારા મનમાં તેના પ્રત્યે બે જ વાતો રહી કે અમે અમારા સુખને વહેંચી દઈએ અને તેના દુઃખમાં ભાગ પડાવીએ. આ માટે અમે જીવ દઈને કોશિશ કરી છે. જો અમારી પાસે કોઈ સુખ કે સામર્થ્ય હશે તો અમે વહેંચવા માટે બરાબર કોશિશ કરી છે, કારણકે અમારી ભાવનાઓ અમને મજબૂર કરે છે. તે કહે છે કે તમારી પાસે છે અને જેમને જરૂરિયાત છે તેમને આપશો નહીં ? તો અમે કહીએ છીએ કે જરૂરથી આપીશું જેઓ મુસીબતમાં છે અને કહે છે કે અમારી મુસીબતમાં શું હિસ્સો લેશો નહીં ? ત્યારે અમે કહીએ છીએ કે તમારી મુસીબતમાં અમે જરૂર હિસ્સો લઈશું. અમારી ભાવનાઓ આ પ્રકારની છે. જેને સંવેદના કહે છે, પ્રેમ કહે છે તે ભાવનાઓ અમે વાવી છે. પરિણામે સમગ્ર દુનિયા અમને ખૂબ જ પ્રેમ કરે છે. અમે પ્રેમ વહેંચ્યો છે, પ્રેમ વાવ્યો છે. એટલા માટે પ્રેમ મેળવ્યો છે.

ભગવાનની ચીજોને અમે થાપણના રૂપમાં રાખી અને તેમના ખેતરમાં વાવીને તેમની દુનિયા માટે ખર્ચી દીધી. અમારી પાસે પિતાજીની કમાણીનું જે ધન હતું તેને અમે તેમના માટે ખર્ચી દીધું. અમારી પાસે જે કંઈ જમીન હતી, ઘરેણાં હતાં, બધું જ વેચીને ગાયત્રી તપોભૂમિ બનાવવામાં, ભગવાનનું ઘર બનાવવામાં ખર્ચી દીધું. જે પૈસા પિતાજી મૂકી ગયા હતા, એક-એક પાઈનો ખર્ચ કરી દીધો. અમે કોઈનું આપેલું ધન ખાધું નથી. તો શું તમે નુકસાનમાં રહ્યા હશો ? તમે નુકસાનની વાત કરો છો, કદીક તમે અમારા ગામ જાઓ, ગાયત્રી તપોભૂમિ, મથુરા, અખંડ જ્યોતિ કાર્યાલય જુઓ, બ્રહ્મવર્ચસ જુઓ, કેટલાં શાનદાર છે. ૨૪૦૦ ગાયત્રી શક્તિપીઠોને જુઓ. એટલાં તો બિલ્ડિંગો છે અને જેઓ તેમાં રહે છે, તેમના પર જે રૂપિયા ખર્ચાય છે તે ક્યાંથી આવે છે ? ન જાણે ક્યાંથી આવે છે કે ધન અમારા માટે ઓછું પડતું નથી. ભગવાનની તરફ અમે ઇશારો કરીએ છીએ અને તેઓ અમારા માટે જે કોઈપણ વસ્તુઓની આવશ્યકતા હોય છે, તે બધી મોકલી આપે છે. આ શું થઈ ગયું ? આ સિદ્ધિઓ થઈ. સિદ્ધિઓમાં આ ચાર ચીજો મળે છે. (૧) ધન, (૨) લોકોનો પ્રેમ, (૩) બુદ્ધિ અને (૪) શારીરિક સ્વાસ્થ્ય અમારી સિદ્ધિઓ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગાયત્રીનો જપ કરવાથી કોઈની પાસે સિદ્ધિઓ આવી હોય કે ના આવી હોય એ માલૂમ નથી, પરંતુ અમને જરૂરથી મળી છે. આ ચારે ચીજોની કોઈ પણ પરીક્ષા લઈ શકે છે.

એક બીજી ચીજ છે - રિદ્ધિ. રિદ્ધિઓ દેખાતી નથી. રિદ્ધિઓ ત્રણ છે અને સિદ્ધિઓ ચાર. પહેલી રિદ્ધિ છે - આત્મસંતોષ. અમારી અંદર એટલો સંતોષ છે જેટલો કોઈ રાજાને ન હશે, ન બિરલાજીને અને ન કોઈ માલદારને. તેમને ઊંઘ આવતી નથી, પરંતુ અમને ઢોલનગારાં વાગતાં રહે તો પણ ઊંઘ આવે છે અને અમે એવા નિશ્ચિંત બનીને સૂઈ જઈએ છીએ કે દુનિયાની કોઈ સમસ્યા અમને નડતી નથી. આત્મસંતોષ સિવાય બીજી રિદ્ધિ છે લોકસન્માન અને જન સહયોગ. અમને લોકોનું સન્માન અને સહયોગ પણ મળ્યો છે. માળા પહેરાવી દેવાથી સન્માન થતું નથી, પરંતુ જનતા જેનો સહયોગ કરી રહી હોય તો માની લો કે તે આદમીનું સન્માન છે. માળા તો ખરીદી પણ શકાય છે, પરંતુ સન્માન તેમાં થાય છે જેમાં જન સહયોગ મળે છે. લોકોએ ગાંધીજીને સહયોગ આપ્યો હતો. વિનોબાનું સન્માન કર્યું હતું અને સહયોગ પણ આપ્યો હતો. તેમને લોકોને અબજો એકર જમીન દાનમાં આપી હતી. ગાંધીજીના એક ઈશારા પર લોકો જેલ જવા માટે અને ફાંસીના માંચડા પર ચઢવા માટે, ગોળીઓ ખાવા માટે ચાલી નીકળ્યા હતા. આ તેમનું સન્માન અને સહયોગ હતો. સહયોગને સન્માન કહે છે. અમારા ભગવાન અમોને ખૂબ જ સહયોગ કરે છે. જનતા અમને ખૂબ જ સહયોગ આપે છે.

ત્રીજી રિદ્ધિ છે દૈવી કૃપા. દૈવી કૃપા કોને કહેવાય છે ? તમે રામાયણમાં કેટલાય પ્રસંગો વાંચ્યા હશે કે જ્યારે દેવતા પ્રસન્ન થાય છે ત્યારે ફૂલ વરસાવે છે, બીજું કંઈ વરસાવતાં નથી. કેટલીય વખત અમુક પર ફૂલ વરસાવ્યા, તમુક પર ફૂલ વરસાવ્યા. આ શું છે ? ભગવાનની સહાયતા વણમાગ્યે મળે છે. માગ્યા વિનાની અક્કલ, માગ્યા વિનાનો ઈશારો, માગ્યા વિનાનો સહયોગ ફૂલોની માફક અમારી ઉપર વરસતાં રહ્યાં છે. જો આવું ન થયું હોત તો ન જાણે આજ સુધી અમારું શું થઈ ગયું હોત. તેઓએ વિવિધ સમયે જે રસ્તા બતાવ્યા છે, એવા શાનદાર રસ્તા બતાવ્યા છે તેમના પર અમે ચાલતાં ગયાં અને તેઓ અમારી ઉપર ફૂલ વરસાવતાં રહ્યાં. અમને અમારા પિતાની સંપત્તિનો અધિકાર મળ્યો છે. ભગવાને અમને પોતાનો બાળક માન્યો છે, પુત્ર માન્યો છે અને અધિકાર આપ્યો છે કે તેનો પ્રામાણિક કાર્યમાં ઉપયોગ કરી દઈએ. અમે તેને પિતાજીના જ કામમાં ખર્ચી દીધી, અમારા માટે કંઈ રાખ્યું નહીં. આ એટલા માટે કર્યું કે પિતાજીનો વંશ અને કુળ કલંકિત ન થાય. પિતાજીનો અર્થ છે ભગવાન-પરમેશ્વર. પરમેશ્વરના ભક્ત કહેવડાવવાને કારણે અમારા ઉપર કોઈ આંગળી ન ઉઠાવે કે આ કેવો આદમી છે. અમે તેમના વંશને સુરક્ષિત રાખ્યો છે.

ભગવાને તો અમને આપ્યું છે, પરંતુ અમે પણ કંઈ આપ્યું છે. પિતાનું મૃત્યુ થઈ જાય છે અને તેમનું કુટુંબ રહી જાય છે. ભાઈ, બહેન, બાળકો, સ્ત્રી બધાનું તે પાલન કરે છે અને તેઓ કુટુંબમાં મોટા થઈ જાય છે. અમારા પિતાજીના વરિષ્ઠોનું જ નહીં, બલ્કે તેમનું જે આટલું મોટું વિશાળ કુટુંબ ફેલાયેલું છે તે બધાનું પાલન કરવામાં, તેમની દેખરેખ રાખવામાં જે કંઈ પણ અમારા માટે સંભવ થયું, તે બધું અમે ઈમાનદારીથી કર્યું છે. અમે બરાબર ભગવાનના કુટુંબનું પાલન કર્યું છે. અમારા જ પેટનું નહીં, બલ્કે ભગવાનના કુટુંબનું પણ પાલન કર્યું છે. ભગવાનની દુકાન, ભગવાનનો વ્યવસાય, ઉદ્યોગ સારી રીતે ચાલતો રહે, કોઈ એમ ન કહે કે પિતા એમના માટે ખેતર મૂકી જઈને મર્યા હતા, ફેક્ટરી-કારખાનું છોડીને મર્યા હતા અને એમણે બધું જ બગાડી નાખ્યું. વ્યવસાય ભગવાનનો,


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દુકાન ભગવાનની, આ બધું તો તેમનું છે. દુનિયામાં જે કંઈ બની રહ્યું છે, તે બધો ઉદ્યોગ તેમનો છે, તેને ઠીક રીતે ચલાવવામાં અમે ઈમાનદારીથી પૂરેપૂરી કોશિશ કરી છે. પિતાજીની સંપત્તિ લઈને, તેમનો અધિકાર લઈને અમે ચુપચાપ બેસી ગયા નથી, બલ્કે અમારી ફરજ અને કર્તવ્યનું પાલન કર્યું છે. પિતાજીનો વ્યવસાય ચલાવવામાં, તેમના પરિવારનું પાલન કરવામાં, તેમના કુળ અને વંશની સુરક્ષા કરવામાં અમે બરાબર કામ કર્યું છે. તમે પણ આમ જ કરો અને ન્યાલ થઈ જાઓ. રસ્તો એક જ છે, જે કાયદો અમારા ઉપર લાગુ પડે છે, તે જ કાયદો તમારા ઉપર પણ લાગુ પડે છે. બધાને માટે એક જ કાયદો છે. ભગવાન આપણા ઉપર કોઈ મહેરબાની કરનાર નથી, ન તો તમારી સાથે કોઈ વેર કે વિરોધ છે. અમારા જીવન માટે ગુરુએ અમોને જે ઉપાયો બતાવ્યા હતા તે અમે સ્વીકારી લીધા. અમે અમારા ગુરુને ઘણાં જ ધન્યવાદ આપીએ છીએ અને તમો પણ તે જ રસ્તા પર ચાલો જે રસ્તા પર અમે ચાલ્યા છીએ. એમ કરવાથી તમે પણ ન્યાલ અને ધન્ય થઈ જશો. એથી વિશેષ તમોને શું કહીએ.

**ૐ શાંતિઃ**

**(૧૦ જૂન, ૧૯૮૫નું પ્રવચન)**

બે મહાન આત્માઓનું મિલન અદ્દભુત હોય છે. ગુરુદેવથી ઉંમરમાં ૨૫ વર્ષ મોટા મહાત્મા આનંદ સ્વામી શાંતિકુંજ પધાર્યા હતા. એક તો સંન્યાસી, બીજું ઉંમરમાં મોટા, ત્રીજું ગાઢ આત્મીય. શિષ્ટતાની પ્રતિમૂર્તિ ગુરુજી એમને માળા પહેરાવવા માટે આગળ વધ્યા, પરંતુ કોણ કોને પહેરાવે ? પ્રેમભરી રકઝક શરૂ થઈ ગઈ. ગુરુદેવ હસતાં-હસતાં બોલ્યા-આપ સંન્યાસી છો, ઉંમરમાં પણ મારાથી ૨૫ વર્ષ મોટા છો, તેથી હું માળા પહેરાવીશ.

ઠીંગણા કદના સુડોળ શરીરવાળા મહાત્માજીએ બધા જ તર્કોના જવાબમાં એક વાત કહી- આ મારી શ્રદ્ધાનો પ્રશ્ન છે. આપ ભલે બીજાંથી પોતાની જાતને છુપાવતા હોય, પરંતુ મારાથી નહિ છુપાવી શકો. પછી હસતાં-હસતાં બોલ્યા - મને મોટો ગણતા હોય તો મારો એક આદેશ માનો-માથુ નમાવો. કદમાં નાના હોવાના કારણે માળા પહેરાવવામાં એમને મુશ્કેલી પડતી હતી. છેવટે પૂજ્ય ગુરુદેવને એમના પ્રેમવશ ઝૂકવું પડયું. એમણે હસતાં-હસતાં ગુરુદેવના ગળામાં માળા પહેરાવી દીધી. "મુની રઘુવીર પરસ્પર નવહિં" ગોસ્વામીજીની આ ઉક્તિને જેણે ચરિતાર્થ થતી જોઈ, ધન્ય થઈ ગયો.

* * *

સાંજનો સમય હતો. તેઓ શાંતિકુંજમાં પોતાના રૂમમાં બેસી વ્યવસ્થા વગેરે કાર્યોના સંબંધમાં પરિજનો સાથે ચર્ચા કરી રહ્યા હતા. અચાનક વરસાદના કારણે લાઈટ બંધ થઈ ગયું. આકાશ વાદળછાયું હોવાથી રૂમમાં અંધારું થઈ ગયું. બેઠેલા પરિજનો ફાનસની વ્યવસ્થા કરવા માટે ઊઠવાની તૈયારીમાં જ હતા કે, ગુરુદેવ સહેજ ઊંચા અવાજમાં બોલ્યા, ઊભા ન થશો. તમને ખબર છે કઈ વસ્તુ ક્યાં મૂકી છે ? હું મારી દરેક વસ્તુઓ નિશ્ચિત જગ્યાએ મૂકું છું કહીને એમણે ફાનસ સળગાવ્યું અને તેના પ્રકાશમાં ચર્ચા આગળ શરૂ થઈ ગઈ.

આપણે પણ પૂજ્ય ગુરુદેવની માફક દરેક વસ્તુઓ નિશ્ચિત જગ્યાએ મૂકવાની આદત પાડવી જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અવતારોની પરંપરા તથા દસમ અવતારનું પ્રાકટ્ય

પરબ્રહ્મની અવતાર સત્તાનું કાર્યક્ષેત્ર અદૃશ્ય જગત છે. જેમનામાં દૈવી તત્ત્વો વધારે પ્રમાણમાં હોય છે, એમની પાસે તે યુગસંતુલન, લોકોને સુધારવાનું, અનીતિકારક તત્ત્વોને દૂર કરવાનું કામ કરાવે છે.

જ્યારે જ્યારે સમસ્યાઓ પેદા થઈ છે, ત્યારે અસંતુલનને ઠીક કરવા માટે સૂક્ષ્મ જગતમાંથી એક દિવ્યચેતના પ્રકટ થઈ છે. તેણે ડગમગતી નાવને સંભાળવાનું, વિકરાળ વમળોમાંથી તેને બહાર કાઢવાનું કામ કર્યું છે.

સૃષ્ટિની શરૂઆતમાં જ્યારે આ ધરતી પર પાણી જ હતું અને પ્રાણી જગતમાં જળચર જ મુખ્ય હતાં, ત્યારે ફેલાયેલી અવ્યવસ્થાને મત્સ્યાવતારે ઠીક કરી હતી. બ્રહ્માના કમંડળમાં પ્રકટ થયેલી નાની માછલીએ મહામત્સ્યનું રૂપ ધારણ કર્યું અને બ્રહ્માજીને સૃષ્ટિના વિસ્તારની પ્રેરણા આપી ગઈ. તદ્નુસાર જ બ્રહ્માજીએ સૃષ્ટિની રચના કરી તથા સૃષ્ટિને દેવમાનવોથી ભરી દીધી.

જ્યારે જળ અને થળ બંને પર નાનાં પ્રાણીઓની હલચલ વધી તો તદ્નુરૂપ ક્ષમતા ધરાવનાર કચ્છપે એ સમયનું સંતુલન બેસાડ્યું. સમુદ્ર મંથન-પ્રકૃતિ દોહનનો મહાપુરુષાર્થ એમના નેતૃત્વમાં શરૂ થયો. તેમાંથી નીકળેલી વિભૂતિઓ-પદાર્થોએ સૃષ્ટિના વિકાસમાં અભૂતપૂર્વ ભૂમિકા નિભાવી.

હિરણ્યાક્ષ રૂપી સંકીર્ણ સ્વાર્થપરાયણ દૈત્યએ જળ-સમુદ્રમાં છુપાવેલી સંપદાને શોધવાનું તથા આસુરી સત્તાનું દમન કરવાનું કાર્ય વારાહ રૂપ જ કરી શકતું હતું. એવું કરવામાં પણ આવ્યું તથા પ્રયોજન પૂરું થયું.

જ્યારે આસુરી તત્ત્વો વધારે આતંક ફેલાવે છે, ત્યારે ભલમનસાઈ બતાવવાથી કામ ચાલતું નથી. ત્યારે નરસિંહોની જરૂર પડે છે અને તેઓ જ એમને ઠીક કરે છે. જ્યારે પરિસ્થિતિ વણસી ગઈ ત્યારે ભગવાનને નર અને સિંહનો સમન્વય કરવો જરૂરી લાગ્યું અને એમણે દુષ્ટતાનું દમન, સજ્જનતાનું સંરક્ષણ કરી પોતાનું આશ્વાસન પૂરું કર્યું.

જ્યારે સંકીર્ણતા, સંચય અને ઉપભોગની પશુ પ્રવૃત્તિઓને ઉદારતામાં બદલવાની જરૂર ઊભી થઈ તો એ વૃત્તિને દૂર કરવા માટે વામન ભગવાનના નેતૃત્ત્વમાં પછાત લોકો આગળ આવ્યા અને બલિ જેવા સંપન્ન વ્યક્તિને વિશ્વહિત માટે, ઉદાર વિતરણ માટે સ્વેચ્છાથી સહમત કરવામાં આવ્યો. આજ વામન અવતાર હતો.

ત્યાર પછીના પરશુરામ, રામ, કૃષ્ણ તથા બુદ્ધ બધા જ અવતારોનું લક્ષ્ય એક જ હતું-વધતા અનાચાર, અસુરતાનો પ્રતિરોધ અને સદાચાર, સદાશયતાનું સમર્થન-પોષણ. પરશુરામે સામંતવાદી આધિપત્યને શસ્ત્રબળથી દૂર કર્યું. ક્ષત્રિયોનાં માથાં કાપવાનું તાત્પર્ય હતું-શક્તિના ઉન્માદી છત્રાધિપતિઓના અહંકારનો નાશ. આ રીતે પરશુ (કુહાડી)થી એ કામ પૂરું થયું, જે બીજી કોઈ માનવીસત્તા કરી શકતી નહોતી. રામે મર્યાદાઓની સ્થાપના પર ભાર મૂક્યો તથા અસુરોનો સંહાર કર્યો, જેથી કોઈ મર્યાદાની સીમા ઓળંગી ન શકે. કૃષ્ણ નીતિ પુરુષ હતા. એમણે મનુષ્યમાં ઘર કરી ગયેલી છળ-કપટ વૃત્તિના કારણે ઊભી થયેલી મુશ્કેલીઓ દૂર કરવા માટે **"વિષસ્ય વિષમૌષધમ્"**નો, **"શઠે શાઠ્યમ્"** ઉપાય અપનાવ્યો તથા કાંટાથી કાંટો કાઢવા માટે એમણે પણ છળ-કપટનો સહારો લીધો અને પોતાના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લક્ષ્ય સુધી પહોંચ્યાં. આ પોતાના યુગનો વિલક્ષણ અવતાર હતો.

જ્યારે ધર્મતંત્રમાં વિકૃતિઓ ઘૂસી ગઈ, મદ્ય, માંસના રૂપમાં અનાચાર ધર્મની આડ લઈ લોક વ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરવા લાગ્યો તથા ધર્માડંબરોએ જન સામાન્યને દુઃખી કરી નાખ્યા, ત્યારે મહાત્મા બુદ્ધે સાચા ધર્મની સ્થાપના, સજ્જનોના સંગઠન તથા વિવેકને સર્વોપરિ સ્થાન આપવા માટેનો પ્રયાસ કર્યો. ધર્મં શરણં ગચ્છામિ, સંઘં શરણં ગચ્છામિ, બુદ્ધં શરણં ગચ્છામિનો શંખનાદ જ બુદ્ધની લીલાઓ છે. એમના આવાહ્ન પર સુપ્રિયાથી માંડીને આમ્રપાલી, આનંદ, રાહુલ અશોક, અગણિત વ્યક્તિઓ આગળ આવ્યા. લાખો ધર્મ પ્રચારક પ્રવજ્યા પર નીકળ્યા. બૌદ્ધમઠ સ્થાપિત થયા અને વિચારક્રાંતિનો આલોક વિશ્વના ખૂણે ખૂણામાં પહોંચ્યો.

અત્યારની પરિસ્થિતિઓ એ સમયની પરિસ્થિતિઓ કરતાં તદ્દન જુદી છે. બદલાતી જતી પરિસ્થિતિઓમાં ભગવાનને પણ આધાર બદલવા પડે છે. વિશ્વ વિકાસની ક્રમ વ્યવસ્થાને અનુરૂપ જ અવતારનું સ્તર તથા કાર્યક્ષેત્ર પણ વિસ્તૃત થતું જાય છે. સાધન તથા કર્મ પ્રધાન વિશ્વમાં તો શાસ્ત્ર તથા સાધનોના સહારે કામ ચાલી ગયું. આજે તો ચારેયબાજુ બુદ્ધિતત્ત્વની પ્રધાનતા છે. ચારેયબાજુ સંપન્નતા, સમર્થતા અને કુશળતાનો દુરૂપયોગ થતો જોવા મળે છે. વિજ્ઞાનના વિકાસે દુનિયાને બહુ નાની તથા વિશ્વમાનવને એકબીજાની નજીક લાવી દીધા છે. ગતિશીલતા ખૂબ જ વધી છે. આવી દશામાં ભગવાનનો અવતાર યુગાંતરીય ચેતનાના રૂપમાં થઈ શકે છે. આ ચેતના જનજનના મનને બદલી શકે, અંતઃકરણમાં સદ્‌ભાવનાઓ જાગૃત કરી શકે, ત્યારે જ અનાચારનો મૂકાબલો કરી શકાશે.

બુદ્ધના બુદ્ધિવાદનો મૂળભૂત આધાર "વિચારક્રાંતિ"નો હતો. પૂર્વાર્ધમાં ધર્મચક્ર પ્રવર્તન થયું હતું. ધર્મધારણા સંપન્ન લાખો લોકોએ વિચારક્રાંતિનો આલોક ભારતમાં જ નહિ, વિશ્વના ખૂણે ખૂણામાં પહોંચાડયો. બુદ્ધનું કાર્ય પૂરું થયું નથી. ઉત્તરાર્ધ હજી બાકી છે. પ્રજ્ઞાવતાર બુદ્ધનું અધૂરું કાર્ય પૂરું કરી રહ્યો છે. બુદ્ધિપ્રધાન, તર્કપ્રધાન યુગમાં સમસ્યાઓ પણ વિચાર માગી લે તેવી હોય છે. વિચારણા, માન્યતાઓના પ્રવાહમાં જ આખો સમાજ ઢસડાય છે. આવી સ્થિતિમાં અવતાર પ્રક્રિયા લોકમાનસની અનિચ્છનીયતા, અનૈતિકતા તથા મૂઢ માન્યતાને દૂર કરનારી વિચારક્રાંતિના રૂપમાં જ આ યુગની સમસ્યાઓનું સમાધાન કરીને સતયુગ પાછો લાવી શકે છે.

પરમપૂજ્ય ગુરુદેવનું પ્રાકટ્ય જે કાળમાં થયું, તેમાં સૌથી મોટી જરૂરિયાત વિચારોમાં આવેલી વિકૃતિને દૂર કરી સદ્‌બુદ્ધિની સ્થાપના કરવાની હતી. આ કારણે જ આ યુગનું મહાભારત ચેતનાક્ષેત્રમાં લડાયું તથા ગાયત્રી મહામંત્રની પ્રેરણા દ્વારા સદ્‌ભાવ સંપન્ન આસ્થાઓના નિર્માણ તથા અભિવર્ધનનું પ્રયોજન પૂરું કરવામાં આવ્યું. વ્યક્તિનું ચિંતન, ચરિત્ર તથા સમાજનું વિધાન, પ્રચલન કેવું હોવું જોઈએ, તેનું સુનિશ્ચિત નિર્ધારણ આ મહામંત્રના વિરાટ વિસ્તાર દ્વારા થયું છે. દેવ સંસ્કૃતિને જન્મ આપનારી દેવમાતા, વેદમાતા હવે નજીકના ભવિષ્યમાં વિશ્વમાતાનું રૂપ ધારણ કરશે તથા સુસંસ્કૃત-સમુન્નત વિશ્વનું નિર્માણ થશે.

ગાયત્રી જ્યંતીના દિવસે પ્રજાપિતા બ્રહ્માના મુખેથી ગાયત્રી મંત્રની ઋચાઓનું ઉચ્ચારણ થયું હતું અને તે મંત્રો વેદોના રૂપમાં લિપિબદ્ધ થયા હતા. જે મનુષ્ય શરીરધારી અવતારી સત્તાએ જનજનને "ઋતુંભરા પ્રજ્ઞા"ના ચિંતનથી ઓતપ્રોત કરી દીધા, તેના મહાપ્રયાણ માટે આનાથી સારો દિવસ બીજો કયો હોઈ શકે ? તેઓ આ પાવન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દિવસે જ મા ગાયત્રીના ખોળામાં સમાઈ ગયા.

પૂજ્ય ગુરુદેવે ઋતુંભરા પ્રજ્ઞા અર્થાત્-વિવેક અને શ્રદ્ધાનો જનજનને પરિચય કરાવ્યો તથા એમને ક્ષુદ્રતાથી મહાનતાના સ્તર પર પહોંચાડયા. વિવેકમાં-તર્ક, તથ્ય અને દૂરદર્શિતાનો સમુચિત સમાવેશ થાય છે. શ્રદ્ધા-ઊંડી આસ્થાનું નામ છે. વિવેક જ્યાં બુદ્ધિનું ઉત્કૃષ્ટતમ સ્તર છે, ત્યાં શ્રદ્ધા અંતઃકરણની શ્રેષ્ઠતમ ઉપલબ્ધિ છે.

સૂક્ષ્મ જગતમાં વહેતી પ્રચંડ શક્તિધારાઓનો પ્રવાહ ઉપરથી શાંત તથા સામાન્ય લાગે છે, પરંતુ અંદરથી જ્વાળામુખી જેવો હોય છે. જ્યારે ફાટે છે ત્યારે ઊલટાને ઊલટાવીને, અનીચ્છનીયતાઓને દૂર કરીને બધું જ બદલી નાંખે છે. અવતારનું મુખ્ય કાર્ય દેવદૂતોમાં, દેવઅંશધારી મહામાનવોમાં ઉચ્ચ સ્તરનો ઉત્સાહ પેદા કરવાનું છે. તત્ત્વદર્શીઓ જ્યારે દેવદૂતો, મહામાનવોમાં આવો ઉત્સાહ જુએ છે ત્યારે કહે કે આ પ્રચંડ આવેશ અસંતુલનને સંતુલનમાં બદલી નાખશે. અત્યારે આજ થઈ રહ્યું છે.

પૂજ્ય ગુરુદેવે પોતાની સૂક્ષ્મસત્તાના માર્ગદર્શનમાં નિષ્કલંક પ્રજ્ઞાવતારની ભૂમિકા નિભાવી તથા એવો પ્રચંડ વિચાર પ્રવાહ પેદા કર્યો કે શ્રદ્ધા અને વિવેકનો સંગમ યુગાંતરીય ચેતના, યુગશક્તિના રૂપમાં એમના જીવનકાળમાં જ પ્રકટ થયો. આ અવતાર વિચાર પ્રવાહના રૂપમાં આવ્યો હતો, તેથી તેને સ્થૂળકાયા સુધી સીમિત ન માનતાં એવું સમજવામાં આવે કે સત્તા સૂક્ષ્મીકૃત થઈને આખા વિશ્વમાં વ્યાપી ગઈ છે તથા અવળા માર્ગે જનારાઓને સન્માર્ગ પર ચાલવા માટે વિવશ કરી રહી છે. બુદ્ધિશાળીઓને પણ વિવેક-શ્રદ્ધાના અવલંબનને સ્વીકારવા માટે ઢંઢોળી રહી છે. જાગૃત આત્માઓનું વધતું પરિકર તથા વિસ્તાર લઈ રહેલી ચિંતન ચેતના તેનું પ્રમાણ છે. આજ એ નિષ્કલંક પ્રજ્ઞાવતાર છે, જેને દસમાવતાર કહેવામાં આવ્યો છે.

ત્યારે તેઓ ટૂડલા જેલમાં રાજનૈતિક બંદીના રૂપમાં હતા. ઉંમર નાની હોવાના કારણે જેલરે એમને પ્રૌઢ વ્યક્તિઓ સાથે રાખવાની જગ્યાએ નાના છોકરાઓ સાથે રાખ્યા. તેમાંથી લગભગ બધા જ અપરાધ શ્રેણીના હતા. તેઓ પોતાના પ્રેમભર્યા વર્તાવથી એમની બુરાઈઓ છોડાવવા તથા સદ્ગુણો પ્રત્યે રુચિ જગાડવાની કોશિશ કરતા રહ્યા. છોકરા પણ એમના વ્યવહારથી પ્રભાવિત થઈ આજ્ઞાકારી બની ગયા હતા.

એક દિવસ એમનું શિક્ષણ ચાલી રહ્યું હતું. એટલામાં જેલર પોતાના સાથી સાથે આવ્યો અને આડમાં ઊભો ઊભો બધું સાંભળતો રહ્યો. બંને ચકિત થઈ ગયા. મિત્રએ આશ્ચર્ય સાથે જેલરને પૂછ્યું-"અરે, આ સુકરાત છે કે શું ? જેલમાં પણ છોકરાઓને ભણાવી રહ્યો છે." "નહિ પણ હોય તો આગળ ચાલીને બની જશે." જેલરનો જવાબ હતો. એ દિવસે તે એટલો પ્રભાવિત થયો કે એમને બાળકોના શિક્ષક બનાવી દીધા. આ હતો એમના લોક શિક્ષણનો પાયો, જેના પર આગળ ચાલીને લોક શિક્ષણનું વિશાળ તંત્ર ખડું થયું.

* * *

વિદ્યા એ છે, જે નમ્રતા શિખવે, ઉચિત અનુચિતનું વિશ્લેષણ કરે અને નીતિ માર્ગ પર ચાલવાનું સાહસ પ્રદાન કરે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કાર્યકર્તા અમારી સૌથી પ્રિય સૌથી મોટી શક્તિપીઠ

## શક્તિપીઠ ઉદ્દ્ઘાટન પ્રવાસે ગુજરાતને મોહી લીધું.

વિદ્યા અર્થાત્ વિનમ્રતાના પ્રતીક હતા પરમ પૂજ્ય ગુરુદેવ. વેદમૂર્તિ થઇને પણ તેમણે ન તો કદી પોતાના જ્ઞાનનો અહંકાર કર્યો અને ન તો કદી સન્માનની વર્ષા તેમના વ્યક્તિત્વને પ્રભાવીત કરી શકી. એના કારણે સંપૂર્ણ ગુજરાતમાં તેમની ઘેર-ઘેર પ્રાણ પ્રતિષ્ઠા છે પરસ્પર મુલાકાતમાં 'જય ગુરુદેવ' નું અભિવાદન તેમના પ્રત્યે આ અસીમ શ્રધ્ધાનું પરિણામ છે. જેને પરમ પૂ. ગુરુદેવે ગાયત્રી શક્તિપીઠોના પ્રથમ ઉદ્દ્ઘાટન પ્રવાસે ત્યાં પ્રત્યેક નર-નારીએ જોયું-અને અંતઃકરણમાં વસાવી દીધા.

વર્ષ ૧૯૮૦ એપ્રીલ મહિનો હતો. પરમ પૂ. ગુરુદેવને મથુરાથી હરિદ્વાર આવ્યે નવ વર્ષ પૂરા થઇ ચૂક્યા હતા. હજી સુધી તે ક્યાં ગયા ન હતા અને કયાંક જવાનો કોઈ કાર્યક્રમ ન હતો. ગુજરાતની શામળાજી શક્તિપીઠ અને ખેડા જિલ્લામાં ગામ છીપડીની શક્તિપીઠ બંનેના પરિજન શાંતિકુંજમાં ઉપસ્થિત હતા. એ બધાનો એક જ આગ્રહ હતો. મથુરા છોડી રણછોડજી મહારાજ ( ભગવાન શ્રીકૃષ્ણ ) પણ ગુજરાત આવ્યા હતા તો શું અમારા ગુરુદેવ શ્રીરામ ગુજરાત નહીં આવે. અમારી શ્રધ્ધામાં શક્તિ હશે તો અવશ્ય આવશે. તેમની આ પ્રાર્થના પરમ પૂ. ગુરુદેવે સ્વીકારી અને આ રીતે શક્તિપીઠોના ઉદ્દ્ઘાટનના શ્રી ગણેશ ગુજરાત પ્રાંતથી જ થયા. આ પ્રવાસમાં તેમની સરળતાએ આબાલ-વૃદ્ધ બધાનું મન મોહી લીધું.

જેવા પરમ પૂ. ગુરુદેવ અમદાવાદ પહોંચ્યા અપાર અને અનિયંત્રિત ભીડે તેમને ચારેબાજુથી ઘેરી લીધા. હર કોઈ તેમને જોવા ઈચ્છતા હતા. હર કોઈ તેમના ચરણ સ્પર્શ કરવા ઈચ્છતા હતા પણ આ કલ્પનાતીત ભીડમાં તેની સંભાવના તો દૂર તેમના દર્શન કરવા પણ મુશ્કેલ હતા. પોલિસ પ્રશાસન સમજી શકતા ન હતા ત્યાં તો એક વરિષ્ઠ પોલીસ અધિકારી શ્રી કે. પી. પાંડેયને પરમ પૂ. ગુરુદેવની સમીપ બોલાવ્યા અને કેરિયરવાળી ગાડી તરત લગાવવાનું કહ્યું. પોલિસ પ્રશાસને સમજ્યું પૂ. આચાર્યજી ભીડ વટાવી જલ્દીથી જલ્દી ભાગવા માંગતા હતા. પોલીસ પ્રશાસન એમાં પોતાનું પણ કલ્યાણ જોઈ રહ્યા હતા. તેથી તેમણે તત્કાળ એક એમ્બેસેડર કેરિયરવાળી કાર ત્યાં લગાવી અને તેનો દરવાજો ખોલી દીધો જેથી પૂ. ગુરુદેવ અંદર બેસી જાય.

આવું થઈ શક્તું પણ જન શ્રધ્ધાની ભાવનાને દુઃખ થાત. ભગવત ચરણ ગુરુદેવથી ભલા એવું કેવી રીતે થઈ શકે. પોતાના ખભા પર પડેલ શાલ તેમણે તત્કાળ કેરીયર પર પાથરી અને બાળકની જેમ ગાડીની છત પર ચઢી ગયા. અને ઉભા થઈ ઉપસ્થિત પ્રત્યેક વ્યક્તિને પ્યાર ભરી દૃષ્ટિથી જોયા અને બધાના હાથ જોડી અભિવાદન સ્વીકાર કર્યા. જે નજીક હતા તે પણ પ્રસન્ન હતા. આ સૌભાગ્ય તેમને કયાં મળવાનું હતું. જ્યાં સુધી દરેક વ્યક્તિ સંતુષ્ટ ન દેખાઈ પરમ પૂ. ગુરુદેવ ચારેબાજુ ફરી ફરીને બધાને નમસ્કાર કરતા રહ્યા.

હવે આપ નીચે આવી જાઓ આચાર્યજી. અધિકારીઓએ પ્રાર્થના કરી તો તે બોલ્યા સાથે ચાલનારાઓને અંદર બેસાડો અને ગાડી ધીરે-ધીરે આગળ વધારો. પહેલા મને તે હોસ્પીટલમાં લઈ જાય જ્યાં મારી છીપડી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શક્તિપીઠના કાર્યવાહક શ્રી બુધાભાઈનો બાળક દુર્ઘટનાગ્રસ્ત થઈ ઉપચાર માટે દાખલ થયેલ છે. એવું કહી પૂ. ગુરુદેવ ગાડીની છત પર જ બેસી ગયા. તેમને લઈને ગાડી ધીમે-ધીમે હોસ્પિટલ તરફ ચાલી. હજી સેંકડો લોકો સડકો પર ઉભા હતા સ્ટેશન પહોંચી ન હોતા શકયા બધાને પ્રણામ કરતા કરતા પૂ. ગુરુદેવ હોસ્પિટલ પહોંચી ગયા.

અહીંયાં એ જાણકારી આપવી આવશ્યક છે કે પૂર્વ નિર્ધારીત કાર્યક્રમ અનુસાર પરમ પૂ. ગુરુદેવનો કાર્યક્રમ નાનામાં નાનાં ગામ છીપડીમાં પહેલો કાર્યક્રમ નિર્ધારીત હતો. તેથી ત્યાં દિવસ-રાત કામ ચલાવી શક્તિપીઠનું નિર્માણ પૂરું કરાવી રહ્યા હતા. એક દિવસ અચાનક ટ્રેક્ટરથી ત્યાંના કાર્યવાહક શ્રી બુધાભાઈના છોકરાનો ગંભીર એકસીડેન્ટ થઈ ગયો. તેને ગંભીર અવસ્થામાં અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કર્યો. બાળકની બચવાની સંભાવનાઓ ઓછી હતી. તો પણ ત્યાંના પરિજનોની શ્રધ્ધા કેટલી અતૂટ હતી કે તેમણે ઉદ્‌ઘાટન કાર્યક્રમ એક નંબર પાછળ કરી લીધો. શામળાજીની તિથિ પહેલી કરાઈ પણ કાર્ય ત્યાંનું પણ રોકાયું નહીં. બીજું ઉદ્‌ઘાટન આ છીપડી શક્તિપીઠનું જ નિર્ધારીત હતું. અમદાવાદ પહોંચતા જ પરમ પૂ. ગુરુદેવના કહ્યું 'મારા કાર્યકર્તા મારી સૌથી પ્રિય અને સૌથી મોટી શક્તિપીઠ છે' પહેલા હોસ્પિટલ જઈશ પછી શામળાજી.

પૂ. ગુરુદેવ સર્વપ્રથમ બુધાભાઈ અને તેમના પરિવારને મળ્યા. બધા કરુણ હૃદયે હતા. બુધાભાઈ આંસુઓથી તરબોળ હતા. પૂ. ગુરુદેવે કહ્યું તમારા બાળકને અમારાથી અલગ નહીં થવા દઈએ બુધાભાઈ. એવું કહી તેમણે બાળકના પૂરા શરીર પર હાથ ફેરવ્યો, માથા પર હાથ રાખી દીર્ઘજીવનના આશીર્વાદ આપ્યા, અને જ્યારે બધાની ચિંતા દૂર થઈ ત્યારે પૂ. ગુરુદેવે ત્યાંથી ગાડીમાં બેસી શામળાજી માટે પ્રસ્થાન કર્યું.

શામળાજી શક્તિપીઠને જોઈને પરમ પૂ. ગુરુદેવ ભાવવિભોર થઈ ગયા. પહાડને પોતાની આવશ્યકતા અનુસાર કાપી ત્રણમાળની ભવ્ય શક્તિપીઠનું નિર્માણ કર્યું. જે ગાયત્રી પરિવારના પરિજનોના પુરુષાર્થનો જીવંત ઈતિહાસ છે. તેમાં ગુજરાતના બધા પરિજનોનું યોગદાન છે કેમ કે ન તો અહીંયા ગામ છે કે નગર, એક કિલોમીટર ગામ છે ત્યાં ત્યારે કોઈ ગાયત્રી પરિવાર પણ ન હતો. જંગલમાં કેવી રીતે પરિજનોએ કાર્ય કર્યું હશે. તેની કલ્પના માત્રથી તેમની આંખો ભરાઈ આવી. આ પ્રાણ પ્રતિષ્ઠાએ સારા ગુજરાતમાં એક નવીન જીવની શક્તિનો સંચાર કર્યો. તેના પરિણામે આજે ત્યાં નાની મોટી બસોથી અધિક પ્રજ્ઞા સંસ્થાન ગતિમાન છે.

શામળાજી પછી છીપડી ગામે ઉદ્‌ઘાટન સમારોહ સંપન્ન થયો. સુવિધા સંપન્ન કોઈ શહેરમાં જઈ કોઈ વ્યક્તિ જીવનની પ્રસન્નતા અનુભવ કરતા હશે. પરમ પૂ. ગુરુદેવે પ્રસન્ન ભાવના સાથે નાના ગ્રામીણ ક્ષેત્ર છીપડીમાં કાર્યક્રમ સંપન્ન કર્યો. આ દિવસોમાં આંવલખેડા ગામમાં પ્રધાનમંત્રી મહોદયનું આગમન પણ ત્યારે થયું. જ્યારે ત્યાં હેલીપેડ બનાવ્યું. અને વ્યાપક સુરક્ષા વ્યવસ્થા એકત્રીત કરી પરંતુ કરોડો લોકોમાં ભાવના જગત-સમ્રાટ પરમ પૂ. ગુરુદેવે છીપડીમાં રહી પ્રાણ પ્રતિષ્ઠા કરી તેને શબ્દોમાં નહીં ભાવનાઓથી જ અનુભવી શકાય છે. પોતાના પરિજનો પ્રત્યે તેમનાં આ અ[redacted]ચારનું જ પરીણામ છે. જેથી આજે ગુજરાતમાં ઘેર-ઘેર ગાયત્રી પરિવાર છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.